Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૬૯
તા.૨૪-૦૭-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૭ સૂર્યાસ્ત : ૦૭:૨૪

તાપમાન
ડીસા ૨૫.૬
અમદાવાદ ૨૭.૦
ગાંધીનગર ૨૭.૦
વડોદરા ૨૮.૦
સુરત ૨૯.૨
નલિયા ૨૯.૮

ચાંદી : ૩૭૮૦૦ સોનું : ૨૯૧૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજયમાં સાર્વત્રિક વરસાદ : જન જીવન ઠપ્પ

## વડોદરા, સુરત સહિત રાજયભરમાં વરસાદ જારી : હળવદ પંથકમાં દસ ઈંચ વરસાદે જળબંબાકાર સર્જયો : ચોટીલા-મોરબી, સુરેન્દ્રનગર સહિતના પંથકોમાં જળપ્રલયની દયનીય સ્થિતિ : ઠેર-ઠેર તબાહી





### બે નેશનલ, ૧૭ સ્ટેટ હાઇવે સહિત ૧૧૦ ધોરીમાર્ગો બંધ

ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં આભ ફાટયા બાદ સૌરાષ્ટ્ર અને કચ્છના માળીયા મીયાણાં સહિતના પંથકોમાં પૂરની પરિસ્થિતિ બાદ રોડ, રસ્તા અને રેલ્વે ટ્રેકોનું રીતસરનું ધોવાણ થઈ ગયું છે. જેના કારણે આજે સતત બીજા દિવસે પણ એસટી બસ સેવા અને રેલ સેવા બહુ ખરાબ રીતે પ્રભાવિત થઈ હતી. રાજયના બે નેશનલ હાઈવે અને ૧૭થી વધુ સ્ટેટ હાઈવે સહિત કુલ ૧૧૦થી વધુ ધોરીમાર્ગો બંધ હાલતમાં છે, જેના કારણે સંખ્યાબંધ એસટી બસોની ટ્રીપો રદ કરાઈ હતી તો, સૌરાષ્ટ્ર-કચ્છ રૂટના રેલ વ્યવહારને પણ ગંભીર અસર પહોંચી હતી.

### મુખ્યપ્રધાન દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારનું હવાઇ નિરીક્ષણ

ગુજરાતભરમાં વરસાદી કહેર અને ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં પૂરની પરિસ્થિતની ગંભીરતા ધ્યાને લઈ રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી આજે હેલિકોપ્ટર મારફતે પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નીરીક્ષણ કરી પૂરની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ ચોટીલા, સુરેન્દ્રનગર, માળિયા મીયાણાં સહિતના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નીરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીએ સંબંધિત જિલ્લા કલેકટરો અને અધિકારીઓને પૂરની સ્થિતિને લઈ જરૂરી સૂચના અને આદેશો આપ્યા હતા. મુખ્યપ્રધાને પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત-બચાવ કામગીરી અસરકારક બનાવવા અને લોકોને ફુડ પેકેટ સહિતની જરૂરી તમામ વ્યવસ્થા પૂરી પાડવા પણ કડક તાકીદ કરી હતી.

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયભરમાં આજે મેઘરાજાએ સાર્વત્રિક વરસાદ વરસાવ્યો હતો. આજે રાજયમાં સૌથી વધુ વરસાદ ગાંધીનગરના કલોલમાં નવ ઈંચ સુરેન્દ્રનગરના હવળદમાં દસ ઈંચ તો, બનાસકાંઠાના દિયોદરમાં આઠ ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. આજે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વલસાડ સહિત સૌરાષ્ટ્ર પંથક અને કચ્છના વિસ્તારોમાં આજે સારો એવો વરસાદ નોંધાયો હતો. બીજીબાજુ, ચોટીલા-મોરબી, સુરેન્દ્રનગર સહિતના પંથકોમાં જળબંબાકારની દયનીય સ્થિતિ સામે આવી છે. ઠેર-ઠેર તબાહી અને તારાજીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. રાજયના ૩૪ જિલ્લાઓમાં આજે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. તો ચોટીલા,મોરબી, માળિયા મીયાણાં સહિતના પંથકોમાં આજે ૫૦થી વધુ રેસ્કયુ ઓપરેશનો હાથ ધરાયા હતા. સેંકડો લોકોને બચાવાયા હતા તો, આજે પણ હજારો લોકોનું સ્થળાંતર કરાયું હતું. અમદાવાદ જિલ્લાના નવથી વધુ તાલુકામાં આજે ભારે વરસાદ નોંધાતાં ઠેર-ઠેર વરસાદી પાણી ફરી વળ્યા હતા. અમદાવાદના સાણંદ, બાવળા, ધંધુકા, દસ્કોઈ સહિતના તાલુકાઓમાં ચારથી પાંચ ઈંચ જેટલો ભારે વરસાદ વરસ્યો હતો. ગઈકાલે ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં તો જાણે આભ ફાટયું હતું. ચોટીલામાં ગઈકાલે ૧૬ ઈંચથી વધુ વરસાદ સાથે આભ ફાટવા સાથે સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં આજે મેઘરાજાનું રૌદ્રસ્વરૂપ જોવા મળ્યું હતુ, જેના કારણે ઠેર-ઠેર સર્વત્ર જળપ્રલય સર્જાયો હતો. સેંકડો લોકો ફસાયા હતા, જેઓને કલાકોની ભારે જહેમત બાદ બચાવી લેવાયા હતા, તો દસ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ, સહિતની બચાવ ટીમો સતત કાર્યરત રહી હતી તો, કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારોમાં તો, એરફોર્સની મદદ લઈ હેલિકોપ્ટની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવાયા હતા.

### દાંતીવાડામાં પાણીની મોટી આવક અને સિપુ ડેમ ઓવરફલો થવાની તૈયારીમાં

બનાસકાઠામાં તેમજ ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે દાંતીવાડા અને સિપુ ડેમમાં પાણીની વ્યાપક આવક થઈ રહી છે. ગત મોડી રાત્રે આ લખાય છે ત્યાં સુધી દાંતીવાડા ડેમની સપાટી ૫૭૩ ફુટે પહોંચી હતી. અને પાણીની આવક ૧.૨૬ લાખ કયુસેક તથા સિપુ ડેમની સપાટી ૫૮૫ ફુટે પહોંચી હતી અને આવક ૧.૩૦ લાખ કયુસેક નોંધાઈ હતી જેથી કદાચ રાત્રે ડેમના દરવાજા ખોલવામાં આવે તેવી શકયતા હતી જોકે આ અખબાર આપણી પાસે પહોંચે ત્યાં સુધીમાં સિપુ ડેમના દરવાજા ખુલી ગયા હશે.

## અનેક હાઈવે-રસ્તા બંધ થયા

### કચ્છ-સૌરાષ્ટ્રને જોડતા હાઇવેના રીતસરના કકડેકકડા

માળિયા પાસે કચ્છ-સૌરાષ્ટ્રને જોડતાં હાઈવેને પૂરના પાણીએ જોરદાર રીતે ધોઈ નાંખ્યો હતો. પૂરના ધસમસતા પ્રવાહે આ હાઈવે માર્ગને ઉખાડીને જાણે ફેંકી દીધો હતો અને હાઈવેના રીતસરના કકડેકકડા થઈ ગયા હતા. જાણે કોઈ ભૂકંપ આવ્યો હોય તે પ્રકારે હાઈવે તૂટીને બિસ્માર થઈ ગયો હતો અને જમીનમાંથી જ નીચેથી ઉખડી ગયો હતો. કચ્છ-સૌરાષ્ટ્રને જોડતો આ હાઈવે તૂટી જતાં આ હાઈવે પરનો બહુ મોટો વાહનવ્યવહાર ખોરવાયો હતો અને લોકોને ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. હાઈવે એટલો જોરદાર રીતે કકડેકકડા થઈ ગયો છે કે, છ મહિનામાં ય તૈયાર કરતાં પણ તેના ઠેકાણાં નહી પડે.

### ડાકોર-કપડવંજ રોડ બંધ કરાયો

ખેડા અને તેની આસપાસના પંથકોમાં પણ આજે ભારે વરસાદ નોંધાતા ડાકોર-કપડવંજ રોડ પર પાણી ફરી વળ્યા હતા, જેના કારણે ડાકોર-કપડવંજ રોડ બંધ કરવાની ફરજ પડી હતી. તો, ડાકોર-ઉમરેઠ રોડ પરનું ગરનાળું તૂટી જતાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. જેના કારણે આ રોડનો વાહનવ્યવહાર પણ ખોરવાઈ ગયો હતો. આજે ડાકોર અને તેની આસપાસના વિસ્તારોમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો.

### માળિયા મોરબી-કચ્છ હાઇવે પર ૫૦થી વધુ લોકોને બચાવાયા

માળિયા મોરબી-કચ્છ હાઈવે પર મચ્છુ ડેમના ઓવરફલો થવાના કારણે પૂરના પાણી ફરી વળતાં ૫૦થી વધુ લોકો ફસાયા હતા. જેઓને બચાવવા તંત્રએ તાત્કાલિક એનડીઆરએફની ટીમને મોકલી હતી. કલાકોની ભારે જહેમત બાદ પૂરના ધસમસતા પાણી વચ્ચેથી ૫૦થી વધુ લોકોને સહીસલામત રીતે બચાવી લેવાયા હતા. તો, મોરબીના માળિયા મીયાણાં ખાતે પણ પૂરના પાણી વચ્ચે ફસાયેલા પાંચથી વધુ લોકોને બચાવવા કોઈપણ રીતે પહોંચવું શકય ના હોવાથી છેવટે એરફોર્સની મદદ લેવી પડી હતી અને હેલિકોપ્ટરની મદદથી દિલધડક રેસ્કયુ ઓપરેશનમાં તમામને બચાવી લેવાયા હતા.

### સૌરાષ્ટ્ર-કચ્છ પંથકના સંખ્યાબંધ રેલ્વે ટ્રેક ધોવાયા

સૌરાષ્ટ્ર-કચ્છ પંથકમાં છેલ્લા બે દિવસના મેઘતાંડવ અને જળપ્રલયના કારણે આવેલા વિનાશક પૂરમાં આ પંથકોના સંખ્યાબંધ રેલ્વે ટ્રેકો રીતસરના ધોવાઈ ગયા હતા. પૂરના ધસમસતા પ્રવાહ અને પાણીએ રેલ્વે ટ્રેકના પાટા ઉખાડીને જાણે ફેંકી દીધા હતા. કેટલાક પંથકોમાં તો હજુ પણ રેલ્વે ટ્રેક પાણીમાં ગરકાવ છે. જેના કારણે આ પંથકો અને રેલ રૂટ પરની ટ્રેનોની સીધી અસર પહોંચી છે. કેટલીક ટ્રેનો રદ કરાઈ તો, સંખ્યાબંધ ટ્રેનો કલાકો મોડી પડી છે.

### રાજયના વિવિધ પંથકોમાં ૩૦થી વધુ તળાવો ફાટયા

રાજયમાં વરસાદી મેઘતાંડવને પગલે વિવિધ પંથકોમાં ૩૦થી વધુ તળાવો ફાટયા હતા અને પૂરના પાણી ખેતરો, રોડ-રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં ફરી વળ્યા હતા. બનાસકાંઠાના ડીસામાં દામા તળાવમાં આજે વરસાદી પાણીની ભરપૂર આવક થતાં તળાવ ફાટયું હતું. તો, સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા પંથકમાં ગુજરવદી, રામપુર, દેવચરાડી, સોલડી, સરવાળ, મૂળીના પાંડવરા, ચુડાના સમઢીયાળા, કોરડા, સરોડી, લીંબડીના ભથાણ, પરનાળા ગામના તળાવો ફાટયા છે. આ જ પ્રકારે ચોટીલામાં પણ દેવસર, મહીદડ, ધરમપુર, મોકાસર, ચીરોડા, ઝીંઝુડા, લાખચોકીયા, રેશમીયા, કુંઠડા અને દૂધેલીના તળાવો પણ ફાટયા છે.

### રાજયમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

રાજયના હવામાન વિભાગ દ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં ખાસ કરીને અમદાવાદ, ખેડા, મહેસાણા, પાટણ અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયના કેટલાક વિસ્તારોમાં અતિ ભારે વરસાદની શકયતા પણ વ્યકત કરાઈ છે. હવામાન ખાતાની આગામી ત્રણ દિવસ દરમ્યાન ભારે વરસાદની આગાહીને પગલે આજે રાજય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લા કલેકટરો અને સંબંધિત અધિકારીઓને એલર્ટ પર રહેવાની સૂચના આપી દેવામાં આવી છે. તો સાથે સાથે પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી કરાઈ હતી.

#### રાજસ્થાનમાં આવતી રેલના ભાગરૂપે

## વાવ પંથકના પાંચ ગામોમાં સાવચેતીના પગલાં

### તમામ પાંચે ગામોમાં તંત્ર દ્વારા ટીમો રવાના કરાઈ

તા.પ્રતિ. વાવ

છેલ્લા બે દિવસથી વાવ પંથકમાં મેઘરાજા ઝરમર-ઝરમર વરસી રહ્યાં છે. પરંતુ વાવ તાલુકો રાજસ્થાન સીમાથી સાવ નજીકનું અંતર ધરાવે છે. ત્યારે રાજસ્થાનમાં વહેતી નદીઓ માંથી રેલ આવતી હોવાની જિલ્લાના વહીવટી તંત્ર તરફથી વાવ મામલતદાર કચેરીના હેડ ક્વાટર્સને સૂચના મળતાં વાવ તાલુકાના પાંચ ગામોમાં આગમચેતી ના ભાગરૂપે તંત્રની એક - એક ટીમ રવાના કરવામાં આવી હતી. આ બાબતે વાવ મામલતદાર વી.જે.ચારણે મીડીયાને જણાવ્યું હતું કે જિલ્લાના વહીવટી તંત્રની મળેલી સુચનાના આધારે શનિ - રવિ બંને રજાના દિવસે તંત્ર એલર્ટ છે અને વાવ તાલુકાના લોદ્રાણી, નાળોદર પ્રતાપપુરા, ઢીમા, ભાખરી આ પાંચ ગામોમાં રાજસ્થાનમાંથી આવતી રેલના લીધે એલર્ટ કરવામાં આવ્યા છે. જો પાણીનો વધુ પડતો પ્રવાહ આવેતો તંત્ર દ્વારા દરેક લોકો માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. સાવચેતીના ભાગરૂપે દરેક ગામોમાં એક - એક તંત્રની ટીમ રવાના કરવામાં આવી છે. અને તકેદારીના ભાગરૂપે આગોતરૂ આયોજન કર્યુ. હોવાનું જવાબદાર તંત્રે મીડીયા સમક્ષ જણાવ્યું હતું.

## ધાનેરાના ત્રણ ગામો હાઈ એલર્ટ અને સાત ગામને એલર્ટ કરાયા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પંથકમાં ભારે વરસાદના કારણે ૨૦૧૫ જેવી સ્થિતિ ન સર્જાય તે માટે તંત્ર આગમચેતી પગલા ભરી રહ્યુ છે. ત્યારે અવિરત વરસાદના કારણે તંત્ર દ્વારા તાલુકાના સરાલ, સરાલવીડ અને થાવર ગામને હાઈ એલર્ટ અને રામપુરા મોટા, ગોલા, વાસણ, એટા પેગીયા, ભાટીબ

અનુસંધાન પાના નં.૬




રાજસ્થાનમાં આવેલ જેતપુર ડેમ ભરાઈ જવાની તૈયારીમાં છે જેથી રેલ નદીના પાણી ધાનેરા પંથકમાં ફરીવળવાની શકયતા જણાઈ છે.

## ધાનેરાનો સંપર્ક તુટ્યો : થરાદ અને ડીસા તરફના માર્ગો બંધ

### વાહનવ્યવહાર અટવાયો : ધાનેરા આવવા ખીંમત અને ધાખા થઈને અવર જવર કરવાની ફરજ




તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા પંથકમાં ભારે વરસાદના કારણે અનેક ખેતરોમાં પાણી ભરાવવાની સાથે રસ્તાઓ પણ તુટ્યા છે. જેમાં ધાનેરાથી થરાદ તરફ થોડાક દિવસ અગાઉ રોડ તુટ્યો હતો. જયાં હાઈ હેલર્ટ આપવામાં આવ્યું હતું. તે રોડ ફરીથી તુટતાં વાહન વ્યવહાર ઠપ્પ થઈ જવા પામ્યો હતો. આથી ધાનેરાથી થરાદ જવા માટે વાયા ધાખા થઈને જઈ શકાય છે. બીજી તરફ ધાનેરા ડીસા હાઈવે ઉપર ટેટોડા ગૌ શાળા નજીક આવેલ કોઝવેમાં ગઈકાલે ભંગાણ પડતાં ડીસા - ધાનેરા માર્ગ બંધ થયો હોવાનું પોલીસ કર્મી ભેમજીભાઈએ જણાવ્યું હતું. જેથી ડીસાથી ધાનેરા માટે વાયા ખીંમતના થઈનેઆવવુ પડે છે.

## બનાસકાંઠામાં ભારે વરસાદને પગલે આજે શાળા કોલેજોમાં રજા અપાઈ

ડીસા

બનાસકાંઠામાં ભારે વરસાદના પગલે આગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટરે તમામ શાળા કોલેજોને આજે બંધ રાખવા આદેશ કર્યો છે. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા ભારે વરસાદના પગલે જિલ્લા કલેક્ટર દ્વારા આજે સોમવારે તમામ શાળાઓ, આંગણવાડી કેન્દ્રો અને કોલેજોમાં રજા અપાઈ છે. બાળકોને શાળા -કોલેજોમાં ન મોકલવા સ્પષ્ટ સુચના અપાઈ છે. જોકે શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, આશા વર્કર બહેનોને પોતાની ફરજ ઉપર હાજર રહેવા સુચના અપાઈ છે.




ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના પગલે દાંતીવાડા ડેમમાં પાણીની વ્યાપક આવક થઈ રહી છે. જેમાં ગઈ કાલ સાંજે સાત વાગે ડેમની સાપાટી ૫૬૯.૬૦ ફુટ અને પાણીની આવક ૩૭,૯૦૩ નોંધાઈ હતી. બપોરે પાણીની આવક ૬૭ હજાર ક્યુસેક સુભી પહોંચી ગઈ હતી. ડેમની ભયજનક સપાટી ૬૦૪ ફુટ હોય હજુ ૩૫ ફુટ ખાલી છે. (ફોટો : ઈશ્વર દેસાઈ, ભરત સુંદેશા)

## સૂર્યોદય - ૬.૦૭ સૂર્યાસ્ત - ૭.૨૪

## તિથિદર્શન
શ્રાવણ સુદ-૧ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : એકમ સોમવાર નક્ષત્ર : પુષ્ય સવારે ૭.૪૩ પછી આશ્લેષા યોગ: સિદ્ધિ કરણ: બાલવ આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### લોભા વિષ્ટો નરોં વિતં વીક્ષતે ન સચાપદમ્ દુગ્ધં પશ્યતિ માર્જારો યથા ન લઘુડાઈતિમ્

બિલાડીને દૂધ તો તરત દેખાઈ જાય છે પણ તેની સાથે જ લાકડીનો પ્રહાર પણ થશે એ ભયને જોતી નથી, તેમ જ લોભી- લાલચી માણસને ધન તો દેખાય છે પણ તેના પછી આપત્તિઓને એ જોઈ શકતો નથી.

આજના યુગમાં સરકારી બિલાડીઓ દૂધની તપેલી તો 'સુગંધ' પરથી શોધી જ લે છે અને ટેવ પ્રમાણે 'આંખ બંધ કરીને' ચપ- ચપ ચાટવા લાગે છે, જાતે બંધ કરી હોય એટલે ઈમ એમ જ સમજે છે મને કોઈ જોતું નથી! પણ વિરોધીઓ, વિરોધપક્ષો, ઈર્ષાળુ અધિકારીઓ, બધાની નજર એ 'દૂધ' પર જ હોય છે, તેથી તેની વિરુદ્ધ 'છટકાં' અરજી - ફરિયાદોનો લઠ્ઠ -દંડો ઝીંકે જ છે.

લોભી- લાલચી કલમાડી- રાજા- જાડેજા બાપુઓ આમ ઠગાઈ રૂપી દૂધ પી- પી તગડા તો થાય છે પણ કુદરત- ન્યાય - કોર્ટ- કાયદાનો 'દંડ' લાઠીનો ફટકો પડે ત્યારે તમ્મર આવી જાય અને ભાન આવે ત્યારે સીધા 'તિહારની કાળ- કોટડીમાં જ આંખે ખૂલે છે અને પછી 'ગાંધી વિચાર' પરીક્ષામાં પહેલો નંબર આવે છે.

આમ, ખાયકી- કૌભાંડો- કટકીઓમાં જે લોકો 'આંખ મીંચી' ખાવા લાગ્યા છે, એમને કુદરતી ન્યાય કે ઈશ્વરના દંડની પણ બીક નથી, પોતાના કાળાં કામ અને દુષ્કૃત્યોને એ જોતા જ નથી.

## અહંકાર એ પતનની પાયલોટ કાર છે : રાજરક્ષિતવિજયજી મ.

ડીસા

આંબાનું વૃક્ષ પથ્થર મારનારને મીઠી કેરી આપી શકતુ હોય, જડ પૃથ્વીમાં ખાડો ખોદનારને મીઠું પાણી મળી શકતુ હોય તો આપણું ખોદનાર તે વ્યક્તિને પ્રેમ ન આપી શકીએ?? સારો વ્યવહાર અને સારો સ્વભાવ અ સૌથી ચઢિયાતો સદ્‌ગુણ છે. શ્રી મહાવીરનગરસૌ.વાસુપૂજ્ય જિનાલયે આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ ધર્મસભાને સંબોધતા જણાવ્યું કે અહંકાર એ પતનની પાયલોટ કાર છે રૂપનો અહંકાર વિરુપ બનાવે છે, ધનનો અહંકર નિર્ધન બનાવે છે. રાજારાવણ અને દુર્યોધનનો પણ અહંકાર ટકી શક્યો નથી, તો મારો- તમારો અહંકાર શી રીતે ટકશે?? કઈ લાખો ચાલ્યા ગયા, નજર પણ પડતી નથી. કંઈ લાખો ચાલ્યા જશે, નજર પણ રડતી નથી, ઓ માનવી!! તું તારા- વૈભવનું અભિમાન ન કર, અહીં સમ્રાટ સિકંદરની કબર પણ જડતી નથી.

જૈનમુનિએ કહ્યું કે, ઉંદરની પાછળ બિલાડો પડ્યો હોય તો ઉંદર આરામ કરવા ઉભો રહે ખરો? કરોડોની કરન્સી લઈને જતાં વેપારી પાછળ ગુંડો પડ્યો હોય તો તે વેપારી નાસ્તો કરવા જાય ખરો?? શાસ્ત્રો કહે છે કે, તમામ સંસારી જીવો પાછળ એક નહિ પરંતુ ત્રણ ગુંડા પડ્યા છે.(૧) રોગ, (૨) ઘડપણ, (૩) મોત. છતાંય પ્રમાદી જીવો તે ગુંડાની ઉપેક્ષા કરીને મોજનું જીવન જીવવા જાય છે અન્તે દુઃખ, મહાદુઃખનો ભોગ બને છે. શરીર રોગોથી ઘેરાઈ જાય તે પહેલાં તપ- ત્યાગ કરીને શરીરનો કસ કાઢી લેવો જોઈએ. શરીર ડીફોલ્ડર પાર્ટી છે. તેમાં કરેલું રોકાણ નુકશાન કરાવે છે. હેરડાઈ- આઈબ્રો- મેકઅપના ઠઠારા કરવા કરતાં આ શરીરથી ભલાઈનું કામ કરી લેવા જેવું છે. પરસેવા માટે પાડેલો પરસેવો ગંગાજલ કરતાં પણ કિંમતી છે. ધૂપસળી સળગીને પણ સુગંધ આપે, ચંદન ઘસાઈને પણ ઠંડક આપે, ગુલાબ કચડાઈને પણ સુગંધ આપે આપણે તો માણસ છીએ સ્વાર્થી એકલપેટા કેમ બનાય??

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ભારતની ક્રાન્તિના પિતા સમાન લોકમાન્ય બાળગંગાધર ટિળકની જન્મ જયંતી છે. 'સ્વરાજ્ય એ મારો જન્મસિધ્ધ હકક છે' એ ઐતિહાસિક વિધાન દ્વારા એમણે રાષ્ટ્રવ્યાપી ભાવનામંત્ર આપ્યો.

આવા આ રાષ્ટ્રનાયકનો જન્મ મહારાષ્ટ્રના ચીખલી ગામે તા. ૨૩-૭-૧૮૫૬ ના રોજ થયો હતો. આ રાષ્ટ્રઘડવૈયાનું તા. ૧-૮-૧૯૨૦ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથયશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

**મિથુન**

આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિધ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે, ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૂં છતાં પણ બેચેની રહે.

**કન્યા**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું હિતાવહ.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૂં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિધ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.

**ધન**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. આરોગ્ય એકંદરે સારૂં રહે.

**મકર**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

**કુંભ**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂં રહે.

**મીન**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

**- કનકચંદ્ર સી. વ્યાસ**

રાજસ્થાનમાં આવેલા સુપ્રસિધ્ધ જીરાવલા તીર્થની તાજેતરમાં પ્રતિષ્ઠા કરાઈ હતી જયા છેલ્લા બે દિવસથી પડેલા વરસાદથી ભારે નુકશાન થવા પામ્યું છે.



## વૃક્ષારોપણ માટે પ્રેરણારૂપ કામગીરી કરતી સોલંકીવાસ (જેનાલ) પ્રાથમિક શાળા




પ્રતિનિધિ                                                  જેનાલ

ડીસા તાલુકાની વરનોડા સી.આર.સી.ની સોલંકીવાસ (જેનાલ) પ્રા.શાળા વૃક્ષારોપણ માટે પ્રેરણારૂપ કામગીરી કરતી શાળા બની છે. આ શાળામાં વર્ષ ૨૦૧૧ થી શાળાના આચાર્ય અશ્વિનસિંહ સોલંકીની સાથે શિક્ષકગણ, બાળકો, વાલીગણ સાથે મળીને દર વર્ષે વૃક્ષારોપણ કરે છે. વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન શાળાને શાળા નર્સરીનો લાભ મળ્યો હતો. બે વર્ષ દરમિયાન આશરે પંદર હજાર જેટલા રોપા તૈયાર કરવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ માટે શાળા પ્રેરણારૂપ કામગીરી કરતી હોવાથી આ શાળાને અને શાળાના આચાર્યને 'પર્યાવરણ મોડેલ શાળા' અને 'બેસ્ટ ઈકો ફ્રેન્ડલી સ્કૂલ' નું સન્માન મળેલ છે. સોલંકીવાસ (જેનાલ) પ્રા.શાળાના વૃક્ષારોપણ, બાગ, બગીચાથી પ્રેરાઈને ઘણી બધી શાળાઓએ પોતાની શાળામાં સુંદર બાગ, બગીચાનું નિર્માણ કરેલ છે. 'બેસ્ટ ઈકો ટીચર' નું સન્માન મેળવેલ શાળાના આચાર્ય અશ્વિનસિંહ એલ. સોલંકી અન્ય શાળાઓએ વૃક્ષારોપણ, બાગ- બગીચા માટે પ્રેરણારૂપ માર્ગદર્શન આપે છે. વૃક્ષારોપણ બાગ, બગીચાના નિર્માણમાં અશ્વિનસિંહ સોલંકીએ ઈનોવેશન પણ કરેલ છે. ઈકો ક્લબમાં ૧૦૦ થી વધુ પ્રવૃત્તિ કરેલ છે. બાગ બગીચાઓથી શોભતી સોલંકીવાસ (જેનાલ) પ્રા.શાળા આકર્ષણનું કેન્દ્ર બની છે.

## ધાનેરાના દેઢા અને સબાવડી ગામ બસ સેવાથી વંચિત

પ્રતિ.                                                  રવિયા

સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસના દાવા કરે છે. પરંતુ ધાનેરા તાલુકાના દેઢા અને સબાવડી ગામની પ્રજા આઝાદીને દાયકાઓ વિતવા છતાં બસ સુવિધાથી વંચિત રહી ગઈ છે. જેના કારણે ખાસ કરીને વિદ્યાર્થીઓને ભારે હાડમારીઓ વેઠવી પડે છે. દેશની આઝાદીને દાયકાઓ વિતી ગયા છે. પરંતુ અનેક ગામડાઓની પ્રજા આજે પણ પ્રા. સવલતો માટે ટળવળે છે. દેઢા અને સબાવડી ગામની પ્રજા બસ સુવિધાથી વંચિત રહી ગઈ છે. અગાઉ થોડા સમય માટે બસ મુકાઈ હતી પરંતુ પ્રજાને દર્શન બાદ બસ બંધ કરી દેવાઈ હતી. ત્યારબાદ આજ સુધી પ્રજાને બસના દર્શન થયા નથી જેના કારણે ખાસ કરીને ઉચ્ચ અભ્યાસ અર્થે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને ભારે હાડમારીઓ ભોગવવાનો વારો આવે છે. બસના અભાવે ના છૂટકે તેમને જીવના જોખમે ખાનગી વાહનોમાં ઘેટા - બકરાંની જેમ ૨૫ કી.મી લાંબી મુસાફરી કરીને ભણવા જવું પડે છે. જેથી સમય પણ બગડે છે. તેમાં પણ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ભણવું મુશ્કેલ બની ગયું છે. આ બાબતે અવાર નવાર તંત્રનું ધ્યાન દોરવા છતાં કોઈ પગલા ભરાતા નથી તેથી ગ્રામલોકો ભારોભાર અન્યાયની લાગણી અનુભવે છે.

**શ્રાવણ સત્સંગ**

## ઉત્તમ પૂજા



એક જંગલમાં એક અતિપ્રાચીન શિવમંદિર હતું. ત્યાંતે વિસ્તારનો જે રાજા હતો તેદરરોજ શિવલિંગની પૂજા કરવાઆવતો. તે ભક્તિભાવયુક્ત થઈનેવિવિધ પ્રકારના સુગંધિત પુષ્પોઅને પૂજાની સામગ્રી પોતાનાદિવ્ય રથમાં લાવી નિયમિતનિર્મળ જળ અને સુગંધિતપુષ્પો વડે શિવપૂજન કરતો.આ વિસ્તારમાં ભીલજાતિનો કઠીયારો પણ રહેતોહતો. તેને પણ આ શિવ મંદિરઅને તેમાં બિરાજતા શિવલિંગપર અપાર શ્રધ્ધા હતી. તેનીપાસે કોઈ વાસણ ન હતું તેથીપાસેની નદીમાંથી ખોબા ભરીજળ લાવી અને શિવલિંગ પરચડાવતો. તે ઉપરાંત જંગલમાંઆસપાસ ઉગેલા છોડ પરથીફૂલ વગેરે લાવી શિવલિંગપર ચડાવતો. રાજા અનેભીલ જાતિનો કઠીયારો બન્નેય પોતાની શ્રધ્ધા અને ભક્તિપ્રમાણે શિવજીની પૂજા કરતાહતા.આ બન્નેયની નિયમિતરીતે પૂજા થતી જોઈ એકવારપ્રાતઃકાળે માતા પાર્વતિજીએશિવજીને ઉદ્દેશીને એક પ્રશ્નકર્યો," હે નાથ ! છેલ્લા કેટલાકસમયથી એક રાજા અનેએક ભીલ જાતિનો કઠીયારો નિયમિત રીતે શ્રધ્ધા-ભક્તિસાથે તમારી ઉત્તમ પ્રકારે પૂજાકરે છે. હવે મને પ્રશ્ને એ થાયછે કે, આ બન્નેયમાંથી ઉત્તમ પૂજા ખરેખર કોની ગણાય ?"શિવજીએ પાર્વતિજીનીમૂંઝવણ દૂર કરતાં તેમના પ્રશ્નનોઉત્તર આપતાં જણાવ્યું,"હે દેવી !તમારા આ પ્રશ્નનો જવાબ તમનેઆવતી કાલે અવશ્ય મળી જશે." બીજા દિવસે સવારે હંમેશનીજેમ જ ભીલ જાતિનો કઠીયારો શિવજીની પૂજા કરવા માટેનીકળ્યો. આ સમયે વરસાદપડવાનો શરૂ થઈ ગયો હતો.આકાશમાં વિજળી ચમકારા મારીરહી હતી. વાદળ ગરજવાનોભયંકર અવાજ પણ આવી રહ્યોહતો. આવા ભયંકર વાતાવરણ વચ્ચે પણ શિવપૂજન કરવાનીકળ્યો ભીલ જાતિનો કઠીયારો.પોતાના રોજના નિયમ મુજબશિવજીને જળાભિષેક કરવાલાગ્યો. તે શિવ મંદિરમાં હતો ત્યાં જ વિજળી શિવ મંદિર પરત્રાટકી. મંદિરની છત તૂટીગઈ. શિવ મંદિરમાં રહેલાભીલ જાતિના કઠીયારાએવિચાર કર્યો, મંદિરનો કાટમાળ શિવલિંગ પર પડે તો તેમનેઈજા થાય તેથી તેણે પોતાનાશરીર વડે શિવલિંગને ઢાંકીદીધું. તેણે પોતાની પીઠ ઉપર,ઉપરથી પડતો કાટમાળ ઝીલીલીધો.બીજી બાજુ બરાબર આ જસમયે રાજા સુગંધિત ફૂલો અનેશુદ્ધ જળ લઈને શિવ મંદિરપાસે આવ્યો પરંતુ મંદિર તૂટીપડેલું છે તે જોઈ એ ત્યાંથી જપાછો વળી ગયો. તે પોતાનારાજમહેલ પરત ગયો. જ્યારેભીલ જાતિના કઠીયારાએજ્યારે વાતાવરણ શાંત થયુંત્યારે મંદિરમાંથી સફાઈ કરીફરી ખોબે-ખોબે શિવલિંગપર જળાભિષેક કરી ખુશબુદારફૂલો શિવલિંગ પર ચડાવ્યા.પોતાને થયેલ ઈજાની પણ તેણેપરવા ન કરી.ત્યારે હસતાંહસતાંશિવજીએ પાર્વતિજીનેસંબોધીને કહ્યું,"દેવી, ગઈકાલે તમે જે પ્રશ્ન મનેપૂછેલો તેનો જવાબ તમને મળી ગયો ?"

**-કનકચંદ્ર સી. વ્યાસ**

# ગેરહાજરી

'પ્રીતિ! તારા પપ્પાના ઘરે જરા ફોન કરને!'

'કેમ?' પપ્પાનું કઈ કામ છે? પ્રીતિએ પ્રભાતને સહજતાથી પૂછ્યું.

'હાં...! મારે કાલે વીસ હજાર રૂપિયાની જરૂર છે. તારા પપ્પા અઠવાડિયાનો વાયદો કરીને ઊછીના લઈ ગયા હતાં તે આજે બે મહિના થયા, પણ હજી કંઈ વળતો જવાબ પણ આપ્યો નથી.' પ્રભાત જરા અકડાઈને બોલ્યો.

'સગવડ નહિ થઈ હોય...! નહીંતર તો એ...' પ્રીતિ આગળ બોલતા અટકી ગઈ.

'કાંઈ વાંધો નહીં... પણ તું ફોન કરી જવાબ તો મેળવ. હું જરા નાહી લઉં તું વાત કરી લેજે.'

પ્રભાત નાહવા માટે બાથરૂમમાં ગયો. પ્રીતિએ ચિંતાતૂર ચહેરે એના પપ્પાને ફોન કર્યો.

પ્રીતિએ પોતાની નાની બેન શ્રેયા સાથે વાત કરી. શ્રેયાએ પોતે પૈસા લઈને આવે છે એવું જણાવ્યું. એટલે પ્રીતિ ને હાશ થઈ. તેણે પ્રભાતને હરખભેર જણાવ્યું કે પપ્પા શ્રેયા સાથે આજે બપોર સુધીમાં રૂપિયા મોકલાવે છે. પ્રભાતને પણ શાંતિની કળ વળી. પ્રભાતના ઘરની પાછળના ભાગમાં ખુલ્લી જગ્યામાં એક મોટો હોલ બનાવી કોમ્પ્યુટરના વર્ગો શરૂ કાર્ય છે, જયારે પ્રીતિને નોકરી માટે ઘરની બહાર જવું પડે છે.

પ્રભાત અને પ્રીત બંનેના પ્રેમ લગ્ન છે. બંને એકબીજાથી ખુબ જ ખુશ છે. પણ કામની હાડમારીમાં પ્રીતિ પ્રભાત માટે ટાઈમ ફાળવી શકતી નથી. કારણ-કે એને લગભગ બહાર રહેવાનું થાય છે. જયારે પ્રભાત આખો દિવસ ઘરે હોવાથી એકલો કંટાળી જાય છે. પ્રભાતની માસિક આવક ખુબ સારી છે. એટલે તે અવાર-નવાર પ્રીતિને નોકરી છોડવા માટે આગ્રહ કરતો. અને પોતાના કોમ્પ્યુટર વર્ગોમાં મદદરૂપ થવા કહેતો. એની પાછળનો આશય સાથે રહેવા ઈચ્છતો હતો.



**મનદર્પણ**
**મંજુ પ્રજાપતિ**

પ્રીતિને પણ પોતે પ્રભાત માટે ટાઈમ નહોતી ફાળવી શકતી એનો રંજ રહેતો. પણ સરકારી નોકરી હોવાથી તે છોડવા નહોતી માંગતી. તે સવારે ફટાફટ ઘરનું કામ આટોપી, રસોઈ બનાવી દસ વાગ્યે નીકળી જતી. અને છેક સાંજે છ વાગ્યા પછી ઘરે આવતી. કોર્પોરેશનમાં ટેક્સ વિભાગમાં તે સીનીયર હોવાથી માનસિક રીતે કામનો બોજો એને વધારે રહેતો તે આખો દિવસ વ્યસ્ત રહેતી. તેથી સાંજે ઘરે આવતા ખુબ થાકી જતી. ફટાફટ સાંજની રસોઈ બનાવી સુઈ જતી. આ બાજુ પ્રભાત સવારે જાતે રસોઈને ગરમ કરીને એકલો જમતો. આખો દિવસ ઘરમાં ને વર્ગમાં આંટા મારતો. પ્રીતિ વિનાના ઘરના ઓરડા એને ખાવા આવતા. એકલતા એને સાલતી હતી. તે આતુરતાથી પ્રીતિના આવવાની રાહ જોતો. પ્રીતિ પોતાના માટે ટાઈમ ફાળવી શકે તે માટે તે હંમેશા પ્રીતિને રસોડામાં મદદરૂપ થતો. તે પ્રીતિની આગળ-પાછળ ફરતો, ક્યારેક એને નખરા કે અડપલાં કરી સતાવતો. પ્રીતિ કંટાળેલી હોવાથી ક્યારેક ઉગ્ર થઈ જતી પણ પ્રભાત પાછો હસતાં મુખે તેને પોતાની બાહોમાં સમાવી લેતો. તે પ્રીતિને સમજતો હતો.

પ્રીતિ એક સામાન્ય ઘરની દીકરી હતી. વળી પ્રભાત અને પ્રીતિને બીજો કોઈ મોટો ખર્ચો નહી હોવાથી બચત પણ કરી શકતા. એટલે ક્યારેક પ્રીતિના પપ્પાને તાત્કાલિક જરૂર પડે તો પ્રભાત પાસેથી ઉછીના રૂપિયા લઈ જતાં. પ્રભાત પણ ખુબ વ્યવહારું હતો.

પ્રીતિ જમવાનું બનાવી દસ વાગ્યે ઘરેથી નીકળી ગઈ. પ્રીતિના ગયા પછી પ્રભાત ઘરમાં સાવ એકલો થઈ ગયો. આજે વળી કોમ્પ્યુટર ક્લાસમાં રજા હતી, તેનું મન ખુબ બેચેન હતું. કાંઈ ગમતું નહોતું. છેલ્લા અઠવાડિયાથી માર્ચ મહિનો હોવાથી પ્રીતિને વધારે કામ રહેતું. થોડા વહીવટી કામ ઘરે પણ લાવતી. જેથી પ્રભાતને થોડોક પણ ટાઈમ આપી શકતી નહીં. પ્રભાત કંટાળી ગયો હતો તે પ્રીતિને રીતસર મનાવતો.

પ્રીતિ...! હું એક પુરુષ છું. તારો પતિ છું. તેમ છતાં મેં ક્યારેય તારી સામે પુરુષ તરીકેનું કે તારા પતિ તરીકેનું આધિપત્ય જમાવવાની કોશિષ નથી કરી. કારણકે હું તને પ્રેમ કરું છું. પ્લીસ મને તું સમજવાનો પ્રયત્ન કર. મને તારી, અને તારી મમતાની, હૂંફની જરૂર છે. એમ કહી તે પ્રીતિના ખોળામાં માથું મૂકી પ્રીતિના ચહેરાને પોતાની તરફ ઝુકાવતો અને તેને હળવું ચુંબન કરતો. પ્રીતિ થોડીવાર માટે ઘેલી બની જતી. પણ પાછું કામનું ટેન્શન માથે સવાર થતાં પોતાના કામમાં વ્યસ્ત બની જતી. તે ક્યારેય પ્રભાતની આવી આવી વાતોને ગંભીરતાથી લેતી જ નહીં.

બપોરના બાર વાગ્યા એટલે શ્રેયા રૂપિયા લઈને આવી પહોંચી. બંને સાળી બનેવીએ સાથે ભોજન લીધું. પછી વાતો કરવા બેઠાં. શ્રેયા બી.કોમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઘણી ફ્રી રહેતી એટલે એણે પોતાને પણ કોમ્પ્યુટરનો કોર્ષ કરવો છે એવી ઈચ્છા દર્શાવી. પ્રભાત ખુબ ખુશ થઈ ગયો. વાતવાતમાં શ્રેયાએ પ્રભાત પાસેથી એની ઉદાસીનતાનું કારણ જાણી લીધું. પ્રીતિના વ્યવહારથી શ્રેયાને ખુબ દુઃખ થયું. એને પ્રભાતને આશ્વાસન આપ્યું અને ઘરે જવા નીકળી ગઈ.

સાંજે પ્રીતિ ઘરે આવી, પ્રભાતે શ્રેયાની વાત કરી. પ્રીતિ પણ ખુશ થઈ ગઈ. પોતાની બહેન રોજ ઘેર આવશે તો પોતાનું ઘણું કામ હળવું થઈ જશે. પ્રભાતને જાતે ગરમ કરીને ખાવું નહીં પડે વળી એને ચુલબુલી શ્રેયાની કંપની પણ મળી રહેશે.

શ્રેયા અગિયાર વાગ્યે આવતી અને પ્રીતિ આવે પછી એને મળીને નીકળતી. પ્રભાતને પ્રીતિની ગેરહાજરી તો સતત ડંખતી પણ તેમ છતાં શ્રેયા હોવાથી તેને એકલતાનો અહેસાસ થતો નહીં. શ્રેયાને પ્રભાત માટે ખુબ માન હતું. તે એનું ખુબ જ ધ્યાન રાખતી.

આ તરફ પ્રીતિ શ્રેયાના આવવાથી વધુ નિશ્ચિત બની ગઈ. પ્રભાતની બધાંજ પ્રકારની જવાબદારીનું કામ એણે શ્રેયાને માથે છોડી દીધું. પછી તો શ્રેયા પ્રીતિના ઘરે ઘણીવાર રાત પણ રોકાઈ જતી. સાંજે પ્રભાતની ભાવતી રસોઈ બનાવતી અને ત્રણે જણા સાથે બેસી જમતાં. જમ્યા પછી પ્રીતિ એના કામમાં પરોવાઈ જતી જયારે શ્રેયા અને પ્રભાત સાથે મળી બાકીનું કામ આટોપતાં. પ્રભાત શ્રેયાના આવવાથી ખુશ હતો. શ્રેયાના દિલમાં પ્રભાત માટે ખુબ ઊંચું સ્થાન હતું. તે ધીરે ધીરે પ્રભાત તરફ ઝૂકતી જતી હતી. તે પ્રભાતના દિલમાં પોતાનું સ્થાન બનાવવા માંગતી હતી. અને પ્રીતિ જાણે અજાણ્યે એવી ક્ષણો એને પીરસતી જતી હતી. શ્રેયા પ્રભાતને મનોમન ચાહવા લાગી હતી. પરંતુ પ્રભાત માટે શ્રેયા એક નાની બહેનથી વિશેષ કાંઈ જ નહોતી. શ્રેયા હવે વધારે સમય પ્રભાત સાથે રહેવા લાગી. સવારે વહેલા આવી જતી એટલા માટે કે તે પ્રભાતની ભાવતી રસોઈ બનાવી એને પ્રેમથી જમાડી શકે. પ્રભાતના કપડાંથી માંડીને દરેક નાની-નાની બાબતોનું તે ઝીણવટપુર્વક ધ્યાન રાખતી. શ્રેયા વધારે સમય ઘરે રહેતી હોવાથી પ્રભાતના મુખે પણ સહેજ રીતે પ્રીતિ કરતાં શ્રેયા શબ્દ વધારે રહેતો.

રવિવારનો દિવસ હતો. એટલે પ્રીતિને ઓફીસ જવાનું નહીં હોવાથી થોડીક મોડી ઊઠી. પ્રભાત હજી સુતો હતો. પ્રીતિ નીચે આવી. થોડીવાર થઈ ત્યાં કામવાળી ગંગુબાઈ આવી.

'બેન...!' આજથી હું કામ પર નહીં આવું. મારો હિસાબ કરી દોને..!

'કેમ ગંગુબાઈ...?' શું થયું? પગાર ઓછો પડે છે? કામ છોડવાની વાત કેમ કરો છો?

'બેન, આ કામમાં ને કામમાં, વધારે પૈસા કમાવાની ઘેલછામાં મારું ઘર ભાંગી જશે, હવે વધારે ઘરના કામ નહિ કરું. સાંજ પડે વહેલી ઘરે જતી રહીશ.' સવારે પણ મારા ઘરવાળાને શાંતિથી ખવડાવીશ પછી એ કામે જશે પછી હું કામ પર નીકળીશ. જેને કામ કરાવું હોય તે કરાવે નહીં તો રામ રામ...!

કેમ આમ બોલે છે ગંગુબાઈ? તારા કામને અને ઘર ભાંગવાને શું સંબંધ...? તું કામ કરે છે તારા ઘર માટે જ ને...! કેમ તારા પતિને કંઈ વાંધો છે?

પહેલા હતો હવે નથી બેન...! પહેલા મને એ વધારે ઘરના કામ બાંધવાની ના પડતો. હંમેશા એ ઘરે આવે એટલે ઘરે જ રહેવા જણાવતો. પણ હું માનતી જ નહોતી. પણ હવે હું ઘરે રહું એ એને પસંદ નથી. કારણકે હવે એને મારી પડોશવાળી બાઈ સાથે ગોઠી ગયું છે. હું ઘરે ના હોઉં એટલે એ બંને... છી... છી... મારો

આભાર - નિહારીકા રવિયા હિસાબ કરી ડો બેન...! હજી કંઈ વધારે બગાડે તે પહેલા મારા તુટતા ઘરને બચાવી લઉં. બગડ્યું સુધારી લઉં...!

ગંગુબાઈ એનો હિસાબ લઈ જતી રહી. પણ પ્રીતિ ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગઈ. એની આંખો ખુલી ગઈ. પોતાની જાત પ્રત્યે નફરત થઈ ગઈ. અભણ હોવા છતાં ગંગુબાઈ જે સમજી તે પોતે ભણેલી હોવા છતાં ન સમજી શકી. તે ફટાફટ ઉપર પોતાના બેડરૂમમાં ગઈ. પ્રભાત હજી સુતો હતો. એ જઈને પ્રભાતની બાહોમાં સમાઈ ગઈ. અને પ્રભાતના સુંદર મુખ પર ચુંબનનો વરસાદ વરસાવવા લાગી.

પ્રભાત પ્રીતિના વર્તનથી ચોંકી ઊઠ્યો. તે પ્રીતિ સામે દિગ્મૂઢ થઈ જોઈ રહ્યો.

'શું થયું પ્રભાત?' પ્રીતિ પ્રભાતના ચહેરાને રમાડતાં બોલી...

પ્રીતિ...! તું શું કરે છે? શું થયું તને? કેમ તને વ્હાલ કરું છું અને હવે આમ જ રોજ વ્હાલ કરીશ. ઓફિસેથી વહેલી ઘરે આવીશ અને બાકીનો બધો જ સમય તારી બાહોમાં જ વીતાવીશ. બોલ પ્રભાત, તને ગમશે ને...!

પ્રભાતની આંખો ઊભરાઈ ગઈ. એણે પ્રીતિને પ્રેમપૂર્વક પોતાની બાહોમાં જકડી લીધી.

# બે દિવસના ધોધમાર વરસાદથી ડીસાના રાજપુર પ્રાથમિક શાળાની દિવાલ તુટી પડી


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના રાજપુર પ્રા.શાળામાં શનિવારે બપોરના સુમારે દીવાલ તુટી પડતાં અફડાતફડી મચી જવા પામી હતી.જો કે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થવા પામ્યો હતો.

મળતીમાહિતી મુજબ રાજપુર પ્રાથમિક શાળામાં શનિવારના બપોરના સુમારે ધોધમાર વરસાદ વરસતાં દીવલ તુટી પડી હતી. આ અગાઉ પણ શાળાની આગળના ભાગની ૫૦ ફૂટ દીવાલ તુટી ગઈ હતી. આમ બે બે વાર દીવાલ તુટી જવાની ઘટના બની હોઈ પ્રાથમિક જીલ્લા શિક્ષણાધિકારી રૂબરૂ મુલાકાત લઈ તાત્કાલીક રીપેરીંગ કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોની માંગ છે.

મેઈન રોડ પર શાળા આવેલ હોવાથી માણસોની અવરજવર વધારે રહે છે. જો મોટી જાનહાની સર્જાય તે પહેલાં જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા રીપેરીંગ કરી નવી દીવાલ બનાવવામાં આવે તેવી જનમાંગ છે. વરસાદી પાણીના લીધે શાળા તળાવના રૂપમાં ફેરવાઈ જાય છે.

# કંસારીમાં પાંચ પીપળા તળાવ છલકાતા આસપાસના રહીશોના જીવ અધ્ધર


અનિલ શાહ

પ્રતિનિધિ ઝેરડા

ડીસા તાલુકાના કંસારી ગામે ભારે વરસાદના કારણે પાંચ પીંપળા તળાવ ઓવર ફ્લો થઈ રહ્યું છે. જેના કારણે આસપાસના રહીશોના જીવ પડીકે બંધાયા છે. જેમાં તળાવમાંથી પાણીનો સીધુ વહેણ મંગળજી ગણેશજી પ્રજાપતિ, છોગાજી ગણેશજી પ્રજાપતિ, દેવાજી ગણેશજી પ્રજાપતિ, ચુનાજી હુકમાજી કણબી, વરધાજી હુકમાજી કણબી, નાગજીજી હુકમાજી કણબી, રૂપાજી પ્રાગજી કણબી, ઉમાજી પ્રાગજી કણબી, ચેલાજી પ્રાગજી કણબી, ગણેશજી તગાજી સુથાર, જયરામભાઈ તગાજી સુથાર, દશરથજી તગાજી સુથાર, રાવતાજી ભગાજી પ્રજાપતિ વગેરેના રહેણાંક મકાન સુધી હોઈ ભારે મુસીબત સર્જાય તેમ છે. જેથી ફુવારા પાદરથી સમશેરપુરાનો નડતરરૂપ રોડ તોડી પાણીનો માર્ગ કરવા માંગ કરાઈ છે.

# થરાદના ૧૪ ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા તાકીદ : ટીમો દોડાવાઇ

## ૨૦૧૫ના પુરની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને તંત્રનું આગોતરૂ આયોજન

(પ્રતિ.) થરાદ

બનાસકાંઠના સરહદી તાલુકાના ગામોમાં બે વર્ષ પહેલાં આવેલા વિનાશકપુરની સ્થિતીને ધ્યાનમાં રાખીને તાલુકાનાં ૧૪ ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવાની તાકીદ કરવામાં આવી છે.જોકે તાલુકામાં હજી સુધી પાણી નહી આવતાં ધીમીધારે વરસી રહેલા વરસાદ વચ્ચે પરિસ્થતી સામાન્ય હોવાનું મામલતદારે જણાવ્યું હતું.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી અતિભારે વરસાદની આગાહી વચ્ચે રાજસ્થાન અને ધાનેરા અને થરાદ તાલુકાના ઉપરવાસના ગામોમાં ભારે વરસાદના પગલે રેલનદી અને અન્ય વ્હોળાએ ૨૦૧૫માં થરાદ તાલુકાના અનેક ગામનો ધમરોળી મુક્યા હતા.આ વર્ષે અગાઉના વર્ષનુ પુનરાવર્તન ન થાય તે માટે વહીવટીતંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે.આ અંગે થરાદના મામલતદાર અરવિંદભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતુંકે શનિવારની જેમ રવિવારે પણ સાંજ સુધીમાં વધુ ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો.પણ તે ધીમીધારે પડતાં શહેરના કાયમી નિચાણવાળા અને તાલુકાના બુઢણપુર તથા અગાઉના અસરગ્રસ્ત નાગલા,જાંદલા સહિતના ગામોમાં પાણી ભરાવા પામ્યું હતું.જોકે બહારનું પાણી નહી આવતાં થરાદ તાલુકામાં રવિવારના આઠ વાગ્યા સુધી પરીસ્થિતી સામાન્ય રહી હતી.

પરંતુ ૨૦૧૫ના વિનાશકારી પુરને ધ્યાનમાં રાખને થરાદ તાલુકાના ૧૪ જેટલા ગામોને એલર્ટ કરી તેમને સલામતસ્થળે ખસી જવાની સુચનાઓ આપવામાં આવી હતી.મામલતદારે ઉમેર્યું હતુંકે શહેર ઉપરાંત તાલુકાના ડોડગામ, નાગલા, ખાનપુર, મલુપુર, પીલુડા, વાંતડાઉ, જાંદલા, ભાપી, દુધવા, બુઢણપુર, મોરથલ, ટેરોલ, પાવડાસણ, રાહ ગામોમાં ટીડીઓ, બીએચઓ, સીડીપીઓ અને વેટરનરી ઓફીસર તથા આરએફઓની ટીમો મોકલી લોકોને જીવનજરૂરીયાતી ચીજવસ્તુઓ સાથે સ્થળાંતરની સુચના આપી શાળાઓ પણ ખોલી દેવામાં આવી હતી. તેમજ અન્ય પ્રકારની વ્યવસ્થાઓ પણ કરવામાં આવી હતી. તેમજ ગામના તલાટી, ગ્રામસેવક, સરપંચ, સસ્તા અનાજના દુકાનદાર, મ.ભો.યો. ના સંચાલકોને પણ હેડકર્વાટરમાં હાજર રહેવાની તાકીદ કરવામાં આવી છે. થરાદના ડુવા ગામમાં ભારે વરસાદના કારણે ગામનું તળાવ ભરાઇ જવા પામ્યું હતું.જ્યારે કમાલી આજુબાજુના ખેતરોમાં પાણી ભરાઇ જતાં દુધમંડળીઓ પણ બંધ રહેવા પામી હતી.

# ભાભર હાઈવેના એક ઉકરડામાંથી ત્યજી દીધેલ જીવીત નવજાત બાળકી મળતાં ચકચાર

### ઉકરડામાં રડતી નવજાત બાળકી જોઈને સેવાભાવી લોકોએ ૧૦૮ ને જાણ કરીને સારવાર અપાવી


વનરાજસિંહ રાઠોડ

પ્રતિનિધિ ભાભર

એક બાજુ સરકાર બેટી બચાવો, બેટી પઢાઓ કન્યા કેળવણી જેવા કાર્યક્રમો પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરે છે. તેમ છતાં કેટલાક ખાનગી તબીબો પૈસાની આંધળી દોટમાં ગેરકાયદે ગર્ભપાત કરાવી રહ્યા છે. બેટી બચાવો અભિયાનો ચલાવતા લોકો અને ભાષણ આપતા લોકો કાગળ ઉપર સારા લાગે છે પણ કોઈને બેટી હકીકતે જોઈતી નથી ! દરેક માબાપને એક પુત્રની આશા છુપી હોય છે તે સત્ય નગ્ન વાસ્તવિકતા છે. ભાભરમાં રવિવારના બપોરે હાઈવે રોડના એક ઉકરડામાં નવજાત બાળકી જીવીત મળી આવતા ચકચાર મચી છે. ભાભરના જી.ઈ.બી.કચેરી નજીક ભાભર -રાધનપુર હાઈવે રોડ પાસે આવેલ ઉકરડામાં બપોરે ૧૨ વાગ્યે એક નવજાત શીશુનો રડવાનો અવાજ આવતા લોકો દોડી આવ્યા હતા. વાત વાયુવેગે શહેરમાં

અનુસંધાન પાના નં.૬

# પાલનપુરમાં ચાલુ ટ્રેનમાંથી ઉતરતા મોત

પાલનપુર

પાલનપુરમાં ચાલુ રેલવે ટ્રેનમાંથી ઉતરવા જતા એક ૭૦ વર્ષીય વૃદ્ધ ને ગંભીર ઇજા થતા પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નીપજ્યું હતું.

પાલનપુરના ૭૦ વર્ષીય મોહનભાઈ રામચંદ્રભાઈ મહેશ્વરી નામના વૃદ્ધ ચાલુ રેલવે ટ્રેનમાંથી ઉતરવા જતા પડી જતા તેઓને ગંભીર ઈજા થતા તેઓને ગત રાત્રે ૯:૪૫ વાગે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જ્યાં સારવાર દરમિયાન માત્ર પાંચ જ મિનિટમાં તેઓનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

# વડગામના મોરીયા ગામે તસ્કરોનો તરખાટ

તા.પ્રતિનિધિ વડગામ

વડગામના મોરીયા ગામે તસ્કરોએ તરખાટ મચાવીને એક રાતમાં ત્રણ મકાનોના તાળાં તોડી મકાનમાં પ્રવેશ કરી સોના- ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી રૂા. ૧.૧૬ લાખ ઉપરાંતની મતાની ચોરી કરી હોવાનું પોલીસ મથકેથી જાણવા મળ્યું છે, મોરીયા ગામના લતીફખાન મહંમદખાન સિપાઈના મકાનનું તાળુ તોડી રૂા. ૬૧૭૦૦/- ની રોકડ તથા સોના ચાંદીના દાગીના અને મેનાબેનના ઘરમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂા. ૨૭૦૦૦, લાલજીભાઈના ઘરેથી દાગીના રોકડ સહિત રૂા.૨૮૦૦૦ કુલ રૂપિયા ૧,૧૬,૦૦૦ ની મતાની ચોરી થઈ હોવા અંગે વડગામ પોલીસ મથકે ધોરણસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ : ઓમ નમઃ શિવાયના નાદ ગુંજશે

## પ્રથમ દિવસે જ સોમવાર આવતા શિવભક્તોનો ઉત્સાહ બેવડાયો : શ્રાવણ માસમાં આ વર્ષે પાંચ સોમવાર આવશે


વિનોદ બાંડીવાલા

ડીસા

દેવાધિદેવ ભગવાન મહાદેવનો મહિનો શ્રાવણનો આજથી શુભારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પ્રથમ દિવસે સોમવાર આવતા શિવભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

હિન્દુ ધર્મમાં સૌથી પવિત્ર માસ શ્રાવણને ગણવામાં આવે છે. જેનો સોમવારથી પ્રારંભ થઈ રહ્યો છે. શિવાલયોમાં સળંગ એક માસ સુધી ભગવાન ભોળેનાથને રીઝવવામાં આવશે ત્યારે ડીસા સહિત જિલ્લાભરના શિવાલયોમાં ઓમ નમઃ શિવાયના નાદ ગુંજી ઉઠશે. આખો મહિનો લોકો શિવભક્તિમાં લીન જોવા મળશે. શ્રાવણ માસને અનુલક્ષી શિવાલયોને શણગારવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત શિવભક્તો માટે વિશેષ વ્યવસ્થા દરેક દેવાલયોમાં કરવામાં આવતી હોય છે.

શ્રાવણ માસમાં આવતા સોમવારનું વિશેષ મહત્વ રહેલુ છે. જે લોકો સળંગ આખો મહિનો શિવજીની આરાધના ન કરી શકતા હોય તે શિવભક્તો અચુક સોમવારના દિવસે શિવ મંદિરમાં જઈ પુજન અર્ચન કરતા હોય છે. આ વર્ષે યોગાનુયોગ શ્રાવણ માસનો પ્રારંભ સોમવારથી જ થઈ રહ્યો છે. જ્યારે શ્રાવણ માસની

અનુસંધાન પાના નં.૬

# ઉમરદશી નદી જીવંત બની


(સંજય જોષી)

ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે બનાસ નદી આવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ મેઘ મહેર જારી રહેતા ઉમરદશી નદી આવતા ધાણધા આસપાસના પંથકના લોકો નદીને જોવા ઉમટી પડ્યા હતા. જોકે, અચાનક નદી આવતા વાહનચાલકો સહિત રાહદારીઓ અટવાઈ ગયા હતા.

# ધનિયાણા ચોકડી પર વળ્યાં વરસાદી પાણી ફરી


(સંજય જોષી)

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુર ખાતે મેઘરાજા અનરાધર વરસી રહ્યા છે. ત્યારે શહેરના અંબાજી હાઈવે પર ધનિયાણા ચોકડી પર વરસાદી પાણી ફરી વળતા વાહનચાલકો સહિત રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.

# દીઓદર પંથકમાં સતત બીજા દિવસે વરસાદની હેલી


(અશોક શેઠ)

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર પંથકમાં ગતરોજ ખાબકેલા આઠ ઈંચ જેટલો વરસાદ બાદ આજરોજ સતત ધીમી ધારે વરસાદ ચાલુ રહેવા પામેલ. જેના કારણે દીઓદરની અનેક સોસાયટીઓમાં પાણી ભરાઈ જવા પામેલ. જુના બસ્ટેન્ડ વિસ્તાર, આંબલીવાસ, પોલીસ સ્ટેશન વગેરે વિસ્તારોમાં પાણી પ્રવાહ વધી જવા પામેલ. છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા વરસાદના કારણે ધંધા રોજગાર પણ ઠપ્પ થવા પામેલ છે.તેમજ ખેડુતોના ખેતરોમાં પણ પાણી ભરાઈ જવાથી તાજેતરમાં વાવેતર કરેલ પાકો પણ નષ્ટ થવા પામેલ છે. દીઓદરના ગ્રામીણ

અનુસંધાન પાના નં.૬

# કાણોદર હાઇવે પર પાણી ભરાતા ટ્રાફિકજામ

પાલનપુર

પાલનપુર તાલુકાના કાણોદરમાં ધોધમાર વરસાદ પડવાથી માર્ગો ધોવાયા હતા અને કલાકો સુધી ટ્રાફિક જામ થયો હતો કાણોદર માં છેલ્લા ૧૦ કલાક માં ભારે વરસાદ ના કારણે હાઈવે વિસ્તાર માં વરસાદી પાણી ભરાઇ જતા વાહન ચાલકો અટવાઈ ગયા હતાં કાણોદરથી પસાર થતો મુખ્ય માર્ગ હાઈવે દિલ્લી - અમદાવાદ જતા વાહન ચાલકો દ્વારા ટ્રાફિક જામ કરી દેવતા અન્ય મુસાફરો પણ અટ્વાયા હતા.

જ્યારે છાપી હાઈવે પાણી થી તરબોળ બન્યો હતો. જેને પગલે હાઈવે પર પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર અટવાયો હતો જ્યારે દાંતા તાલુકા ના વડુસણ ગામ સંપર્ક વિહોનું થયા ના સમાચારને તંત્ર દ્વારા રદિયો અપાયો હતો.

# ગુંદરી ચેકપોસ્ટ પરથી ૨૪ લાખ ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપાયો

## ટ્રેલર ગાડી સાથે કુલ રૂા.૩૯,૮૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે હરિયાણાના બે ઈસમો પોલીસના સકંજામાં


(સંજય જોષી)

પાલનપુર

ગુજરાતમાં દારૂબંધીની વાતો પોકળ સાબિત થઈ રહી છે. તેમ છતાં પાડોશી રાજ્યમાંથી વિદેશી દારૂ લઈ આવતાં બુટલેગરો પોલીસના સંકંજામાં આવ્યા આવ્યા વિના રહેતા નથી. બુટલેગરોને સજા અને દંડ થતો હોવા છતાં દારૂની હેરાફેરીને કાયમી માટે બંધ કરવા માટેના જે પ્રયનો થવા જોઈએ તે થતાં નથી તે એક ગંભીર બાબત કહી શકાય. વર્તમાન સંજોગોમાં દારૂનુ વેચાણ અને તેની હેરાફેરીને સંપૂર્ણ રીતે નેસ્તનાબુદ કરવા માટે જે.એન.ખાંટ (સર્કલ પો.ઈન્સ.થરાદ) એ સુચના આપેલ હોય અને પાડોશી રાજ્યમાંથી ઘણા વિશાળ પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવતો હોવા સંદર્ભે સઘન વાહન ચેકિંગ અને નાકાબંધી કરવા સુચના અને પી.આઈ. ખાંટના માર્ગદર્શન હેઠળ ગતરોજ તા.૨૩/૭/૨૦૧૭ ના રોજ પોલીસ સબ ઈન્સ. બી.એમ.ચૌધરી (પાંથાવાડા) ને મળેલી બાતમીના આધારે તથા અ.હે.કો. ફેજમહંમદ ઈનાયતખાન, અ.હે.કો. અર્જુનભાઈ, ઉદાભાઈ, તથા

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં અનુ.જાતિ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીનું સર્પદંશથી મોત

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદરના લહેરીપુરા વિસ્તારમાં ચાલતી સિધ્ધાર્થ કુમાર અનુ.જાતિ છાત્રાલયમાં રહેતા સોલંકી મહેશકુમાર દલાભાઈ (ઉ.વ.૧૪) (રહે.ચાત્રા તા.ભાભર) ધો.૮માં આદર્શ હાઈસ્કુલ દીઓદરમાં અભ્યાસ કરતો હતો.

જે ગત રાત્રી દરમ્યાન અન્ય બે છાત્રો સાથે છાત્રાલયના ઓરડામાં સુતેલ હતો અચાનક રાત્રે સાપ આવી વિદ્યાર્થીને દંશ મારતાં વિદ્યાર્થી જાગી ગયેલ અને ગુહપતિને કાંઈક કરડ્યું હોવાની વાત કરેલ. ત્યારબાદ તપાસ કરતાં ઓરડામાં સાપ નજરે પડેલ. તાત્કાલીક છાત્રાલયના ગુહપતિએ ૧૦૮ બોલાવી દીઓદર રેફરલમાં લઈ ગયેલ. વિદ્યાર્થી રસ્તામાંજ બેભાન થઈ ઢળી પડેલ હતો. દીઓદર રેફરલમાં પહોંચતાં ફરજ પરના તબીબે વિદ્યાર્થીને તપાસ દરમ્યાન મૃત જાહેર કરેલ.

# ઢીમા માવસરીનો રોડ બંધ


વિષ્ણુ પરમાર

વાવ તાલુકાના ઢીમા, માવસરી શહેર હાઈવે ઉપર ગતરોજ સતત વરસાદના કારણે એક મોટું લીમડાનું ઝાડ પડતાં વાહનવ્યવહાર અટકી પડયો હતો.

# ડીસા સહિત જિલ્લામાં દશામાના વ્રતનો પ્રારંભ : દસ દિવસ સુધી ભક્તિમય માહોલ છવાશે


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત જિલ્લામાં અષાઢ વદ અમાસના દિવસથી દશામાના વ્રતનો પ્રારંભ થઈ જતાં દશ દિવસ સુધી સમગ્ર જિલ્લામાં ભક્તિમય માહોલ છવાઈ જશે. ગઈકાલે શુભમુહુર્તમાં વ્રતધારી મહિલાઓ દ્વારા માતાજીની સાંઢણીની ખરીદી કરી ઘરે લાવી સ્થાપન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં દર વર્ષે વ્રત કરનારાઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે માતાજીના વ્રતનો મહિમા પણ વધ્યો છે.

ડીસા સહિત જિલ્લામાં વરસી રહેલા વરસાદ વચ્ચે પણ દશામાના વ્રત કરનારાઓનો ઉત્સાહ ઓછો નથી થયો. વ્રત દરમિયાન વ્રતધારી બહેનો દ્વારા ઉપવાસ- એકટાંણા કરી રોજેરોજ માતાજીની વાર્તા વાંચી આરતી કરી વિવિધ પ્રસાદ ધરાવવામાં આવે છે. ડીસામાં આવેલા દશામાના મંદિરે તો દશ દિવસ સુધી માતાજીના ગરબાઓ પણ યોજાય છે. આ ઉપરાંત ગ્રામ્ય પ્રદેશમાં પણ દશ દિવસ સુધી દશામાંના વ્રત પ્રસંગે અનેકવિધ કાર્યક્રમો થતાં હોય છે. જેના કારણે સમગ્ર જિલ્લામાં દશ દિવસ સુધી ભક્તિમય માહોલ ઉભો થાય છે. જેમાં પવિત્ર શ્રાવણ માસ પણ શરૂ થતાં ભક્તિરસની હેલી જોવા મળી રહી છે.

# ભાભરમાં બીજા દિવસે એક ઈંચ વરસાદ


વનરાજસિંહ રાઠોડ

### આખો દિવસ ઝરમર ચાલુ રહેતા લોકો મુશ્કેલીમાં

તા.પ્રતિ. ભાભર

ભાભરમાં ગઈકાલ બીજા દિવસે પણ એક ઈંચ વરસાદ નોંધાતા અને ગઈકાલનો પાંચ ઈંચ વરસાદ ને લોઈ નીચાણ વાળા વિસ્તારોના રહીશો ચિંતત બન્યા છે. હવે વધુ બે - ત્રણ દિવસ વરસાદ ચાલુ રહે તો ખેતી પાકને મોટું નુક્શાન થવાની શક્યતા રહેલી છે. જેના કારણે ખેડૂતોના જીવ તાળવે ચોટ્યા છે. તેમજ છેલ્લા બે ત્રણ દિવસથી વધુ વરસાદને લઈ ધરાકીમાં મંદી આવી છે. વેપારીઓ ને નુક્શાન થવા પામ્યું છે. ઠેરઠેર પાણી ભરાઈ જતાં લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી ...

પહેલા રસ્તો ઓળખો.પછી એની પર ચાલો.

# વિવાદોને ટાળી ભારત-ચીન વચ્ચે સીધી મંત્રણા થવી જરૂરી

ભારતના વિદેશમંત્રી સુષમા સ્વરાજની વિદેશ નીતિની કામગીરી અત્યંત સફળ રહેવા પામી છે. વિદેશમાં અટવાતા કોઈપણ ભારતીયને મદદ કરવા માટે સ્વરાજ હંમેશા આગળને આગળ હોય છે. ત્યારે હમણાં સુષ્મા સ્વરાજે પીઓકેને ભારતનું અભિન્ન અંગ ગણાવીને ત્યાંના ૨૪ વર્ષના યુવકને સારવાર માટે ભારતના મેડિકલ વિઝા આપી જે માનવીય અભિગમ અદા કર્યો છે તે ખરેખર સરાહનીય કહી શકાય.

એક હકીકત છે કે પીઓકે એ ભારતનું અભિન્ન અંગ છે, જે પાકિસ્તાને તેના પર ગેરકાયદેસર કબજો જમાવ્યો છે. તેથી પીઓકેના લોકોએ ભારતમાં આવવા માટે વિઝા લેવાની જરૂર નથી. ત્યાંના એક વિસ્તારમાં રહેતા ઓસામા અલી નામના યુવાનને લીવરમાં ગાંઠ હોવાથી તેને દિલ્હીમાં સારવાર લેવાની છે. ભારતે અગાઉ એવી શરત કરી છે કે પાકિસ્તાનના કોઈ દર્દીને ભારતના મેડીકલ વિઝા જોઈએ તો તેણે પાક.ના વિદેશ બાબતોના સલાહકાર સરતાઝ અઝીઝ પાસેથી મંજુરી આપતો પત્ર રજૂ કરવાનો રહેશે, સરતાઝ અઝીઝે ઓસામા અલીને આવો પત્ર આપવા ઈન્કાર કર્યો હતો. એની પાછળનું કારણ શું હશે? ભારતમાં તમામ પ્રકારની આરોગ્ય સેવા થાય અને અગાઉ પણ પાકિસ્તાનના ઈસ્લામાબાદની એક મહિલાને ભારતમાં સારવાર આપવામાં આવી હતી. આરોગ્ય બાબતે ભારતનો અભિગમ પાક. કરતાં કંઈક અલગ જ છે. દર્દી ભલે પાકિસ્તાનનો હોય પરંતુ ભારતમાં સારવાર માટે આવે તો તેને આવકારીને જરૂરી તમામ પ્રકારની મેડીકલ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.

દરમ્યાન સુષમા સ્વરાજે ટ્વિટ કર્યું હતું કે, પીઓકે એ માત્ર ભારતનો જ હિસ્સો છે. જેથી પાકિસ્તાનનો નિયમ પીઓકેમાં રહેતા લોકોને લાગુ પડી શકશે નહિં, જેથી ઓસામા અલીએ મેડિકલ વિઝા માટે પાક.ના સરતાઝ અઝીઝના મંજુરીના પત્રની જરૂર નથી. અગાઉ એક કેન્સર પિડીત મહિલાને પણ ભારતમાં જ સારવાર આપવામાં આવી હતી.

એક હકીકત છે કે ચીન કે પાકિસ્તાન ભારત વિરૂધ્ધ ભલે ગમે તેવા રાજકીય દાવપેચ આદરે પરંતુ ભારત પોતાના સિધ્ધાંતો પર અટલ છે. સુષમા સ્વરાજે જણાવેલ કે સિક્કીમાં ચીન સાથે સર્જાયેલા 'ડોકા- લા' વિવાદમાં છે પરંતુ વિશ્વના તમામ દેશો ભારતની પડખે છે અને વિવાદના શાંતિમય ઉકેલ માટે ચીને ડોકા- લામાંથી પોતાની સેના પાછી ખેંચી લેવી જોઈએ, વિશ્વના મોટા વિકાસશીલ રાષ્ટ્રો ઈચ્છે છે કે ભારત- ચીન વચ્ચે સંપૂર્ણ શાંતિ સમજુતિ થાય તેમાં જ બંને રાષ્ટ્રોનો ફાયદો છે.

ચીન એવું કહે છે કે ડોકા- લા ચીનનો જ પ્રદેશ છે અને જો કોઈ મંત્રણા કરવી હોય તો ભારત તેની સેના પાછી ખેંચી લે ચીન આ મુદ્દે કોઈ બાંધછોડ કરવા માટે તૈયાર નથી. યુધ્ધ થશે તો ભારતને વધુ નુકસાન વેઠવું પડશે. ચીનની આ તો રીતસરની દદાગીરી કહી શકાય.

એક સર્વે પ્રમાણે ચીનને કોઈ દેશ સાથે બનતું નથી. અને પોતાના મનઘડત નિયમોને યોગ્ય ગણાવે છે. ભારત- ચીન વચ્ચેની મડાગાંઠનો ઉકેલ લાવવા અમેરિકાએ સીધી મંત્રણા કરવા પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, સરહદી વિવાદો પર અમેરિકા નજર રાખી રહ્યું છે. વળી ચીન સાથેના ભારતના વિવાદમાં પાકિસ્તાને ચાંચ મારવાનું શરૂ કરી દીધું છે. જો કે મંત્રણાનો વિવાદનો અંત આવતો હોય તો ભારત- ચીન બંને રાષ્ટ્રોએ કોઈ અલગ સ્થાને મંત્રણા કરવી જોઈએ. યુધ્ધથી એકને નહિં પરંતુ બંને દેશોને નુકશાન થવાની સંભાવના છે.

## વટસિલા ઈન્ડિયાએ નિરજ શર્માને પોતાના પ્રેસિડેન્ટ અને મેનેજીંગ ડાયરેક્ટર તરીકે નિમણુક કરી



વટસિલા કોર્પોરેશનની સબસિડરી કંપની વટસિલા ઈન્ડિયાએ પોતાના નવા પ્રેસિડેન્ટ અને મેનેજીંગ ડાયરેક્ટર તરીકે નિરજ શર્માની નિમણુક કરી. નિરજ શર્માને એનર્જી એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સેક્ટર ૩૦ વર્ષથી પણ વધુ સમયનો અનુભવ ધરાવે છે. તે ઉપરાંત તેઓને ઉભરતા બજાર અને વિકસતા બજાર અંગે પણ બહોળો અનુભવ છે. તેઓ આ પહેલા ફિનલેન્ડ ના કોને કોર્પોરેશનના એક્ઝુકેટિવ બોર્ડ , એશિયા પેસિફિક એન્ડ મેમ્બરના એક્ઝ્યુકેટીવ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કાર્ય કરતા હતા. તે પહેલા તેઓ કોને ઈન્ડિયાના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે પણ કામ કરી ચુક્યા છે.

### આત્મચિંતન

# માનવીય સદ્ભાવનાનો લાભ આજે પણ મળે છે

માનવજાતીમાંથી ઉદારતા અને ભલમનસાઈનો અંત હજી પણ આવ્યો નથી. માનો કે સજ્જનતા ઘટી રહી છે, સ્વાર્થ વધી રહ્યો અને લોકો એકબીજાના સહાયક બનાવવાના બદલે ઈર્ષા અને શત્રુતા રાખવામાં આગળ રહે છે છતાં પણ હજી આ સંસારમાં માનવતા ઘણી છે. અને તેનો લાભ તે લોકોને હંમેશા મળતો જ રહેશે. જે એના અધિકારી છે, આવશ્યકતા કેવળ એ વાતની છે કે આપણે પોતાનો સ્વભાવ એવો બનાવીએ કે જેથી બીજાઓની સહાનુભૂતિ અનાયાસ જ પ્રાપ્ત થઈ શકે. હોંશિયાર માણસ મીઠાશભરી વાતો કરીને એકવાર કોઈને ઠગી શકે છે પરંતુ વારંવાર એ પ્રમાણે કરી શકવું તેને માટે કદાપિ શકય નહીં બને.

મનુષ્યમાં સારા કે ખરાબની પરખકરવાનો વિવેક હજુ છે અને તે બદમાશો અને બદમાશીને વધારે સમય સુધી ફુલવા ફાલવા દઈ શકે નહીં. હોંશિયારી અને અપ્રમાણિકતાથી કમાણી થઈ શકે એ વાત ત્યાં સુધી જ સારી છે જ્યાં સુધી ભેદ ખુલતો નથી એ એક સનાતન સત્ય છે કે બુરાઈ કે ભલાઈ લાંબા સમય સુધી છુપાયેલી રહેતી નથી.

ભલાઈનો વિસ્તાર મંદગતિથી થાય છે પરંતુ બુરાઈ તો અત્યંત વેગથી આકાશ પાતાળ એક કરી નાખે છે. આથી હોંશિયારી અને અપ્રમાણિકતા આધારે ચાલતા કામનો થોડાક જ દિવસોમાં નાશ થાય છે. ઉપભોક્તા અને સહકર્મચારીઓ તેમના સૌથી મોટા શત્રુ બની જાય છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# પુસ્તકો સાથે અનેરી મૈત્રી ધરાવતા, ઉમદા સાહિત્યકાર તથા શ્રેષ્ઠ શિક્ષક સુરેશભાઈ ચૌધરી 'સૂર'

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**



મારા પરમ મિત્ર સુરેશભાઈ ચૌધરી 'સૂર' જ્યારે જ્યારે મને મળે ત્યારે અંતરમાં આનંદ જરૂર થાય. કહેવાય છે કે સારા મિત્રોને યાદ કરવાથી કે મળવાથી પણ જીવન આનંદિત રહે. આમ તો સુરેશભાઈ જોડે અવારનવાર મળવાનું થતું. કારણ કે પોતે આદર્શ હાઈસ્કૂલ ડીસામાં મદદનીશ શિક્ષક છે. અને સાહિત્ય ક્ષેત્રે ખુબ જ નોલેજ ધરાવે છે. કોઈકે કહ્યું છે ને કે સાચા અને સારા માણસોને ઓળખવા માટે પણ ઈશ્વરની કૃપા જોઈએ. નહીંતર આપણી બાજુમાં જ સર્વથા યોગ્ય માણસ હોય પણ આપણે તેને ઓળખી ન શકીએ. શાસ્ત્રોનો પુરાવો લઈએ તો મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણને અર્જુન, ભિષ્મ, સુદામા, વિદુર જેવા અમુક માણસો જ ઓળખી શકયા. જ્યારે શકુની, દુર્યોધન જેવા શ્રીકૃષ્ણને કયાં ઓળખ્યા છે ? એમને તો માત્ર કપટી શ્રીકૃષ્ણ.. કે ગાયો ચરાવનાર શ્રીકૃષ્ણ લાગતા હતા. પણ જેને જેને ખબર પડી કે આ તો પરબ્રહ્મ પરમેશ્વર શ્રીકૃષ્ણ છે.. એમનું જીવન ધન્ય થઈ ગયું. એટલે આપણી નજીકમાં જ રહેતા હોય.. પણ ઈશ્વરની કૃપા હોય તો જ સાચા વ્યક્તિઓ જોડે ભેટો થાય.

સુરેશભાઈ જોડે જ્યારે જ્યારે મળવાનું થતુંત્યારે હંમેશા સારી જ વાતો સાંભળવા મળતી. જો યોગ્ય શ્રોતા મળી જાય તો તેઓ ઉચ્ચકક્ષાનું સાહિત્યનું જ્ઞાન આપતા. ન કોઈ આડંબર..કે ન કોઈ દેખાદેખી એવા 'સૂર' નામથી ઓળખાતા સુરેશભાઈ મળવા જેવા માણસ જરૂર છે.

કહેવાય છેકે, પુસ્તક એ સાચો મિત્ર છે. નવરાશની પળોમાં પુસ્તક આપણા સાચા હમદર્દી બની રહે છે. સુરેશભાઈને પુસ્તકોનો અનેરો શોખ છે. પોતાના માદરે વતનમાં પણ પોતે સ્વખર્ચે તથા ગામના સહીયારા સાથ અને માર્ગદર્શનથી પુસ્તકાલય બનાવ્યું છે. ગામના દરેક વ્યક્તિ આ જાહેર પુસ્તકાલયમાં આવતા થાય અને પુસ્તક વાંચે એવી એમની હંમેશા નિ:સ્વાર્થ ભાવના રહી છે. નવીન પુસ્તકો ખરીદવા, વાંચવા અને એ પછી અન્ય લોકોને વાંચવા માટે દાનમાં આપવા અથવા પુસ્તકાલયમાં આપી દેવા.. આવો અનેરો શોખ ધરાવતા સુરેશભાઈએ કેટલાય પુસ્તકો વાંચી લીધા છે..! શાળામાં પણ દરેક બાળક માત્ર અભ્યાસનું જ પુસ્તક ન વાંચે.. પણ સાથે સાથે અન્ય પુસ્તકો પણ તેઓ વાંચે એવી અભિલાષા એમની રહી છે.

કોઈકને જ્યારે પ્રથમ નજરે મળીએ ત્યારે તેનામાં કેટલી પ્રતિભા.. કેટલી શક્તિ.. કેટલું જ્ઞાન છે તે કદાચ ન પણ ઓળખાય.. પણ આપણને ઉંડે ઉંડે થાય જરૂર કે આ વ્યક્તિ કંઈક વિશેષ જરૂર છે પરંતુ પોતાના સ્વરચિત પુસ્તક કે અન્ય કંઈક નવીન રચના કરે ત્યારે આપણને જરૂર થાય કે, આપણે તેને ઓળખી ન શકયા.. ખરેખર આ તો કંઈક અલગ માટીથી જ ઘડાયો છે એવું લાગે.. સુરેશભાઈને મનગમતો વિષય પણ જયારે શાળામાં ભણાવવામાં મળી જતો ત્યારે તે ખુબ જ ખુશી અનુભવતા અને સઘળું જ્ઞાન જ્યારે બાળકો આગળ નીચોવી દેતા હોય તેવું ઘડીક પળ દેખાઈ આવતું.. વ્યાકરણ, છંદ, સોનેટ, ગદ્ય, પદ્ય.. કોઈપણ વિષય ઉપર જાણે સંપુર્ણ જ્ઞાન ધરાવતા સુરેશભાઈ જોડે જ્યારે બેસીએ ત્યારે સાહિત્યની ભાષામાં જ વાતો કરે.. મજા આવે એમના જીવનનો મુખ્ય હેતુ પણ વર્ગખંડના બાળકોને ખુબ જ ગહનશીલ રીતે વિષયનું જ્ઞાન સાથે સાહીત્ય પ્રદાન કરવાનો હંમેશા રહ્યો છે. શું કરીએ તો બાળકને વધુ જ્ઞાન મળે તેની જ ચિંતામાં રહેવા વાળા સુરેશભાઈ ખરેખર જ્ઞાનના ભંડાર જરૂર છે.

દરેકના જીવનમાં અમુક એવી ઘટના બની જતી હોય છે કે જેને જીવનપર્યંત ભૂલી શકાતું નથી. સુરેશભાઈના જીવનમાં પણ એક એવી ઘટના ઘટી. સુરેશભાઈ જ્યારે બનાસકાંઠાના ડીસામાં શિક્ષક તરીકે નોકરીએ લાગ્યા ત્યારે તેમના પરમ મિત્ર અને ઉચ્ચ સ્તરે પહોંચેલા સાહિત્યકારને મળવા મીઠાઈનું બોક્ષ લઈને ગયેલા. આ સાહિત્યકાર એમના વતન વિસનગર બાજુના હતા. કોઈક ઉચ્ચ નોકરીએ લાગે અને મીઠાઈનું બોક્ષ લઈને આવે ત્યારે હંમેશાં ખુશી થતી હોય પણ આ ઉચ્ચ સ્તરના સાહિત્યકારે ખુશી ન અનુભવી. સુરેશભાઈ એ કહ્યું કે મને નોકરી મળી એમાં તમે આનંદીત કેમ ન થયા ? ત્યારે તે સાહિત્યકારે સરસ જવાબ આપ્યો કે ભાઈ,સુરેશ તને નોકરી મળી એ બાબતનું મને દુ:ખ નથી પણ મને મારા વિસ્તારનો એક ઉમદા અને શ્રેષ્ઠ સાહિત્યકાર અને મારો પરમ મિત્ર અન્ય સ્થળે જઈ રહ્યો છે.આવા સાહિત્યકારની અહીં જરૂર છે. જે અત્યારે વતનથી દુર જઈ રહ્યો છે મારા વિસ્તારમાં સાહીત્યકારની ખોટ જરૂર પડશે પણ ઊંડે ઊંડે ખુશી જરૂર થશે કે તુ જે શાળામાં જઈશ ત્યાં બાળકો આગળ તારામાં જેટલું જ્ઞાન છે તે સંપુર્ણ નીચોવી દઈશ અને બાળકોને યોગ્ય જ્ઞાન મળી રહેશે. તે બાબતે ખુશી જરૂર અનુભવી છું. અભ્યાસના લગતું જ્ઞાન પીરસવામાં તું જરાયે કચાશ નહીં રાખે. .પણ તારામાં જે કળા લખવાની છે કંઈક નવીન સર્જન કરવાની છે. એ બાબતે પણ ઊંડે ઊંડે ક્ષોભ જરૂર થાય છે કે આ ધરા ઉપરથી ઉમદા સાહિત્યકાર જઈ રહ્યો છે.

સંસારમાં ગણ્યા ગાંઠયા અમુક જ પુરૂષો અહીં છે કે જેમની પાસે બેસવાથી જ આપણને ખબર પડે કે વડનાં મુળ કેટલાં ઉંડા છે .. શાંત પાણી કેટલાં ઉંડા છે તે તો પાણીમાં જઈએ તો ખબર પડે.. આવા પુરૂષો જોડે સુમેળભર્યો વ્યવહાર રાખીએ અને સ્વતંત્ર નિર્ણય લેવાનું કહેવામાં આવે તો તેઓ પોતાનું સઘળું સમર્પિત કરી દે તેવા હોય છે.કોઈપણ કામ સ્વાર્થ વગર અને પોતાના ખર્ચે કરી બતાવે તેવા જરૂર હોય છે.

કોઈક ઉમદા અને શ્રેષ્ઠ ચિત્રકાર હોય તે કલરની પીંછી લઈને દીવાલ ઉપર જ્યારે ચિત્ર દોરતો હોય ત્યારે શરૂમાં આપણને એમ જરૂર લાગે કે આ ભાઈ તો દિવાલ ઉપર લીંટા જ કરે છે. નાહકની દિવાલ બગાડે છે. પણ જ્યારે સંપૂર્ણ ચિત્ર તૈયાર થાય ત્યારે આપણે તે ચિત્રકારને શાબાશી આપીએ છીએ અને ચિત્ર દેખીને આપણે પણ ખુશી અનુભવીએ છીએ. સુરેશભાઈ જોડે જ્યારે આપણે બેઠા હોઈએ ત્યારે આવું જ કંઈક થતું.. તે સાહિત્ય, નોલેજની પરાકાષ્ઠાની વાતો કરે.. શરૂમાં આપણને જરૂર થાય કે સુરેશભાઈએ વળી શેનું બોલવાનું ચાલ્યું કર્યું ? પણ જ્યારે તેનું રહસ્ય સમજાય ત્યારે ખબર પડે કે આ આપણા જીવનમાં ઉપયોગી હતું..

સુરેશભાઈ માટે જ્યારે કંઈક શેર, શાયરી બનાવવી એ સામાન્ય કહેવાય.અમસ્તા વાત વાતમાં શેર જ સંભળાવી દે.એમના સ્વરચિત પુસ્તકોમાં આવુ બધું જરૂર વાંચવા મળે.આધુનિક ટેકનોલોજીના સમયમાં પણ ફેશબુક અને વોટશોપમાં દરરોજ તેઓ કંઈક નવીન સર્જન કરીને મુકતા હોય છે.હું દરરોજ દર સોમવારે રખેવાળમાં "સંવેદના" કોલમ અંતર્ગત લેખ લખું છું.ત્યારે સુરેશભાઈએ આ "સંવેદના" વિશે એક શેર જરૂર સંભળાવ્યો તેમને કહ્યું કે "ખુદના જીવતરમાં જ્યારે વેદના થાય છે.દોસ્ત, ત્યારે જ સાચી 'સંવેદના' મળે છે."

કોઈની કોપી કરીને ન લખવું..જે આવડે તે સ્વતંત્ર અને જાતે લખવું એવી ભાવના વાળા સુરેશભાઈ જ્યારે વોટશોપ અને ફેશબુકમાં પંક્તિઓ લખે છે ત્યારે આપણે ઘડીક પળ જરૂર આનંદિત થઈ જઈએ છીએ."જીવનમાં બધું જાણનારને પણ દુ:ખી થતા જોયા છે.મહાભારતમાં સહદેવ આખી રાત રોયા છે.ભવિષ્યના ભાખનાર કે જાણકાર બનીને નહીં પણ, સુંદર વર્તમાન માટે પુષ્પોના બાગને પાણી અમે સિંચ્યા છે." ને વળી, "ખેડૂત આજ ખેતરનું ભીતર ખાલે છે, એ તો મેઘરાજાની મહેરબાની બોલે છે.મારું તારૂં કરેલું ક્યાંય ખોવાઈ જશે, કુદરતની મરજીથી જ જગત ડોલે છે."આવી અનેક પંક્તિઓ લખનાર અને સૂર ચૌધરીના તખલ્લુસથી પ્રખ્યાત થયેલા સુરેશભાઈ ચૌધરીને શુભેચ્છા આપવા માટે તેમનો મોબાઈલ નં.૯૪૦૮૪૧૯૬૬૯ કે વોટશોપ નં. ૯૯૦૯૭૦૯૪૩૪ ઉપર શુભકામના પાઠવી શકો છો.

અને અંતમાં,

સંસારમાં આંગળીના વેઢે ગણાય એવા પુરૂષો છે કે જેમની પાસે ઘડીક બેસવાની પણ "સકારાત્મક ઉર્જા" ઉત્પન્ન થાય છે.

**પ્રવિણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

# ટીવીએસ ટાયર્સે સ્ક્રેચ એન્ડ વિન યોજના રજૂ કરી

ભારતમાં ટુ અને થ્રી વ્હીલર ટાયર્સ અને ઓફ્ફ- હાઈવે ટાયર્સની સૌથી વિશાળ ઉત્પાદક અને નિકાસકારમાંથી એક ટીવીએસ ટાયર્સ દ્વારા મહારાષ્ટ્ર, ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં સ્ક્રેચ એન્ડ વિન યોજના રજૂ કરી છે. આ યોજના ૧૫મી જુલાઈથી શરૂ થઈ હોઈ ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૭ સુધી ચાલશે.ટીવીએસ ટાયર્સ પ્રોડક્ટ્સ ખરીદી કરતા બધા ગ્રાહકોને ખાતરીદાયક ભેટ મળશે, જે ઉપરાંત તેમને ત્રણ મોટરસાઈકલ, છ ૩૨ ઈંચના એલઈડી ટીવી અને ૧૫ સ્માર્ટફોન્સ સહિત આકર્ષક ભેટો જીતવાનો મોકો મળશે. ગ્રાહકોને દર સપ્તાહે ઈનામ જીતવાનો મોકો મળશે. આ યોજનામાં ભાગ લેવાની રીત સાવ આસાન છે. વધુ માહિતી http://tvstyres. com/scratch&win પર લોગ ઓન કરીને મળી શકશે. ભાગ લેવાની પ્રક્રિયા અને ઈનામી ભેટોની વિગતો તેમાં જાણવા મળી શકશે. હમણાં સુધી યોજનાને ગ્રાહકોએ ઉત્તમ પ્રતિસાદ આપ્યો છે.

ટીવીએસ શ્રીચક્ર લિ. ટુ અને થ્રી વ્હીલર ટાયર્સ અને ઓફ્ફ- હાઈવે ટાયર્સની અગ્રણી ઉત્પાદક છે અને ટીવીએસ ગ્રુપનો હિસ્સો છે, જે ૮ અબજ ડોલરના ટર્નઓવર સાથે ભારતમાં સૌથી વિશાળ ઓટો એન્સિલરી ગ્રુપ છે. ૧૯૮૨માં રચાયેલી કંપની ટીવીએસ ટાયર્સ અને યુરોગ્રિપ બ્રાન્ડ્સ હેઠળ તેની પ્રોડક્ટોનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપની મદુરાઈ (તામિલનાડુ) અને પંતનગર (ઉત્તરાખંડ)માં સ્થિત બે એકમોમાં દર મહિને ૨.૩ મિલિયન ટાયરોનું ઉત્પાદન કરે છે.

કંપની ભારતમાં ટુ વ્હીલર ઉત્પાદકોમાં સૌથી વધુ બજાર હિસ્સો ધરાવે છે અને આફ્ટર માર્કેટ ડિમાન્ડને પહોંચી વળવા માટે રાષ્ટ્રવ્યાપી વિતરણ અને ડીલરશિપ નેટવર્ક છે. ટુ વ્હીલર અને થ્રી વ્હીલર ટાયરો ઉપરાંત કંપની વ્યાપક શ્રેણીનાં ઓફ્ફ- હાઈવે ટાયરો પણ ઉત્પાદન કરે છે, જેમાં ઈન્ડસ્ટ્રિયલ ન્યુમેટિક ટાયર્સ, સ્કિડ સ્ટિયર અને મલ્ટી પર્પઝ ટાયરો, ફાર્મ અને ઈમ્પ્લીમેન્ટ ટાયરો, મોટરગ્રેડર અને એગ્રિકલ્ચરલ ટાયરોનો સમાવેશ થાય છે. ટીવીએસ શ્રીચક્ર લિમિટેડ દુનિયાના ૮૦થી વધુ દેશોમાં નિકાસ કરે છે.

# ટોટલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સ ઊંચી માર્જિન ધરાવતા LCL (એલસીએલ) ક્ષેત્રમાં સશક્ત થશે



ટોટલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સ લિમિટેડ (ટીટીએસએલ -્જીન) ભારત ના પરિવહન ઉદ્યોગ ની એક અગ્રણી કંપની છે જે કન્ટેનર લોડ થી ઓછો (એલસીએલ - LCL) અને માલ-સામાન નું એકત્રીકરણ માં વિશેષતા ધરાવે છે જેમાં નાના જહાજી માલ ને એકત્ર કરી ને વિશ્વભર ના ૧૧૦૦ થી વધુ ગંતવ્યસ્થાન સુધી તેના નેટવર્ક પાર્ટનરો ને પહુંચાડે છે. ટીટ- ીએસએલ હવે કેપિટલ માર્કેટ માં ૩૭.૮૦ લાખ શેર નો ઈશ્યુ બહાર લાવી રહ્યો છે જેમાં શેર દીઠ ભાવ રૂ. ૪૫ છે. ફેસ વેલ્યુ રૂ. ૧૦ અને પ્રીમિયમ રૂ. ૩૫ શેર દીઠ છે. આ ઈશ્યુ નેશનલ સ્ટોક એક્સચેન્જ એમર્જ પર લિસ્ટ થવાનો છે અને ઈશ્યુ ના એકમાત્ર મેનેજર છે સારથી કેપિટલ એડવાઈસર્સ પ્રાઈવેટ લિમિટેડ. ઈશ્યુ ૨૫ જુલાઈ ૨૦૧૭ ન ખુલે છે અને ૨૮ જુલાઈ ૨૦૧૭ ના પૂરો થાય છે.

મોટાભાગ ના વહાણવટા વાહકો ને કન્ટેનર માલ થી પુરા ભરવાના હોય છે જે થી તેની ક્ષમતા વધે. જે એક્ઝિમ (EXIM) નિકાસ-આયાત કંપનીઓ ના માલ માટે પુરા કન્ટેનર ની જરૂર ન પડતી હોય તેઓ માટે ન્ઝન પરિવહન કંપનીઓ ખુબ મદદરૂપ રહે છે કારણ કે તે શ્રેષ્ઠ અને વ્યાજબી ઉકેલ આપે છે.

કંપની માલભાડા ની સાથે શિપમેન્ટ પહેલા ની બધી કાર્યવાહી ને પણ સાંભળી લે છે, જેમ કે નિકાસ તપાસ, આબકારી તપાસ, કન્ટેનર સર્વે, કાર્ગો પિકઅપ , કાર્ગો સ્ટફિંગ, વિગેરે. વધુ માં તેઓ નિકાસ માટે એકત્રીકરણ અને આયાત માટે બિન-એકત્રીકરણ ની સુવિધા પણ આપે છે. TTSL "CP વર્લ્ડ" નામ ની એકત્રીકરણ ગ્રુપ અને "આઈ કાર્ગો એલાઇન્સ" ની પાંચમી સહુ થી મોટી કંપની નું પ્રતિનિધિત્વ કરે છે.્જીન ના સ્થાપક, શ્રી મકરંદ પ્રધાન, "ૐ વર્લ્ડ" અને "આઈ કાર્ગો એલાઇન્સ" ના ચેરમેન પણ છે. કોન્સોલિડેટર નેટવર્ક ્જીન ને ૧૮૦ થી વધુ એજન્ટ સાથે સીધા સંપર્ક માં રાખે છે જેથી તે ૩૯ દેશો ના ૧૧૦૦ સ્થળો સાથે વિશ્વસ્તરે જોડાયેલા રહે. આ ૩૯ દેશો માં ભારત ના વૈપારીક પાર્ટનર દેશો, જેમ કે અખાત ના દેશો અને બીજા ઈઠૈંસ દેશો, જેમ કે દક્ષિણ પૂર્વ એશિયા, યુરોપ અને ઉત્તર તથા દક્ષિણ અમેરિકા ના મથકો પણ છે.

TTSL નો ભારત માં ન્ઝન ક્ષેત્ર માં સારો એવો હિસ્સો છે અને કંપની કાર્ગો એકત્રીકરણ માં માર્કેટ લીડર છે. તેની ત્યાં ૨૮૦ કર્મચારીઓ કામ કરે છે. તેના બહુવિધ ગ્રાહકો માં મોટી કોર્પોરેટ કંપનીઓ પણ છે તેમજ ૧૦૦૦ થી વધુ નાના ગ્રાહકો પણ છે. કસ્ટમ હાઉસ એજન્ટ (CHA) ની ૫૦૦ થી વધુ કંપનીઓ સાથે જોડાણ છે.્જીન ની ખરીદી ક્ષમતા ને નિયંત્રિત વેપાર ના કારણે તે મુખ્ય વાહ- કો દ્વારા પસંદ કરવા માં આવે છે. કંપનીએ રૂ. ૨૧૦ કરોડ ની આવક જાહેર કરી છે જેમાં ટેક્સ પછી નો નફો રૂ. ૫.૭૮ કરોડ છે. 'એસેટ લાઈટ મોડલ' અને કામગીરી માં વપરાતી મૂડી ના લોન ના કારણે તેના નિવેશ મૂડી પર વળતર ૪૮% અને સંપૂર્ણ મૂડી પર વળતર ૪૧% રહ્યું.

# કામ તો આખી જિંદગી રહેશે વહાલા.. બસ આ જિંદગી કોઈના કામમાં આવે તો..

**રાજકોટની પીડી માલવીયા કોલેજ ઓફ કોમર્સના ૧૯૮૬ ની બેચમાં ભણેલા વિદ્યાર્થીઓએ જગાથી સેવા યજ્ઞની અલખ : સ્તુત્ય પ્રયાસ.**

અષાઢ માસના ઉતરાર્ધમાં ઘનઘોર વાદળો ઉચઆકાશે છવાઈ ગયા બાદ વીજળવના કડાકા ભડાકા સાથે મેઘરાજાએ અવનીને તરબતર કરવા સોનું વરસાવવાનું શરૂ કર્યું એટલે દિકરા મેઘને લઈને બાગમાં જવાનું ના થયું ત્યાંજ મોબાઈલ ફોન પર એક મેસેજ ઝળક્યો..

"બહુત ઢુંઢા ઉન્હે પુજા, શ્લોક ઔર સ્તૃતિ મેં..અંતમે ઈશ્વર મિલા મુજે પ્રેમ, સ્નેહ, સેવા ઔર સહાનુભૂતીમેં.."

વાંચી મારું સંવેદનશીલ મૌન હૃદયમાં પણ કંઈક કેંકાર થવા લાગ્યો..અને મારૂં મન પણ વિચારોના વૃંદાવનમાં ઉડવા લાગ્યું..



છેક રાજકોટ પહોંચી ગયું.જ્યાં હું ભણ્યો પીડી માલવિયા કોલેજ ઓફ કોમર્સમાં.૧૯૮૬ માં ગ્રેજ્યુએશન કર્યું એ પછી જીવન જીવવાની જડી બુટ્ટી શોધવા દરેક વિદ્યાર્થી/મિત્રો નીકળી પડ્યા..કોઈ વેપાર કોઈ નોકરી ધંધે વળગ્યા અને સંપર્ક સેતુ ખોરવાતો ગયો.

હા, કોલેજકાળના કમલેશ જાની, બકુલ જાની, પરાગ પલાગ, ઘનશ્યામ રાવલ અને પ્રવિણ કલોલા જેવા બે ચાર મિત્રો સાથે સંપર્ક સેતુ સંધાયેલો રહ્યો.

જિંદગીના ૨૬ વર્ષ ઉતાર ચઢાવ સાથે વીતી ગયા.સાથે વિજ્ઞાને ભેટ આપી ફેસબુક અને વોટસએપની..જેનો બખૂબી ઉપયોગ પીડીએમ કોલેજમાં ૧૯૮૬ ની બેચના મિત્રોએ કર્યો.

પાંચ મિત્રોનો સંપર્કનો વ્યાપ વધતો ગયો અને રિ-યુનિયનની રચના થઈ જેમાં પ્રકાશ રાઠોડ અને ડાહ્યાલાલની મહેનત રંગ લાવી.

મળવાનું થયું.નીલુ લાલચંદાણી, દિલીપ હિંગુ, શૈલેષ, વિદ્યા જોષી, વિજય ગાધી, નીતુ ગીબા, હિંમત શેઠ, મનીષ ઝાટકીયા, સમૃધ્ધિ ઉદાણી સહિતના બધા જ મિત્રોને અને મન મોર બનીને થનગનાટ કરવા લાગ્યા.

પચાસ વર્ષે ફરી યુવાનીમાં ડગ મુક્યો હોય તેમ સહુએ અનુભવ્યું.મિત્રોએ પોત પોતાની સફળતાની ગાથા એક મેકને કહી અને વિખૂટા પડ્યા તેને બે વર્ષ થઈ ગયા પણ આ મિત્રો વચ્ચે હવે વોટસએપ માધ્યમથી જીવંત વ્યવહાર ચાલુ રહ્યો.

આપને થશે કે આજે સંવેદનામાં આવી વાત કેમ લખાઈ રહી છે? પણ મિત્રો ..કંઈક નોખા મિજાજના આ મિત્રોની દાસ્તાનને માણવા જેવી છે.

એ પછી જે મિત્રો રાજકોટમાં જ રહે છે તેઓ નિયમિત સુખ-દુ:દમાં એક મેકના પડછાયા બનીને મૈત્રીભાવના પવિત્ર ઝરણાને સુચારૂ રીતે વહેવડાવતા રહ્યા.તેની ભીનાશ મને વડોદરામાં વોટસએપ દ્વારા તેમની રૂબરૂ મળવા આવવા કેટલાક મિત્રો દ્વારા અનુભવાતી.

આ મિત્રો માત્ર હોય-હલ્લો કરવા જ ભેગા થતા નહી, પરંતુ હનુમાન જયંતી હોય તો ડાહ્યાલાલ દ્વારા હનુમાન મંદિરે ભંડારાનું આયોજન થાય.તેમાં સેવા કરવા મિત્રો પહોંચી જાય.

અને ત્યાં સેવા બાદ મજાક મસ્તીની ચર્ચા કરતા.સેવા અને સહાનુભૂતિની વાત નીકળી.અને કોઈએ વિચારને નવો વળાંક આપ્યો..દર રવિવારે હોસ્પિટલ, વૃધ્ધાશ્રમોનો ફળનું વિતરણ કરવાનું નક્કી થયું.જેને ઉપસ્થિત બધાએ એકજ સુરમાં વધાવી લીધો.

અને બે વર્ષથી આ મીત્રો રાજકોટની સિવિલ હોસ્પિટલ, ચિલ્ડ્રન હોસ્પિટલ, ઓલ્ડ એજ હોમમાં આરામનો દિવસ મનાતા રવિવારની સવારે ચા-નાસ્તાનું વિતરણ કરવા જઈ રહ્યા છે.અને સાંજે બધાજ પરીવાર સાથે ક્યારેક આઈસ્ક્રીમ, તો ક્યારેક ગાઠીયા કે ભજીયા પર્ણનું આયોજન કરીને આનંદોત્સવ મનાવી રહ્યા છે.આ તમામ પ્રવૃતિમાં જરૂરી મેડીકલ ઈન્સટ્રુમેન્ટ નીખીલ મહેતા અને પ્રકાશ રાઠોડ દ્વારા મળી રહ્યા છે.જેમાં સહાય ગૌતમ ચોટાઈ કરી રહ્યો છે.

વાત અહી અટકની નથી.દર્દી નારાયણને જોઈને આ દયાવાન મિત્રોને દિવ્યાંગોની પણ યાદ આવી અને નીતુ મીબા આગળ આવ્યા.દિવ્યાંગો માટે ડાન્સનો કાર્યક્રમ યોજીને તેઓને પણ પ્રોત્સાહિત કર્યા.જેની નોંધ 'જેની ઉપર ઉપરવાળાની મહેર છે..રાજકોટ રંગીલુ શહેર છે..' એ ગીતની પંક્તિ મુજબ સમગ્ર અજમરવીસઓએ પણ લીધી.આજે આ સેવા અને સહાનુભૂતિની અનુકરણીય વાત આપના સુધી પહોંચાડી રહ્યો છું.કારણ કામ તો આખી જીંદગી રહેશે વહાલા..બસ આ જિંદગી કોઈના કામ માં આવે તોય ઘણું..!

આપ આપના વિસ્તારમાં સેવા કાર્ય કરતા હોય તો મને : મેઘ વર્ષા ૧૪, સપ્તગિરિ સોસાયટી નં.૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૨ અથવા મો.૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે !

સંવેદના:

" વક્ત કા ખાસ હોના જરૂરી નહીં ,
ખાસ લોગો કે લીયે વક્ત હોના જરૂરી હૈ"
- મનીષ જોશી 'મૌન'.

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

# ખાંસીની સમસ્યાથી છુટકારો મેળવવાના ઘરેલુ ઉપાય

ખાંસી જેવા રોગો ઘણા કારણોથી ઉત્પન્ન હોઈ શકે છે. મૌસમમાં બદલાવને કારણ તળેલી વસ્તુઓનું વધારે સેવન કરવાને કારણે ,ઠંડી વસ્તુઓનું સેવન કરવું , કોઈ પણ વસ્તુથી એલર્જીના કારણે ધૂળ માટીના કારણે પણ ખાંસી શરૂ થઈ શકે છે. ખાંસી પણ ઘણી રીતની હોઈ શકે છે. વધારે ખાંસી આવવાને કારણે આપણી તંદુરસ્તી પર વધારે અસર પડે છે. આ રોગનો ઉપચાર તમે સાઈડ ઈફેક્ટસ વાળી દવાઓ લીધા વગર ઘરમાં રહેલી પ્રાકૃતિક વસ્તુઓની મદદથી સહેલાઈથી કરી શકો છો. જો ખાંસીથી ૨ અઠવાડિયા સુધી છુટકારો ન મળે તો ડાકટરનો તરત જ સંપર્ક કરવો.

★ ૧૦-૧૫ તુલસીના પાન ,૮-૧૦ કાળી મરીની ચા બનાવીને પીવાથી ખાંસી,શરદી અને તાવ ઠીક થઈ જાય છે.

★ આંમળાને સુકાવીને ચૂરણ બનાવીને એમાં સમાન માત્રામાં ખાંડ મિક્સ કરી લો. દરરોજ સવારે એનું ૬ ગ્રામ તાજા પાણી સાથે સેવન કરો. જૂનાથી જૂની ખાંસી પણ થોડા દિવસોમાં ઠીક થઈ જશે.

★ પાકેલા સફરજનનો રસ કાઢી અને એમાં સાકર મિક્સ કરી દરરોજ એને પીવાથી ખાંસીથી રાહત મળે છે.

★ મધ અને ત્રિફળાને સમાન માત્રામાં મિક્સ કરી પીવાથી ખાંસીથી છુટકારો મળી શકે છે. ★ તુલસીના પાન ,મીઠું અને લવિંગને પાણીમાં ઉકાળીને આ પાણી ચાળીને પીવાથી ખાંસીથી છુટકારો મળે છે. ★ બે ગ્રામ ઈલાયચીના દાણાને ચૂરણ અને સૂંઠના પાવડર સાથે લઈને બન્નેને મધમાં મિક્સ કરી એનું સેવન કરવાથી ખાંસી દૂર થાય છે.




# અન્યોની મદદ કરવાથી આયુષ્ય વધે છે: રિપોર્ટ

લાંબા આયુષ્ય માટે અન્ય લોકોની મદદ પણ ઉપયોગી સાબિત થાય છે. હાલમાં જ અભ્યાસમાં પણઆ બાબત હવે સાબિત થઈ ચૂકી છે. બીએમસી પબ્લિક હેલ્થમાં પ્રકાશિત અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. યુનિવર્સિટી ઓફ એક્સેટર મેડીકલ સ્કૂલમાં સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જેલોકો અન્ય લોકોની મદદ કરે છે તે લોકો વધારે લાંબાસમય સુધી આયુષ્ય ધરાવે છે અને જીવે છે. ૪૦ પ્રકાશિત અભ્યાસોમાંથી ડેટાની ચકાસણી કરવામાં આવ્યા બાદ સંશોધકો આ તારણ ઉપર પહોંચ્યા છે. આમા જણાવવામાં આવ્યું છે કે અન્યો માટે સમય કાઢનાર લોકોમાં મોતનો ખતરો ૨૨ ટકા સુધી ઘટી જાય છે. આ ઉપરાંત ડિપ્રેશનની શક્યતા પણ ખૂબ ઓછી થઈ જાય છે. સાથે સાથે જીવનમાં સંતોષની લાગણી મળે છે તે જે ખૂબ જ ફળદાયી સાબિત થઈ શકે છે. અન્યોની મદદ નહીં કરનાર લોકોની સરખામણીમાં અન્ય માટે સમય કાઢનાર લોકો વધારે સંતોષ ધરાવે છે. નાણાંકીય યોગદાનનું આમા કોઈ મહત્વ રહેલું નથી. અભ્યાસના ભાગરૂપે સામેલ થયેલા લોકોએ ઘણા સમય સુધી લોકોના વલણ ઉપર નજર રાખી હતી. સ્વૈચ્છિક લોકો ઘરેથી બહાર નીકળ્યા હતા અને અન્યોની મદદમાં સક્રિય થયા હતા. આના કારણે તેમની શારિરીક અને માનસિક આરોગ્યની સ્થિતિમાં સુધાર થયો હતો. અન્યોની મદદ નહીં કરનાર લોકોમાં આ પ્રકારના લક્ષણો દેખાયા નથી. બોજ તરીકે અન્યોની મદદને ન ગણવા આમા કહેવામાં આવ્યું છે. બીજાની મદદ કરીને લાંબા આયુષ્યને આમંત્રણ આપી શકાય છે.



# ટાઈફોઈડની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — ડો. જગદીશ ધોળકીયા

**જીજ્ઞાસુ મિત્રો,**

ચોમાસાની ૠતુમાં ખોરાક લેવામાં ખુબ જ કાળજી લેવી જોઈએ. પ્રાચીન સમયથી દરેક ધર્મ તેમજ સંપ્રદાયમાં આરાધના, ઉપવાસ વિગેરે ચોમાસામાં ચાર મહીના સુધી કરવામાં આવે છે. તહેવારો પણ આ ચાર મહીનામાં વિશેષ આવે છે. માટે જ ચોમાસામાં ચાતુર્માસ કહેવામાં આવેછે. તેમાં ઉપવાસ, એકટાણા, ફળાહાર વિગેરે સંયમથી કરવામાં આવેછે. આમાં વૈજ્ઞાનિક કારણ નથી. પાચન વ્યવસ્થિત થાય છે તેમજ ચોમાસામાં પાચનક્રીયાના રોગો અટકાવી શકાય છે.

ચોમાસામાં અલ્પાહાર, ઉપવાસ કે એક ટંક જમવું જોઈએ.

સામાન્ય રીતે ખોરાકમાં સંયમ નહીં રાખવાથી ચોમાસામાં ઝાડા ઉલટી, મરડા, કોલેરા, ગેસ્ટ્રાઈટીસ, લીવરના રોગો, ટાઈફોઈડ વિગેરેની શકયતાઓ વધી જાય છે.

**ટાઈફોઈડની દવાઓ**

ટાઈફોઈડને એન્ટરીક ફીવર પણ કહેવામાં આવે છે.આ રોગમાં આંતરડામાં પેયર પેચીસ એટલે કે ચાંદા પડી જાય છે. દિવસે દિવસે આ તકલીફ વધવાથી પેટમાં દુઃખાવો થાય, ઉલટી થાય, તાવ આવે, ખોરાક ભાવે નહીં વિગેરે તકલીફો થાય છે.

ટાઈફોઈડ તાવમાં હલકો ખોરાક લેવાય, મરી મસાલા બંધ કરાય, મોસંબીનો રસ પારલે બિસ્કીટ, બાફેલા બટાકા, ઉગાડેલા મગ, સાબુદાણાની ખીર વિગેરે ખોરાક લેવામાં આવે છ`તથા આ ખોરાક એકી સાથે ન લેવાય પણ થોડા થોડા સમયે થોડો ખોરાક લેવાય, પાણી તેમજ પ્રવાહી ખોરાક વધારે લેવાય.

૧. બેપ્ટીસીયા : આખા શરીરમાં દુઃખાવો થાય, પેડુમાં સોજો આવે, જમણી બાજુમાં દુઃખાવો વિશેષ થાય. પેટમાં ઉપરના ભાગમાં ગુડ ગુડ અવાજ આવે, ઝાડા થાય, સુઈ રહેવાથી દુઃખાવો થાય, માથામાં ભાર લાગે, દર્દી ઘણીવાર સુતાં સુતાં સનેપાતની જેમ બોલવા લાગે.

મોંઢું લાલ થાય, દાંત થોડા કાળા લાગે, હોઠ પણ કાળાશ પડતા થાય, જીભ ઉપર પીળાશ પડતો મેલ જમા થાય, દર્દીને પાણીની બહુ જ તરસ લાગે.

દર્દીનો પરસેવો ગંધાય, શ્વાસ ગંધાય, સંડાસ ગંધાય, પેશાબ ગંધાય.

આ દવાનું ખાસ લક્ષણ એ છે કે દર્દી વારંવાર બેહોશ જેવો થાય, ખુબ જ કમજોરી આવે, હાથ ઉંચો કરી શકે નહીં, આખો દિવસ ઘેરણમાં રહે.

**૨. રસટોક્ષ:** ટાઈફોઈડની આ ઉત્તમ દવા છે. પથારીમાં એક પોઝીશનમાં સુઈ શકે નહીં, વારંવાર પડખાં બદલ્યા કરે તો પણ આરામ થાય નહીં, અકળામણ, બેચૈની થાય.

દર્દીનો ચહેરો લાલ થાય, ચામડી સુકાઈ જાય તથા ચામડી લાલ થઈ જાય, માથામાં દુઃખાવો થાય, નાકમાંથી કાળા રંગનું લોહી આવે, ફેફસાં કમજોર થાય, સુકી ખાંસી આવે, રાતમાં ખાંસી વધારે આવે, સવારે ઓછી થાય, જીભ ફાટી જાય, જીભ ઉપર ચીરા પડે, પાતળા ઝાડા થાય, ઝાડા ગંધાય, રાત્રીના ઉંઘ ના આવે, આખી રાત વિચારો આવે, ભ્રમણાઓ થાય તેની આ ખાસ દવા છે.

**3. જેલ્સેમીયમ :** ટાઈફોઈડ તાવમાં શરીર ધ્રુજવા લાગે, સુસ્તી લાગે, ખુબ જ કમજોરી લાગે ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. શરીરમાં સખત દુઃખાવો થાય, આ દવાનું ખાસ લક્ષણ એ છે કે સવારે દશ વાગે તેમજ સાંજે ચાર પાંચ વાગે તાવ વધી જાય, દર્દીને પાણીની તરસ લાગતી નથી. દર્દી આખો દિવસ સુઈ રહે, બેસવા જાય કે ઉભો થાય ત્યારે ચક્કર આવે.

આ સિવાય લક્ષણ પ્રમાણે ટાઈફોઈડમાં એસીડમ્યુર, ક્રોટોન, ટેરીબીંદીના વિગેરે દવાઓ ઉપયોગમાં આવે છે.

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

# ઘરેલું ઉપચાર..... ઝાડા

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

ઝાડા મટાડવા માટે વિશ્વા એટલેકે સૂંઠ થી ઉત્તમ કોઈ ઔષધ નથી. આવું જયારે ૠષિ કહે ત્યારે ૠષિ ની માનવ માટે ની સંવેદના ની અનુભૂતિ થાયછે. કેટલી સરળ, સાદી, સીધી દવા ને તોય આપણે દવા, રીપોર્ટ, ને ખોરાક ના અવળા પાટે ચડી જઈને તન, મન ને ધન થી ખાલી થઈ જઈએ છીએ ને મૃત્યુ ને શરણ જઈએ છીએ તે હકીકત છે.

આયુર્વેદ કહેછે કે અગ્નિ – પાચન નબળું પડે ને વાયુ વધે, પ્રવાહી વધુ લેવાય ત્યારે વધેલો વાયુ શરીરના પ્રવાહી ને મળ સાથે લઈને મળમાર્ગથી બહાર કાઢે છે તેને અતિસાર - ઝાડા કહેછે. અતિસારમાં મળ પ્રવાહી જેવો હોય ને સરળતાથી સરકી જાયછે. પરંતુ તેજ મળમાં ચીકાશ આવે તો તે પાણીમાં ડુબે છે તો તે રોગનું નામ છે આમાતિસાર. અને મળમાં ચીકાશ સાથે ચૂંક, વાઢ, કુંથન કે પ્રવાહન આવેછે તો તે કહેછે પ્રવાહિકા. અને દુર્ગંધ યુક્ત, પીડા સાથે, કાચો- પાકો મળ વધુ પ્રમાણમાં આવે તો તેને ગ્રહણી રોગ કહેછે. અહી અતિસાર, પ્રવાહિકાને ગ્રહણી રોગની સારવાર સહેલી છે સાવ, પરંતુ ઓળખાણ અઘરી છે. અનુભવી વૈદ્ય જ આનું સુક્ષ્મ નિદાન કરી શકે છે.

બધાજ રોગો પાચનની નબળાઈથી થાય છે. ખાસ કરી ને પેટના રોગો. ઝાડા કે મરડો કોઈપણ રોગમાં પાચન સુધારવું જ પડે નહીતર તે રોગ ફરી ફરીને થાય છે.

અતિસારમાં જ્યાં સુધી મળમાં ચિકાસ આવે છેને ઝાડા વારંવાર થઈ આવે આવે છે ત્યાં સુધી સરળતાથી પચી જાય તેવો ખોરાક જેમ કે ...... ભાતને દહીં, લીંબુ સાથેની મગની દાળને ભાત નો જ ખોરાક લેવો જોઈએ. અને દવામાં સુંઠ ને દહીં, છાસ, કે લીંબુના પાણી સાથે વારંવાર આપવી ને દૂધ ની બનાવટ લેવાનું બંધ કરવું.

શરીરમાંથી કોઈપણ માર્ગથી વહી જતા પ્રવાહી- ધાતુ ને અટકાવવા માટે સુંઠથી શ્રેષ્ઠ કોઈ ઔષધ નથી જેમકે.........

નાકમાં થી વહેતું પ્રવાહી... શરદી.

યોની માર્ગથી વહેતું પ્રવાહી...... શ્વેતપ્રદર.

કાનમાંથી વહેતું પ્રવાહી........ કાનની રસી

મૂત્રમાર્ગથી વહેતું પ્રવાહી.... સ્વપ્નદોષ, પ્રમેહ, પથારી માં પેશાબ.

ચામડીમાંથી વહેતું વધુ પ્રવાહી.......અધિક પરસેવો.

જાતીય રોગમાં પુરુષની નિર્બળતા........ શીઘ્રપતન.

વારંવાર થુકવાનો રોગ........ પ્રસેક.

મળમાર્ગમાંથી વહેતું પ્રવાહી.... ઝાડા.

આ બધા જ રોગોમાં સુંઠનું સેવન આંખો બંધ કરીને કરવામાં કોઈ વાંધો નથી

કારણ કે સુંઠ નો ગુણ છે ગ્રહણ કરવાનો- વહી જતા પ્રવાહીને રોકવાનો અને ભૂખ લગાડી પાચન કરવાનો.

- **અતિસાર મટાડવા**: સુંઠને જીરુંને દહીં કે છાસ સાથે લેવું.
- **પ્રવાહિકા** ...હરડે પણ પાચન માટે ઉત્તમ છે જે પ્રવાહિ-કા—મરડો મટાડવા માટે સારી છે તે વાયુનું અનુલોમન કરે છે તેથી ચૂંક મટાડે છે.

હરડેને સુંઠ સાથે લેવાથી પાચન સારું થાય છે. પરંતુ તેના માટે વૈદ્યનું માર્ગદર્શન જરૂરી છે.

- ગ્રહણી રોગ માટે દાડમ, છાસ, સુંઠ, લીંબુનો ઉપયોગ કરી શકાય,


**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ,**
**(પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**


# લીલા પાંદડાવાળી શાકભાજી ચોમાસામાં ન ખાઓ

**આરોગ્ય**

વર્ષાૠતુ ઘણાં પરિવર્તનો લઈને આવે છે. આપણા શહેરી જીવનમાં ઘણાંબધાં એડ્જસ્ટમેન્ટ આપણે કરવાં પડે છે. ટ્રાન્સપોર્ટ અઘરું થઈ પડે છે, બીમારીઓ વધી પડે છે અને ખોરાક પણ બદલાઈ જાય છે. સવારના ટ્રેનમાંથી ઑફિસ જવા નીકળીએ ત્યારે રસ્તામાં વડાપાંઉ ખાઈ લઈએ એટલે નાસ્તો થઈ જાય અને સાંજે ટ્રેનમાં પાછા જતાં ભૂખ લાગે ત્યારે ૧૦ રૃપિયાની ભેળ કે ૧૫ રૃપિયાનાં બે સમોસાં ખાઈ લઈએ એટલે સાંજની ભૂખ સંતોષાઈ જાય. ઘણાને તો ઘરે ડિનર પણ ન કરે તો ચાલે એવી હાલત હોય છે, પરંતુ ચોમાસામાં આ ૧૦ રૃપિયાનું વડાપાંઉ કે ભેળ બીમારીને તાણી લાવી લાંબો ખર્ચો ન કરાવે એટલે સમજુ મુંબઈકરો ઘરેથી જ મહેનત કરી ડબ્બા સાથે રાખે છે. વરસતા વરસાદમાં ગરમ ભજિયાં, વડાપાંઉ કે સમોસાં સારાં જ લાગવાનાં; પરંતુ સ્વાદ પર ન જઈને સેહત વિશે વિચારવું ચોમાસામાં અત્યંત જરૃરી છે નહીંતર એકાદ અઠવાડિયાનો ખાટલો જરૃર આવી શકે છે. ચોમાસામાં ખાનપાનનું વિશેષ ધ્યાન રાખવું જરૃરી છે. એ માટે શું કાળજી રાખવી એ વિચારીએ.આજકાલ બજારમાં જે શાકભાજી મળે છે એમાં ખૂબ જ માટી રહેવાની જ છે. એટલે બજારથી શાકભાજી ખરીદીને આવો એ પછી ઘરે આવીને એને સારા પાણીએ વ્યવસ્થિત ધોવી જરૃરી છે જેથી બધી જ માટી નીકળી જાય. ઘણી વાર એવું બનતું હોય છે કે પાણીથી ધોયા પછી પણ માટી અને કીટાણુઓ સાફ થતા નથી.શાકભાજી તો પછી પકવવાની જ હોય એટલે એમાં એટલો કદાચ પ્રૉબ્લેમ થતો નથી. રાંધતી વખતે કીટાણુ મરી જાય છે, પરંતુ ફળોને પકવવાનાં હોતાં નથી. એટલે એમને વ્યવસ્થિત કીટાણુમુક્ત કરવાં જોઈએ. આજકાલ બજારમાં મળતાં ઓઝોનાઈઝર મશીન ઘણાં સારાં હોય છે, જેમાં ઍન્ટિબૅક્ટેરિયલ પ્રૉપર્ટી હોય છે.

આ મશીન તમારી પાસે ન હોય તો એક નાની ડોલ જેટલા પાણીમાં રેગ્યુલર વાપરવામાં આવતો એક કપ સફેદ વિનેગર નાખી દો અને એનાથી ફળો અને શાકભાજી ધોઈ કાઢો. આ રીત પણ ઘણી અસરકારક છે. વિનેગર ઍસિડિક હોય છે એટલે એ કીટાણુઓને દૂર કરે છે.'રોડસાઈડ ખુલ્લામાં રાખેલો ખોરાક ચોમાસામાં ઈન્ફેક્શન કરી શકે છે અને એને કારણે ઝાડા-ઊલટી, કમળો, મરડો, ટાઈફોઈડ જેવા રોગો થઈ શકે છે. એટલે બહારનો ખોરાક જેટલો ટાળી શકાય એટલો આ ૠતુમાં ટાળવો. ઘણી વાર આપણને લાગે છે કે હોટેલ્સમાં બધું સાફ જ રહે છે, પરંતુ જરૃરી નથી એવું હોય. આ બાબતે વાત કરતાં ડાયટિશ્યન કહે છે, 'ખોરાક રાંધીએ એટલે એ જંતુરહિત બને છે

ઘરે પણ કાચું સૅલડ કે વેજિટેબલ જૂસ પીવાનું ટાળવું જોઈએ. આ સિવાય ઘણાં ઘરોમાં સવારે રસોઈ બની જાય અને વધ્યું હોય તો એ રાત્રે પણ ચલાવતા હોય છે. ઘણા બે દિવસ જૂનું રાંધેલું પણ ખાતા હોય છે. આવી ભૂલો આ સીઝનમાં ન કરવી. તાજું રાંધો અને તાજું જ ખાઓ. આદર્શ રીતે તો ખોરાક પકવ્યા પછી બે કલાકમાં ખાઈ લેવો જોઈએ, પરંતુ જો એમ ન કરી શકાય તો જે ટંકે જમવાનું છે એ ટંકે જ બનાવેલું હોય એટલું તો ધ્યાન રાખો જ. ઘરે પણ ખોરાકને ઢાંકીને જ રાખો. આ નાની બાબતો તમને મોટી બીમારીઓથી દૂર રાખશે.'આમ તો જ્યારે હેલ્થની વાત આવે છે ત્યારે નિષ્ણાતો લીલાં પાંદડાંવાળી શાકભાજી ભરપૂર ખાવાનું કહે છે, કારણ કે આ શાકભાજીમાંથી કૅલ્શિયમ અને આયર્ન ભરપૂર માત્રામાં મળે છે જે આપણા શરીર માટે અત્યંત જરૃરી છે; પરંતુ ચોમાસામાં વરસાદને કારણે લીલાં પાંદડાંવાળી શાકભાજી ખૂબ ઓછી મળે છે. જે મળે છે એ સારી ગુણવત્તાની મળતી નથી. વળી એ જમીનથી જોડાયેલી હોવાથી એમાં માટી, કીડા અને કીટાણુ વધુ માત્રામાં હોય છે.'આ માટે પાલક, ફુદીનો, કોથમીર, તાંદળજો, મેથી વગેરે આ સીઝનમાં ન ખાવાં વધુ સારાં છે. એટલું જ નહીં, કોબી અને ફ્લાવર જેવી શાકભાજી જે પાણીથી ધોવા છતાં વ્યવસ્થિત સાફ નથી થતી અને એમાં કીટાણુઓ રહી જઈ શકે છે એ રોગના કારક બને છે. એટલે એ ખાવા માટે અવગણી શકાય. એની અવેજીમાં ટીંડોળાં, પરવળ, દૂધી,

અનુસંધાન પાના નં.૬ ઉપર

**ચોમાસામાં વરસાદને કારણે લીલાં પાંદડાવાળી શાકભાજી ખૂબ ઓછી મળે છે. જે મળે છે એ સારી ગુણવત્તાની મળતી નથી. વળી એ જમીનથી જોડાયેલી હોવાથી એમાં માટી, કીડા અને કીટાણુ વધુ માત્રામાં હોય છે. આ માટે પાલક, ફુદીનો, કોથમીર, તાંદળજો, મેથી વગેરે આ સીઝનમાં ન ખાવા હિતાવહ**

# ફ્લેશ:ટીવી ન્યુઝ ચેનલો ખુદ સમાચારોથી સતત ચોંકતી રહે છે, લોકો નહીં !

**મન બિલોરી કાચ** — મંજુ પ્રજાપતી

એક જમાનો એવો હતો કે, જ્યારે ટીવી ચેનલના સ્ક્રીન પર બ્રેકિંગ ન્યુઝનું પાટીયું ચમકે તો દર્શકો ચોંકી ઉઠતાં.હવે આજે સમય એવો છે કે, બ્રેકિંગ ન્યુઝથી ચોંકાવવાનું કામ ટીવી ચેનલોવાળા કરી રહ્યાં છે.લોકોને બ્રેકિંગ ન્યુઝ હવે ચીલાચાલુ સમાચાર જેવા જ લાગે છે.દર્શકોને બદલે વાતવાતમાં ટીવીવાળા ચોંકી જતાં હોય તેમ ટેલીવિઝનનો પડદો મૂક રાડારાડી કરવા લાગે છે, બ્રેકીંગ ન્યુઝ... બ્રેકીંગ ન્યુઝ...

ભારતના ભૂતપૂર્વ જાંબાઝ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીની હત્યા બાદ એટલે કે ઈ.સ.૧૯૮૦ના દાયકાના પ્રારંભિક સમયગાળામાં દેશવાસીઓ ટીવી સેટ ભણી આકર્ષિત થયાં હતાં.ત્યારે પહેલા ટીવીનું ચલણ ન્હોતું.જો કે સ્વ.ઈન્દિરાજીની અંતિમ યાત્રાના જીવંત દૃશ્યો નિહાળવા માટે સંખ્યાબંધ લોકોએ ટીવી ખરીદ કર્યા હતા.એ સમયે એક માત્ર સરકારી ચેનલ દૂરદર્શન જ જોવા મળતું હતું.

આજે ભારતમાં લગભગ અઢીસોથી વધુ ટીવી ચેનલો આકાશમાંથી વરસી રહી છે.જેમાં ચોવીસે કલાક હિન્દી અને અંગ્રેજી ફિલ્મો દર્શાવતી ચેનલો પણ અનેક છે.આજની યુવા પેઢીને એ જાણીને આશ્ચર્ય થશે કે,૧૯૮૦ના દાયકામાં દૂરદર્શન પર દર અઠવાડીયે રવિવારે જ એક હિન્દી ફિલ્મો જોવા મળતી અને એ ડબલ સેન્સર્ડ ! રવિવારે સવારથી મધ્યરાત્રી સુધી દૂરદર્શન જોવા મળતુંને બાકીના દિવસોમાં દરરોજ સાંજે આ ચેનલ શરૂ થતી.આઠેક કલાકના પ્રસારણમાં રાત્રે અડધી અડધી કલાક હિન્દી અને અંગ્રેજીમાં સમાચાર પ્રસારિત થતાં.અમુક કાર્યક્રમોને બાદ કરતાં બાકીના તમામ કાર્યક્રમો અત્યંત કંટાળાજનક બની રહેતાં રવિવારે બપોરે પ્રાદેશિક ભાષાની(વિવિધ રાજ્યોની)ફિલ્મો પણ દેખાડવામાં આવતી.જો કે, આ પૃથ્વી પર કશું શાશ્વત નથી.પરિવર્તનનું ચક્ર ફરતું જ રહે છે.સમય પલ્ટાયો ..ને આજે સ્થિતિ કેવી છે એ આપણે સહુ જાણીએ છીએ.

આજે આપણી પાસે સમાચારોની ચેનલોમાં પણ જબરદસ્ત વૈવિધ્ય અને વિકલ્પો ઉપલબ્ધ છે.ન્યુઝ ચેનલોની વધતી સંખ્યાએ અભૂતપૂર્વ સ્પર્ધાત્મકતાનો માહોલ ખડો કરી દીધો છે.આ સ્પર્ધામાં ટકી રહેવા અને દર્શકોને ટકાવી રાખવાની મથામણમાં ન્યૂઝ ચેનલો ઘાંઘી અને ચિંતિત બની છે.નવા-નવા સમાચારો આપવાની ધૂનમાં ચેનલો બેફામ બનવા લાગી છે.અગાઉ એવું બનતું કે, ખરેખર કોઈ ચોંકાવનારા સમાચાર હોય તો જ તેને બ્રેકિંગ ન્યૂઝ તરીકે ચમકાવવામાં આવતાં.જે-તે સમાચારનું મહત્વ નક્કી થતું, પરંતુ ચેનલો વધી જવાથી જાણે કે સમાચારો ઘટી ગયા હોય કે ખૂટી પડ્યાં હોય તેમ દર્શકો સમક્ષ સર્વપ્રથમ સમાચાર દર્શાવવાની હોડમાં ગમે તેવા અને ગમે તે દરજ્જાના સમાચારોને બ્રેકિંગ ન્યૂઝ કેટેગરીમાં મૂકી દેવાનો સિલસિલો શરૂ થઈ ગયો.

ચોવીસ કલાક ધમધમતી ન્યૂઝ ચેનલોમાં સતત નવા-નવા સમાચારો આપતાં રહેવું એ ખરેખર ખૂબ જ અઘરૂ કાર્ય છે.જો કે,મુશ્કેલી એ પણ થાય છે કે, સમાચાર પેદા થવાની બાબતમાં પણ ક્યાંક તો મર્યાદા રહેવાની જ.રોજ સાતત્યપૂર્ણ રીતે અતિ મહત્વના સમાચારો મળતાં જ રહે એ જરાય જરૂરી નથી.ન્યૂઝ ચેનલોના રીપોર્ટરો પણ હારી-થાકીને આખરે ચીલાચાલું ઘટનાને પણ મીઠું-મરચું ભભરાવીને મોકલી આપી ચેનલની સમાચાર ભૂખ ભાંગતા રહે છે.

સમાચારની સ્પર્ધામાં સતત આગળ રહેવા માટે ન્યૂઝ ચેનલો ભાન ભૂલીને ગમે તેવી સામાન્ય ઘટનાને પણ મોટા સમાચાર તરીકે રજૂ કરવાની ભૂલો કરવા લાગી છે.આવી ગફલતને કારણે સમાજ ઉપર તથા ઘટના સાથે સંકળાયેલા

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ઝડપથી વજન ઉતારવા માટેની ટિપ્સ

**આરોગ્ય સંહીતા**

વજનથી છુટકારો મેળવવા માટે જરૂરી નથી કે તમે ડાયેટિંગ કરો. વજન ઘટાડવા માટે તમે કેટલીક હેલ્ધી ટિપ્સ પણ અપનાવી શકો છો. જેનાથી તમે ફિટ અને સ્વસ્થ બંને રહી શકો છો. સ્થાયી વજન ઘટાડવા માટે તમારે કોઈ એવી રીત અપનાવવી જોઈએ જેનાથી તમે કાયમ ફિટ અને ફ્રેશ રહી શકો. વજન ઘટાડવાની સૌથી સારી રીત છે કે તમે તમારો ડાયેટ ચાર્ટ બનાવી લો કે પછી એવો ડાયેલ લો જે તમારા વજનને ઘટાડવામાં મદદ કરે. આવો જાણીએ ઝડપથી વજન ઉતારવાની કેટલીક ટિપ્સ

ઝડપથી વજન ઘટાડવા માટે જરૂરી છે કે તમે એક્સરસાઈજ શરૂ કરી દો. શરૂઆતમાં ભલે તમે એક્સરસાઈઝ ઓછી કરો પણ પછી તેનો સમય વધારી દો.

એક્સરસાઈઝ પહેલા તમે વોર્મઅપ કરવુ ન ભૂલશો. તેમા તમે બૉડીને સ્ટ્રૈચ કરી શકો છો. જંપ કરી શકો છો કે પછી ફરી શકો છો. તેમા તમારી બૉડીમાં ગરમી આવી જશે પછી તમે દોડનારી કૂદનારી એક્સરસાઈઝ આરામથી કરી શકશો.

એક્સરસાઈઝના સમયે તમે તમારી સાથે પાણી રાખો જેનાથી તમને જલ્દી થાક ન લાગે અને તમારો શ્વાસ ન ફૂલે. તમે સવારે ઉઠીને રોજ ખાલી પેટ એક ગ્લાસ કુણા પાણીમાં લીંબૂ અને મધ નાખીને પીવો.જંકફૂડ અને બહારની વસ્તુઓ ચોકલેટ, કેક, ટોફી આઈસક્રીમ કૈંડી વગેરે બિલકુલ ન ખાશો.મીઠાઈ તમારી પસંદગીની હોઈ શકે છે પણ ઝડપથી વજન ઓછુ કરવા માટે જરૂરી છેકે તમે મીઠાઈ, ખાંડ, ગળ્યા પદાર્થ અને મીઠુ બિલકુલ ભૂલી જાવ કે તેની માત્રા ઓછી કરી દો. અનુસંધાન પાના નં.૬ ઉપર

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — ડો. પ્રવીણ પટેલ

**ગતાંકથી ચાલુ**

આ ઉપરાંત પુર્વમાં અહિંસાની એક અસરકારક વિચારસરણીનો વિકાસ થયો. મહાવીર અહિંસાના પૂજારી હતા. બુદ્ધ કરૂણાનિધિ તો કૃષ્ણ પુર્ણ પુરૂષોત્તમ હતા. રામ આદર્શ મર્યાદા પુરૂષોત્તમ હતા. કૃષ્ણ સિવાયના મોટા ભાગના મહાપુરૂષો અહિંસાનું દ્રઢપણે પાલન કરતા હતા, તેથી પૂર્વના દેશોએ યુદ્ધો કરવાનું અને સામ સામે લડીને પોતાનાં રાજયનો વિસ્તાર કરવામાં જરા સરખો પણ રસ ન લીધો. પરિણામે અહીં કેટલીયે બહારની પ્રજાઓએ સામ્રાજયવાદના વિસ્તાર તથા સંપત્તિ પ્રાપ્તિ માટે આક્રમણો કર્યા અને અહીં સ્થિર થયા. આવી બાહ્ય પ્રજાઓએ આ દેશમાં લાંબા સમય માટે શાસન પણ કર્યું. પશ્ચિમના લોકો આને મુર્ખતા ગણતા હતા. અહીં જગતમાં સ્વવિકાસ વિના કોઈપણ પ્રકારનો વિકાસ શકય નથી તે સિદ્ધાંતને જ અનુસરતા હતા.

જ્યારે પૂર્વમાં વિશેષતઃ ભારતમાં.. 'ચાહો બધા પરસ્પર સાહો બધા પરસ્પર ! ની વિશાળ કલ્યાણદાયી ભાવના હતી. 'અતિથિ દેવો ભવઃ' ક્ષમા વીરસ્ય ભુષણમ્! પરોપકાશ્ચય સદૈવ કાર્યઃ' માતૃદેવો ભવ, પિતૃદેવો ભવઃ એકલવ્ય જેવી ગુરૂભક્તિ, કર્ણ જેવી દાનવૃત્તિ, પૂર્વાધિના ક્રુર સમ્રાટ અશોક, વાલીયા જેવા લુંટારા અને અંગુલીમાલ જેવા દાનવનાં જીવનને દિવ્ય ઉચ્ચ શ્રેયસ્કર મનુષ્ય, રાજવી, ૠષિમાં પરિવર્તીત કરવાની ફીલસુફી હતી ! દધિચી ૠષિ જેવી ત્યાગ વૃત્તિ વર્તમાનમાં દુર્લભ જ નહીં, અશકય જ છે. જગતમાં નીપજેલા આત્મજ્ઞાનીઓની બહુલતા પૂર્વ સિવાય અન્યત્ર કયાંય નથી..! પૂર્વમાં પુર્ણાનંદનો મહીમા અને શોધ છે. વ્યક્તિ વિકાસ, યુદ્ધ દ્વારા સામ્રાજય વિસ્તારવાદની માત્રા ગૌણ અને અલ્પ જ છે. કવિ રવિન્દ્રનાથ ટાગોર પોતે લખેલાં ગીતાના ભાષ્યમાં આ અંગે સચોટ સમજુતી આપતાં લખે છે : 'સ્વવિકાસ અથવા સુખ પ્રાપ્ત કરવા માટે કોઈને કોઈ ચુકવણું અવશ્ય કરવું પડે છે. પોતાના 'હું'ને વિકસીત કરવા જતાં મોટા ભાગે પોતાના દેશની જ અન્ય કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓનો વિકાસ, વિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે થોડો ઘણો પણ 'રૂંધાય છે' જેમ કે સ્વામી વિવેકાનંદે તેમનાં વકતવ્યોમાં અનેકવાર એક વાતનો ઉલ્લેખ કર્યો છે : 'સુખ-દુઃખનો સરવાળો મોટે ભાગે સમાન રહે છે. શું કોઈપણ વ્યક્તિને સુખ કે સ્વ વિકાસ માટે બીજી વ્યક્તિને દુઃખી કરવી પડે છે અથવા તો અન્યના સ્વવિકાસનો ભોગ લેવાય છે ? એટલે અહીં એકના ભોગે બીજાનો વિકાસ થાય છે.' એવું મોટા ભાગે કહી શકાય.

રવિન્દ્રનાથ ટાગોર આ જ વાત આગળ સમજાવતાં કહે છે 'ગીતામાં સહકાર અને પરોપકાર ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. પરોપકારથી પણ વિશેષ અહીં ગમે

અનુસંધાન પાના નં.૬ ઉપર

# બકરીના દૂધમાં રહેલા શકિશાળી ફાયદા

બકરીનું દૂધ કેટલાક રોગોની દવા છે. તેમાં જુદા જુદા મિનરલ હોય છે. બકરીનું દૂધ પીવાથી શરીરને જરૂરી પોષકતત્વોની પૂર્તિ થઈ જાય છે. સંશોધન દ્વારા જાણવા મળ્યુ છેકે બકરીનું દૂધ પચવામાં સરળ છે અને શરીરના વિકાસ માટે અત્યંત અસરકારક છે. તો જાણીએ તેના ફાયદા વિશે. બકરીનું દૂધ રોગ પ્રતિકારક શકિત વધારવામાં અતિ ઉપયોગી છે. તેમાં રહેલ સેલેનિયમ મિનરલથી રોગ પ્રતિકારક શકિતમાં વૃદ્ધિ થાય છે. આ કારણથી જ ડોકટરો પણ બકરીના દૂધનું સેવન કરવાની સલાહ આપે છે.

તેમાં કેલ્શિયમ ઉપરાંત એમિનો એસિડ ટ્રાયપ્ટોફેન હોય છે, જે હાડકાંઓને મજબૂત બનાવે છે અને શરીરને તંદુરસ્ત બનાવે છે. ફેટી એસિડ હોવાથી બકરીનું દૂધ અતિ ફાયદાકારક છે. તેમાં ૩૫ ટકા જેટલું ફેટી એસિડ હોય છે. દૂધમાં રહેલા લેક્ટોઝનને પચાવવામાં ઘણાંને તકલીફ પડે છે પરંતુ બકરીનું દૂધ સહેલાઈથી પચી જાય છે. સંશોધન દ્વારા સાબિત થયું છે કે બકરીનું દૂધ બળતરા અને સોજામાં પણ રાહત અપાવે છે. રોજ સવારે એક ગ્લાસ દૂધ પીવાથી દિવસભર તાજગી અને સ્ફૂર્તિ અનુભવાય છે. તેમાં રહેલું પોટેશિયમ બલડ પ્રેશરને કંટ્રોલ કરે છે. સાથે જકાર્ડિયો વેસ્કુચર સિસ્ટમને પણ ઠીકઠાક રાખે છે. નાનાં બાળકોને માટે બકરીનું દૂધ પરમ ગુણકારી અને પચવામાં હલકું હોય છે. તેમાં ફેટનું પ્રમાણ ઘણુ ઓછું હોવાથી તાજા જન્મેલા બાળકો પણ તેને સરળતાથી પચાવી શકે છે. તેનાથી પેટ ભારે થતું નથી. તેમાં રહેલ ફેટ એસિડ ખરાબ ફેટને ઘટાડે છે તેથી જેઓ વજન ઉતારવા માંગતા હોય તેઓને માટે બકરીનું દૂધ લાભપ્રદ છે. આમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન પણ હોય છે. બાળકો વિકાસઅને હાડકાંઓની મજબૂતી જાળવી રાખવા બકરીનું દૂધ અત્યંત ફાયદાકારક છે. ચયાપચયની ક્રિયાને વેગ મળે છે. બકરીના દૂધમાં ગાયના દૂધ કરતાં વધારે પોષક તત્વો હોય છે. રોજ એક કપ પીવાથી શરીરને આવશ્યક ૪૦ ટકા કેલ્શિયમ, ૨૦ ટકા વિટામીન બી, પોટેશિયમ અને ફોસ્ફરસની પૂર્તિ થઈ જાય છે. બકરીના દૂધમાં રહેલું ફેટીએસિડ કોલેસ્ટ્રોલ લેવલને કંટ્રોલ કરે છે તેથી હાર્ટ એટેક, સ્ટ્રોકસ અને રકતવાહીનીઓ સંબંધિત અનેક સમસ્યાઓથી છૂટકારો મેળવી શકાય છે. છેલ્લે 'ઊંટ મૂકે આંકડો અને બકરી મૂકે કાંકરો' એ કહેવત તમને યાદ હશે. કહેવાનો મતલબ એ છે કે બકરી કાંકરા સિવાય બધુ જ ખાય છે તેથી તેના દૂધમાંથી દરેક પ્રકારનાં પોષક તત્વો મળી રહે છે.

## મન બિલોરી કાચ

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

લોકો ઉપર પણ વિપરીત કે નકારાત્મક અસરો જન્મે છે.જેના પરિણામે નઠારા પરિણામોનો સામનો કરવાની લોકોને ફરજ પડે છે.

ન્યૂઝ ચેનલો પાસે પુરતી સંખ્યામાં સમાચારો નથી હોતા તેની પ્રતીતિ આપણે કરી શકીએ છીએ.જે ચેનલ પાસે પૂરતા સમાચારો અને યોગ્ય સંકલન હોય તેને અન્ય મનોરંજક કાર્યક્રમો આપવાની ભાગ્યે જ જરૂર પડે.આમ પણ ઘણાં સમાચારો વાસ્તવિક મનોરંજનના પૂરક હોય જ છે.રીપોર્ટરો તરફથી જેવી કોઈ સમાચારની માહિતી મળે એ સાથે જ ચેનલના ન્યૂઝ રૂમમાં બેઠેલા સમાચાર સંપાદકો આમદર્શકની માફક જ ચોંકી જતાં હોવા જોઈએ, કેમ કે નાની સરખી ઘટનાને પણ તેઓ તૂર્ત જ બ્રેકિંગ ન્યૂઝ તરીકે દર્શાવી દે છે.સમાન્ય ઘટનાને હોય તેના કરતાં વધુ.મોટું અને બિહામણું સ્વરૂપ આપી દેવાની પ્રત્યેક ન્યૂઝ સંપાદક લાલચ ધરાવતો હોય તેવું ચિત્ર ભાસે છે.આવી કૂટેવને કારણે આપણા દેશનું અવાસ્તવિક અને ખોટું ચિત્ર ઉપસવા લાગે છે.

દર્શકોને ઝકડી રાખવાની લાલચમાં ન્યૂઝ ચેનલો સુરૂચિનો ભંગ થયો હોત તો પણ તેની પરવા કર્યા વગર સમાચારો ધાબડ્યે રાખે છે.ક્યાંક મર્યાદાનો તો ક્યાંક વળી નૈતિક કાનૂની આચારસંહિતા અને સ્વયંશિસ્તનો પણ ભંગ થતો હોવાનું જોવાયું છે.જેના કારણે જ કેન્દ્ર સરકારે ૨૬/૧૧ ના મુંબઈ પરના ત્રાસવાદી હૂમલા બાદ ન્યૂઝ ચેનલો માટે ચોક્કસ મર્યાદાઓ દર્શાવતી માર્ગદર્શિકા ઘડવાનું નક્કી કર્યું છે.

જેમ મનોરંજન ચેનલો સહપરિવાર નિહાળી સકતી નથી તેમ કેટલીક ન્યૂઝ ચેનલોના મનોરંજક પ્રોગ્રામ પણ એવા જ ઉતરતી કક્ષાના હોય છે.અરે, કેટલાક કાર્યક્રમમાં તો સ્ત્રી દાક્ષિણ્ય પણ જળવાતું નથી.જેમ કે ન્યૂઝ આઈટમ તરીકે પેશ થતી ન્યૂઝ ફિલ્મી માહિતી, ફેશન શો, બોલીવુડ સ્ટેજ શો.વગેરેમાં મહિલા આર્ટિસ્ટને માત્ર મનોરંજનના હેતુથી જ દર્શાવવામાં આવે છે.પ્રણય ભીના દૃશ્યો, ચૂંબન, બળાત્કાર, ઉત્તેજક નૃત્ય, ફેશન શોની નગ્નતા વગેરેનો સમાવેશ કરીને રજૂ થતાં કાર્યક્રમો ન્યૂઝ ચેનલની ખોરા ટોપરા જેવી દાનત ખુલ્લી કરી જાય છે.મીડિયા આપણા દેશની ચોથી જાગીર ગણાય છે, પરંતુ મીડિયા પોતાને મળેલા અધિકારો અને જાતે મેળવેલા વિશેષાધિકારોને લઈને ફાટીને ધૂમાડે ગયેલા છે.સમાજ અને સમગ્ર રાષ્ટ્રના હિતમાં સરકાર તો તેની કાનૂની મર્યાદામાં રહીને થોડા ઘણાં નિયંત્રણો મૂકતી હોય છે, પરંતુ દેશ અને દેશવાસીઓ પ્રત્યે મીડિયાએ પણ પોતાની કાનૂની અને નૈતિક ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરવી પડશે.મીડિયા એક શસ્ત્ર છે અને તેનો સદ્‌બુધ્ધિથી જ પ્રયોગ થાય તે સર્વાંગી હિતમાં છે.

**- મંજુ પ્રજાપતિ**

## માનસ..

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તે કાર્ય કરવામાં આવે પરંતુ 'તેમાં 'કર્તા ભાવ' ન રહે તે જરૂરી છે અને આવી સહકાર અને પરોપકાર વૃત્તિથી વ્યક્તિગત નહીં પરંતુ સમગ્ર સમાજનું ઉત્થાન અથવા વિકાસ થઈ શકે છે. અત્યારે વિજ્ઞાન પણ આ વાત સાથે સંમત થાય છે કે, 'સમગ્ર બ્રહ્માંડમાં તેના તમામ અંશો એકબીજા સાથે જોડાયેલા અને આધારીત છે.' એકબીજાના સાપેક્ષમાં પરિવર્તન પામે છે અથવા કાર્યકારણના સિદ્ધાંતને આધારીત છે. સમગ્ર દેશ જ નહીં,

પરંતુ માનવ સમાજના વિકાસ માટે સહજીવી હોવું, એ સંપુર્ણ રીતે આવશ્યક અને સિદ્ધાંતોનું જ્ઞાન 'વિજ્ઞાન'ના માર્ગે થયું છે. આજેઆ વિજ્ઞાન કે જે આધ્યાત્મિક જ્ઞાનની સાથે સતત ઘર્ષણ કરતું આવ્યું છે તે મારા મતે નજીકનાં ભવિષ્યમાં જ્ઞાન યોગની જેમ 'વિજ્ઞાન યોગ' નો નવો માર્ગ અને વિજ્ઞાન

લગ્નગ્રંથિથી જોડાઈ ગયા હોય તેવું લાગે છે. ૨૦ મી સદીના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનના મતે વિજ્ઞાન, ધર્મ વિના આંધળું છે અને વિજ્ઞાન વિના ધર્મ લંગડો છે !'

**ડૉ. પ્રવિણ પટેલ**

## આરોગ્ય સંહીતા

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ખાવામાં તમે શાકભાજી, અરબી, કચાલુ વગેરે પણ ન ખાશો અને ચોખા પણ માંડ કાઢીને ખાવ.

- જમવાના એક કલાક પહેલા કે એક કલાક પછી જ પાણી પીવો
- ખાવાનુ ખાધા પછી તરત જ બેસો નહી થોડી વાર ફરો. તમે જો ખાતી વખતે વધુ કૈલોરી ખાધી છે તો આમ તેમ ફરવાથી તે બર્ન થઈ જશે.
- જમવાનુ ખલાસ કરવા ઓવર ઈટિંગ બિલકુલ ન કરશો.
- નાસ્તો પૂરો કરો. જો તમે ર્વકિંગ છો તો તમારે નાસ્તો કરવો ખૂબ જરૂરી છે. નહિ તો તમને લંચ પહેલા ભૂખ લાગશે તો તમે કંઈક ને કંઈક સ્નેક્સ ખાવાથી ખુદને રોકી નહી શકો. જે જાડાપણુ વધારવામાં સહાયક છે.
- જો તમને ભૂખ લાગે તો વારંવાર કંઈક સ્નેક્સ ખાવાને બદલે તમે સલાદ, ગાજર, કાકડી, સેકેલા ચણા,સલાદ, મમરા, રોસ્ટેડ સ્નેક્સ વગેરે ખાઈ શકો છો.
- રાત્રે સૂવાના ઓછામાં ઓછા દોઢ-બે કલાક પહેલા જમી લો અને ખાધા પછી વોક કરવાનુ ન ભૂલશો.

આ ટિપ્સને અપનાવીને તમે વધુ મહેનત કર્યા વગર ઝડપથી તમારુ વજન ઓછુ કરી શકો છો.


**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

### 'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

### જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ..............................................


# આ ૯ ઉપાયોથી કંટ્રોલ કરો High blood Pressure

ઝડપી ગતિથી ભાગતી આ વ્યસ્ત અને તણાવ ભરેલ લાઈફસ્ટાઈલમાં આપણે આપણા આરોગ્યનુ ધ્યાન નથી રાખી શકતા. ગમે ત્યારે ખાવા-પીવાની, સૂવા-બેસવાની આદતોને કારણે આપણુ શરીર બીમારીઓની ચપેટમાં સહેલાઈથી આવી જાય છે. હાઈ-લો બ્લડ પ્રેશર, શુગર અને હાર્ટ સાથે જોડાયેલ બીમારીઓ લોકોમાં સામાન્ય સાંભળવા મળી રહી છે. હાઈ બ્લડ પ્રેશરની પરેશાનીનો સામનો કરતા લોકો દરેક સ્થળે જોવા મળે છે. જેને ડોક્ટર હાઈપરટેંશન પણ કહે છે. આજકાલ તો ઓછી વયમાં જ લોકોને આ બીમારી થવા માંડે છે. જ્યારે ધમનીઓમાં લોહીનુ દબાણ વધી જાય છે તો દબાણની આ વૃદ્ધિને કારણે દિલની ધમનિયો પર પણ દબાણ વધે છે અને લોહીની ગતિ ઝડપી થઈ જાય છે. આ સ્થિતિમાં રોગીને રક્તનુ દબાણ ૧૪૦/૮૦થી વધુ થઈ જાય છે. જેનાથી માથુ ચકરાવુ, આંખો આગળ અંધારુ, ગભરામણ જેવી પરેશાનીઓ અનુભવાય છે.

આને કંટ્રોલ કરવા માટે લોકો મોટાભાગની દવાઓની મદદ લે છે. પણ આ સાથે જ એ પણ જાણવુ ખૂબ જરૂરી છે કે આ સ્થિતિમાં શુ કરવુ જોઈએ અને શુ નહી ? એવા ઘણા બધા કુદરતી ઉપાય પણ છે જેની મદદથી હાઈ બ્લડ પ્રેશર પર કાબૂ કરી શકાય છે.

**હાઈ બ્લડ પ્રેશર કંટ્રોલ કરવાના ૯ કુદરતી ઉપાયો**

**૧. મીઠાનું સેવન ઓછુ કરો** - આવી સ્થિતિમાં મીઠાનુ સેવન વધુ ન કરો. કારણ કે તેનાથી બ્લડ પ્રેશર વધવાનો ભય રહે છે. મીઠામાં સોડિયમની માત્રા ખૂબ વધુ હોય છે. જે આપણા શરીર માટે સારી નથી હોતી તેથી આને ના ને બરાબર જ લો.

**૨. પોટેશિયમવાળો આહાર** - પોતાના ખોરાકમાં પોટેશિયમ યુક્ત ફળ અને શાકભાજીઓનો સમાવેશ કરો. રોજ ૨થી ૪ હજાર મિલીગ્રામ પોટેશિયમનુ સેવન કરવાથી તમે હાઈબ્લડ પ્રેશરને દૂર રાખી શકો છો. બટાકા, શક્કરિયા, ટામેટા, સંતરાનો રસ, કેળા, રાજમા, નાશપતિ, કિશમિશ, સૂકા મેવા અને તરબૂચ વગેરેમાં પોટેશિયમ ખૂબ માત્રામાં હોય છે.

**3. ડાર્ક ચોકલેટ** - ડાર્ક ચોકલેટમાં ફ્લેનોલ્ડક ભરપૂર માત્રામાં હોય છે. જે રક્ત વાહિનીઓને વધુ લચકદાર બનાવવામાં મદદ કરે છે. શોધમાં આ વાત કહેવામાં આવી છે કે ડાર્ક ચોકલેટનુ સેવન કરનારા ૧૮ ટકા લોકોમાં બ્લડપ્રેશરની કમી આવી છે.

**૪. ચા** - કદાચ આ નુસખો તમે પહેલા ક્યારેય નહી સાંભળ્યો હોય. ગુલેરની ચા પીવાથી હાઈ બ્લડ પ્રેશરની સમસ્યાથી બચી શકાય છે. સતત ૨ મહિના આ ચાનું સેવન કરવાથી બ્લડપ્રેશરને ૭ પોઈંટ સુધી ઘટાડી શકાય છે.

**૫. દારૂ અને સ્મોકિંગ છોડો** - આલ્કોહોલ અને ધૂમ્રપાનને કારણે શરીરમાં નોર્મલ રીતે લોહીનુ સંચાર થતુ નથી. જેનાથી બ્લડ પ્રેશર વધે છે. ધૂમ્રપાન અને દારૂ શરીરના અનેક અંગો પર ખરાબ પ્રભાવ નાખે છે. તેનાથી ધમનિયો કઠોર બની જાય છે. જે રક્તવાહિનીઓને ઘાયલ કરે છે.

**૬. પાવર વૉક** - પાવર વોક મતલબ ઝડપી ગતિથી ચાલવુ. તેનાથી તમારુ શરીર તો ફિટ રહેશે જ પણ તેનાથી બ્લડ પ્રેશરને કાબૂ કરવામાં પણ મદદ મળે છે. એક્સરસાઈઝ કરવાથી દિલ મજબૂત થાય છે. જેનાથી તેની કાર્યક્ષમતામાં વધારો થાય છે. અઠવાડિયામાં ૪થી ૫ દિવસ કાર્ડિયો પર ૩૦ મિનિટ રનિંગ કરવાથી ખૂબ ફાયદો થાય છે.

**૭. ઉંડા શ્વાસ લો** - સ્ટ્રેસ કેવો પણ હોય માનસિક કે શારીરિક. પ્રાણાયામ અને યોગ જેવી શ્વાસ પ્રક્રિયાઓ તેને ઓછો કરવામાં મદદ કરે છે. સવાર સાંજ પથી ૧૦ મિનિટ સુધી યોગ કરવુ તમારા સ્વાસ્થ્ય માટે લાભકારી રહેશે. ઉંડા ઉંડા શ્વાસ લો. તેનાથી પેટ સંપૂર્ણ રીતે ફૂલી જશે અને શ્વાસ છોડતા જ તમારી બધી ચિંતા પણ બહાર નીકળી જશે.

**૮. આરામ** - કામ કરવા સિવાય છુટકો નથી પણ શરીરને આરામ આપવાથી નજરઅંદાજ ન કરો. તણાવ ભરેલ કામથી મુક્તિ મેળવવા માટે થોડો સમય કાઢીને જીમ જરૂર જાવ. વ્યાયામ કરો. રસોઈ બનાવો કે પછી ફરવા જાવ. તેનાથી તમે ફ્રૈશ અને રિલેક્સ અનુભવશો. સાથે જ પુર્ણ ઉંઘ લો. સ્ટ્રૈસ મુક્ત થવાથી બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રહેશે.

**૯. સંગીત** - સંગીત સાંભળવાથી આત્માને શાંતિ અને શકૂન મળે જ છે સાથે જ લોહીનુ દબાણ પણ ઓછુ કરવામાં ખૂબ મદદ મળે છે. જો તમે રોજ હળવુ સંગીત સાંભળશો તો તમારુ હાઈ બ્લડ પ્રેશર અને થાક બંનેમાંથી મુક્તિ મળશે.

## લીલા પાંદડાવાળી શાકભાજી

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

ગલકાં, કારેલાં જેવાં શાક ખાવાં જોઈએ.'જો લીલાં પાંદડાંવાળી શાકભાજી ન ખાઈએ તો એની અવેજીમાં જે પોષણનો અભાવ થાય એનું શું કરવું? 'ચોમાસામાં ઈન્ફેક્શનથી બચવા માટે સામાન્ય ખોરાકમાં આદું, હળદર, કાળાં મરી કે તીખાનો પાઉડર અને લવિંગનો ઉપયોગ કરવો. એનાથી રોગપ્રતિકારક શક્તિ પ્રબળ બને છે અને પાચન સરળ રહે છે. આ સિવાય આ ઋતુ દરમ્યાન ઍન્ટિઈન્ફ્લમેટરી ઈફેક્ટ માટે એટલે કે વાત-પિત્ત ન વધે કે સોજા ન ચડે એ માટે પણ હળદર, જીરું અને તજનો પ્રયોગ કરવો જોઈએ. લીલાં પાંદડાંવાળી શાકભાજીમાંથી મળતા કેલ્શિયમની ઊણપ પૂરી કરવા તલ, સોયાબીન, છોલે, દહીં અને ચીઝનો પ્રયોગ કરી શકાય અને આયર્ન એટલે કે લોહતત્વની કમી પૂરી કરવા માટે ખજૂર, સફરજન અને રાગી વાપરી શકાય.'આ સીઝનમાં હર્બલ ટી કે ગ્રીન ટી કે ઉકાળા પીવા જોઈએ આ ઉપરાંત આ સીઝનમાં ખાસ સરગવાની શિંગ ખાવી જોઈએ, જે પોષક તત્વોનો ભંડાર છે અને આ સીઝનમાં સરળતાથી ઉપલબ્ધ થાય છે. દરરોજ શાક બનાવવું શક્ય ન હોય તો ફક્ત બાફીને મીઠું ચડાવીને ખાઈ શકાય છે. ગોળ, ઘી, સૂંઠ, પીપરીમૂળની ગોળી બનાવીને રાખો અને દરરોજ એક ખાઓ. તુલસી-ફુદીનો-આદું નાખીને બનાવેલી ગ્રીન ટી પણ પાચનમાં ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત હિંગ, જીરું, કાળાં મરી, ધાણા વગેરે પણ પાચનમાં અત્યંત ઉપયોગી મસાલાઓ છે.

# કોકોનટ ઓઈલના ફાયદા

કોકોનટ ઓઈલને ખૂબ જ લાભકારી માનવામાં આવે છે. નાળીયેરનાં તેલમાં ઘણા બધા પ્રાકૃતિક અને ઔષધિય ગુણો રહેલા છે. નાળીયેરના તેલનાં દૈનિક ઉપયોગથી તમને ઘણા જ લાભ થાય છે. તેમજ નાળીયેરનું તેલ અલગ-અલગ ઈન્ફેકશન સામે લડવામાં પણ કામ કરે છે.

**સુકી ત્વચા માટે વરદાન :**નાળીયેરનું તેલ બધા પ્રકારની ત્વચા માટે યુઝ થાય છે. ખાસ કરીને સુકી ત્વચા માટે નાળીયેરનું તેલ વરદાન જેવું છે. સુકી ત્વચાને મુલાયમ બનાવવામાં નાળીયેરનું તેલ ઘણું જ મદદરૂપ છે.

**હોઠ માટે ફાયદાકારક**

નાળીયેરનું તેલ તમારા હોઠને ખુબ જ આકર્ષિત બનાવી દે છે. આ વિન્ટર સીઝનમાં સુકા હોઠની દેખરેખ કરવા માટે નાળીયેરનું તેલ લગાવી શકો છો.

**મેક-અપ રીમૂવર**

નાળીયેરના તેલનો તમે મેક-અપ રીમૂવરનો જેમ ઉપયોગ કરી શકો છો, તેનાથી તમે ચહેરા અને આંખો પર લાગેલ મેક-અપને સરળતાથી રીમૂવ કરી શકો છો.

ફેશિયલ સ્ક્રબમાં ઉપયોગીનાળીયેરનાં તેલને ગ્રોટ્સમાં ભેળવીને તેનું જેન્ટલ ફેશ્યલ સ્ક્રબ બનાવીને તેનો ઉપયોગ કરો. આ સ્ક્રબથી ચહેરા પર નિખાર આવે છે.

**ન્હવાનાં પાણીમાં ભેળવો**ન્હાવાના પાણીમાં નાળીયેરનું તેલ નાખવાથી બોડીની ત્વચાનો ભેજ જળવાઈ રહે છે.

## ધાનેરાના ત્રણ ...

પાના નં.૧ ચાલુ

વગેરે ગામોને એલર્ટ કરાયા છે. પ્રાંત અધિકારી પટેલે ગોળા અને વાસણ ગામે સ્થળ ઉપર જઈ લોકોને સ્થળાંતર માટેની તજવીજ હાથ ધરી હતી. જ્યારે જાડી અને ભાટીબ ગામે વ્હોળાનુ પાણી ગામમાં આવતાં તળાવ છલકાઈ ગયા હતા. જેની જાણ થતાં ધાનેરા મામલતદાર મોડસિંહ રાજપુતે ઘટના સ્થળે જઈ જાત માહિતી મેળવી હતી.

## ભાભર હાઈવેના..

પાના નં.૩ ચાલુ

ફેલાતા સેવાભાવી લોકો દોડી આવીને ૧૦૮ વાનને બોલાવી સારવાર ચાલુ કરાવી હતી. નવજાત શિશુ બાળકી હતી. તે તંદુરસ્ત છે અને એક ખાનગી દવાખાનામાં સારવાર હેઠળ છે પરંતુ નવજાત બાળકીને ત્યજી દેનાર નિષ્ઠુર માતા સામે ફીટકાર ફેલાયો છે. પોલીસે ગુનો નોંધીને માતાની શોધખોળ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે આ બાળકીનો જન્મ કોઈક દવાખાનામાં થયો હોવાનું અનુમાન લાગી રહ્યું છે. કારણ કે તેની નોભીમાં પ્લાસ્ટીકનું નોઝલ લગાવેલ હતું. આ બાળકી કોઈક કુંવારી માતાના કુખે જન્મ લીધો હશે કે નિષ્ઠુર માતા પિતાએ બેટી હોવાથી ત્યજી દીધી હશે. તેવા સવાલો આમ જનતામાં થઈ રહ્યા છે. પોલીસ તટસ્થ તપાસ હાથ ધરે ? તો બાળકીને ત્યજી દેનાર તેની માતા અને ખાનગી તબીબનો ભાંડો ફુટી જશે તેમાં બેશક નથી પરંતુ પોલીસ કમર કસીને તપાસ કરશે તે એક પ્રશ્ન છે.

## દીઓદર પંથકમાં ..

પાના નં.૩ ચાલુ

વિસ્તારોમાં અનેક રોડ અને રસ્તાઓ તુટી જવા પામેલ છે. દીઓદર તાલુકાના ઓઢા ગામે ભીલ જયંતિભાઈ ચેહરાભાઈનું મકાન પડી ગયેલ છે. જેના કારણે આ પરિવાર પણ મકાન વિના નોધારો બની ગયેલ છે. દીઓદર શહેરમાં પણ ઠેર ઠેર પાણી ભરાયેલ પાણીનો કોઈ નિકાલ ન હોઈ ભયંકર રોગચાળો ફાટી નિકળવાની દેહશત સેવાઈ રહી છે. દીઓદર પંથકમાં આજ સાંજે ૬ વાગ્યા સુધીમાં ૭૫મી.મી. (૩ ઈંચ) વરસાદ નોધાયેલ છે. જ્યારે મોસમનો કુલ વરસાદ ૫૬૦ મી.મી.નોધાયેલ.

## ગુંદરી ચેકપોસ્ટ..

પાના નં.૩ ચાલુ

એ.એસ.આઈ. માધુભાઈ કાન્તીભાઈ, આ.પો.કો. સુખદાન પાબુદાન તેમજ અ.પો.કો. સુરેશભાઈ રામજીભાઈ વિગેરેએ પંચોના માણસો સાથે ગુંદરી પોલીસ ચેક પોસ્ટ પર ટ્રેલર નં.આર.જે.૦૭.જી.સી.૭૨૭૧ ની વોચમાં હતા. તે દરમિયાન હકીકત વાળી ટ્રેલર ગાડી આવતાં તેને પોલીસે રોકી તપાસ ચલાવતાં ટ્રેલરમાં સુકા ભુસ્સાના કટ્ટાઓ નીચે ગેર કાયદેસર વગર પાસ પરમીટનો પર પ્રાંતિય વિદેશી દારૂ કુલ પેટી નંગ - ૭૨૯, કુલ બોટલ નંગ - ૮૭૪૮, વિદેશી દારૂની કુલ કિંમત રૂા.૨૪,૮૪,૦૦૦ તથા ટ્રેલરમાં રાખેલ સુકા ભુસ્સાના કટ્ટા નંગ - ૧૮૦, ટ્રેલર ગાડી કિ.રૂા. ૧૫,૦૦,૦૦૦, ટાટ પતરી રસ્સી કિંમત રૂા.૫૦૦, મોબાઈલ નંગ - ૧ કિંમત રૂા.૫૦૦, એમ મળી કુલ રૂા.૩૯,૮૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલક ધર્મપાલ રામકુમાર જાટ (ચૌધરી) રહે.કોહલા, તા.જી.સોનીપત - હરિયાણા તેમજ તેની સાઈડમાં બેઠેલ ઈસમ કટારસીંગ ભોલારામ ચમાર રહે.ખોરડા, તા.મતનેહલ, જિ.જજર, હરિયાણા ને અટકમાં લઈ બંને ઈસમો વિરૂધ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજથી પવિત્ર...

પાના નં.૩ ચાલુ

પૂર્ણાહુતિ પણ સોમવારના દિવસે જ થનાર છે એટલે કે આ વર્ષે શ્રાવણ માસમાં કુલ પાંચ સોમવાર આવશે. જેને લઈ શિવભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આજથી પ્રારંભ થતાં શ્રાવણ માસને લઈને ડીસા સહિત જિલ્લામાં ભક્તિમય માહોલ છવાયો છે. જિલ્લામાં આવેલા અનેક ઐતિહાસિક શિવાલયો જેવા કે પાલનપુરમાં આવેલા પાતાળેશ્વર મહાદેવ, બાલારામ મહાદેવ, બાજોઠીયા મહાદેવ, હરગંગેશ્વર મહાદેવ (હાથીદરા), વિશ્વેશ્વર મહાદેવ, અંબાજી નજીકના કોટેશ્વર મહાદેવ ડીસાના રીશાલેશ્વર મહાદેવ, રસાણાના શિવધામ, મહાદેવીયા ઉપરાંત વડાવળના લાખણેશ્વર અને દુધેશ્વર મહાદેવ, થરાદ વિસ્તારમાં આવેલા કપિલેશ્વર મહાદેવ અને મુળેશ્વર મહાદેવ વગેરે અનેક પ્રાચીન શિવાલયોમાં શ્રાવણ માસ દરમિયાન શિવભક્તો દ્વારા જળાભિષેક દૂધાભિષેક સાથે બિલીપત્ર અર્પણ કરી શિવભક્તિ કરવામાં આવે છે. ત્યારે સોમવારથી પવિત્ર શ્રાવણનો પ્રારંભ થઈ રહ્યો છે. જેને લઈ તમામ શિવાલયોમાં ઓમ નમઃ શિવાય અને હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે.

## વડગામ તાલુકામાં ...

પાના નં.૮ ચાલુ

ઉપર બાંધવામાં આવેલ મોકેશ્વર ડેમમાં પાણીની આવક નીલ હોવાનું જાણવા મળે છે. મોકેશ્વર ડેમની કુલ પાણી સંગ્રહ સપાટી ૨૦૧.૬૫ મીટરની છે જ્યારે હાલમાં ૧૯૧.૮૨ મીટર હોવાનું જાણવા મળે છે. ડેમના સુત્રો મુજબ રવિવારની મોડી રાત્રે ડેમમાં નવા પાણીની આવક થઈ શકે છે. તાલુકામાં છેલ્લા દશ કલાકથી ધીમીધારે વરસતા વરસાદના કારણે જનજીવન ઉપર માઠી અસર જોવા મળે છે. જ્યારે તાલુકામાં વરસાદના કારણે કોઈ પણ પ્રકારનું નુક્શાન થયું ન હોવાનું મામલતદાર કચેરીના કંટ્રોલ રૂમના સુત્રોએ જણાવ્યું હતું.

## ધાનેરા તાલુકામાં ...

પાના નં.૮ ચાલુ

રહ્યું છે. આ સમાચાર લખાય છે ત્યાં સુધી ધીમી ધારે વરસાદ ચાલુ છે. વહીવટી તંત્ર દ્વારા નદીના વિસ્તારના ગામોને હાઈ એલર્ટ ની સુચના આપી છે. સરાલના ૨૫ થાવર ના ૮૬, સરાલ વીડના ૩૧ લોકોને સ્થળાંતર કરાવેલ છે. તંત્ર ખડે પગે છે. અત્રે ઉલ્લેખનિય છે કે ચોવીસ કલાક ફરજ બજાવતી ધાનેરા પોલીસની જર્જરીત ઓફીસમાં ક્યારે કોઈ અરજદાર કે કર્મચારીનો ભોગલે બે ત્યારે વહીવટી તંત્ર જાગશે તેમ જણાય છે. આ અંગે કલેક્ટર તથા ડી.એસ.પી.ને વોટસેપ દ્વારા ધ્યાન દોરવા છતા કોઈ જ પગલાં લેવાયેલ નથી જો આ પી.એસ.ઓ. રૂમો ખાલી કરાવી જોડેના જ જૂનીમમલતદાર કચેરીના રૂમો ખોલી આપવામાં આવે તો જેલનું ટેજરીનું તમામ ધ્યાન રાખી પી.એસ.ઓ. કામગીરી કરી શકે આ બાબતે તંત્ર ધ્યાન આપશે ખરા ?

## ભારે વરસાદમાં ...

પાના નં.૮ ચાલુ

જરૂરી તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ઈમરજન્સીમાં જિલ્લામાં ક્યાંય જરૂર પડે તો તે માટે એન.ડી.આર.એફ.ની એક ટીમ પાલનપુર ખાતે તૈનાત કરવામાં આવી છે.ઉપરાંત સંખ્યાબંધ હોડીઓ અને ૧૫૦ થી વધુ તરવૈયાઓ પણ જિલ્લામાં તૈનાત કરાયા છે. રાત્રિના સમયે પણ જિલ્લા અને તાલુકા કક્ષાના તમામ અધિકારીઓ પોતાના વિસ્તારની માહિતી કલેક્ટરને પહોંચાડતા હોય છે. કલેક્ટર દિલીપ રાણા પણ મોડી રાત સુધી જિલ્લાના વિવિધ વિસ્તારોની માહિતી મેળવી અધિકારીઓને માર્ગદર્શન અને જરૂરી સુચના આપતા રહે છે.

### કેગના રિપોર્ટ બાદ રેલવે મંત્રાલય સંપૂર્ણપણે સક્રિય થયું

# ટ્રેનોમાં ભોજનની ગુણવત્તાને ઉચ્ચ પ્રાથમિકતા આપવા રેલવે સુસજ્જ

નવીદિલ્હી

ટ્રેનોમાં ભોજનને લઈને સીએજીના રિપોર્ટ બાદ રેલવે મંત્રાલયની ઉંગ હરામ થઈ ગઈ છે. મંત્રાલય તરફથી આજે કહેવામાં આવ્યું હતું કે, પોતાની નવી પોલિસીમાં રેલવેમાં ભોજનની ગુણવત્તાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. રેલવે મંત્રાલયે કહ્યું છે કે, આનો મુખ્ય હેતુ લોકોને ગુણવત્તા સાથે શાનદાર ભોજન ઉપલબ્ધ કરાવવાનો છે. થોડાક દિવસ પહેલા જ ટ્રેનોમાં ભોજનને લઈને સીએજીની રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, ભોજનની ચીજવસ્તુઓ બનાવવા માટે ખરાબ પાણીનો ઉપયોગ પણ કરવામાં આવે છે. પેન્ટ્રીમાં ઉંદરો અને અન્ય જીવજંતુઓ પણ રહે છે. ખાવાની ચીજવસ્તુઓ ખુલ્લામાં પડેલી રહે છે. સીએજીએ તો અહીં સુધી કહ્યું હતું કે, રેલવે સ્ટેશનો ઉપર પણ ખાવા પીવાની જે ચીજો પીરસવામાં આવી રહી છે તે ચીજવસ્તુઓ માનવીના ઉપયોગ માટ યોગ્ય નથી. રેલવે મંત્રાલયે ટ્વિટ કરીને કહ્યું છે કે, મંત્રાલય તરફથી કેટરિંગ સર્વિસ વધુ શાનદાર બનાવવા માટે નવી શરૂઆત કરવામાં આવી છે. મંત્રાલયનું કહેવું છે કે, ભોજન બનાવવા અન ભોજન વિતરણ માટેની વ્યવસ્થા જુદી બનાવવામાં આવી રહી છે. ૧૭મી ફેબ્રુઆરીના દિવસે જારી કરવામાં આવેલી નવી કેટરિંગ પોલિસીમાં આ બાબતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે કે, રસોડા અને ભોજનની ગુણવત્તા સાથે સંબંધિત મામલાઓ માટે આઈઆરસીટીસી જવાબદાર છે. આ ઉપરાંત આ બાબત પણ નક્કી કરવામાં આવી છે કે, ટ્રેનોમાં જનાર ભોજન આઈઆરસીટીસીના રસોડા ઉપરાંત અન્ય કોઈ જગ્યાએથી પહોંચશે નહીં. મંત્રાલયનું કહેવું છે કે, તમામ મોબાઈલ યુનિટ ઉપર આઈઆરસીટીસી કેટરિંગ સર્વિસ કરશે. તમામ ટ્રેનો માટે ભોજન માત્ર નક્કી કરવામાં આવેલા રસોડાથી જ લેવામાં આવશે. આની સંપૂર્ણ વ્યવસ્થા આઈઆરસીટીસી તરફથીકરવામાં આવશે. આ ઉપરાંત ઓનડિમાન્ડ ઓર્ડર માટે ૩૫૭ સ્ટેશનો ઉપર ઈ કેટરિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત રેલવે સ્ટેશન પર ચાલતા ફુડ પ્લાઝા, ફુટકોર્ટ, ફાસ્ટ ફુડ યુનિટનું કામ પણ આઈઆરસીટીસી હેઠળ કરવામાં આવશે. આ કેટરિંગ પોલિસીમાં મંત્રાલય તરફથી ભોજનની ગુણવત્તાને સુધારવા માટે સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઈ છે. ભોજનની ગુણવત્તાને લઈને ઝીરો ટોલરન્સની વાતકરવામાં આવી છે. મંત્રાલયનું કહેવું છે કે, આ દિશામાં કાર્યવાહી કરીને છેલ્લા છ મહિનામાં સાત કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યા છે. ૧૬ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટેડ કરવામાં આવ્યા છે.

## ૬૦ ફુટના ૨૮ રોડ વરસાદી પાણીમાં સંપૂર્ણ ધોવાઈ ગયા

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દર વર્ષે રોડ રીસરફેસીંગ પાછળ ૧૦૦ કરોડથી પણ વધુની રકમનો ખર્ચ કરવામાં આવે છે આ વર્ષે ચોમાસાની મોસમથી અત્યાર સુધીમાં શહેરના રસ્તાઓ ધોવાયા છે તેને લઈને રોડ રીસરફેસીંગ પાછળ રૂપિયા ૨૫૦ કરોડનો ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે.શહેરમાં આ મોસમના ૬૦ ફુટના કુલ મળીને ૨૮ જેટલા રોડ ધોવાઈ ગયા છે.જ્યારે ઝોનના ૪૨થી વધુ રોડને ભારે નુકસાન થવા પામ્યું છે.આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ શહેરમાં ગત ૨૫ જુનથી ચોમાસાની મોસમનો આરંભ થવા પામ્યો છે.જેને લઈને અત્યાર સુધીમાં અમદાવાદ શહેરના ૬૦ ફુટના એવા ૨૮ જેટલા મુખ્ય રસ્તાઓ ધોવાઈ જવા પામ્યા છે આ સાથે જ શહેરના ૭૦ જેટલા નાના રસ્તાઓ તેમજ ઝોનના ૪૨ જેટલા રસ્તાઓને ભારે નુકસાન થવા પામ્યુ છે.અમદાવાદ શહેરમાં છેલ્લા ચાર વર્ષમાં અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં આ વર્ષમાં કીલોમીટર દીઠ ભારે નુકસાન થવા પામ્યુ છે.

# અમદાવાદ શહેરમાં વરસાદનો દોર જારી : અનેક વૃક્ષ ધરાશાયી

અમદાવાદ

અમદાવાદમાં શુક્રવાર રાત્રીના સુમારથી શરૂ થયેલા વરસાદે આજે સતત ત્રીજા દિવસે પણ ધીમી ધારે વરસવાનું ચાલુ રાખતા શહેરમાં રવિવારના દિવસ દરમ્યાન સરેરાશ ૨૮.૭૧ મીલીમીટર વરસાદ સાથે શહેરનો વરસાદ ૪૯૯.૮૫ મીલીમીટર(૨૦ ઈંચ) ઉપર પહોંચવા પામ્યો છે.આ સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ મળીને ૨૦ જેટલા વૃક્ષો ધરાશયી બનવા પામ્યા છે.શહેરમાં નારોલ વિસ્તારમાં લોકોના ઘરોમાં ગટરના પાણી ઘુસવા પામ્યા છે તો લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમમાં પાણીની નવી આવક થવા પામી છે.નર્મદા કેનાલમાંથી ૧૦૧૨ ક્યુસેક જેટલી પાણીની આવક થતા વાસણા બેરેજના ત્રણ દરવાજા ૬ ઈંચ જેટલા ખોલવામાં આવ્યા છે.અમદાવાદ શહેરમાં ગત શુક્રવારે રાત્રીના સુમારથી શરૂ થયેલા વરસાદે શનિવારે સવારથી જ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ.આજે સતત ત્રીજા દિવસે પણ ધીમી ધારે વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો.શનિવારના ભારે વરસાદ બાદ આજે હળવા વરસાદ છતાં પણ શહેરમાં અલગ અલગ સ્થળોએ મળીને કુલ વીસ જેટલા વૃક્ષો ધરાશયી બનવા પામ્યા હતા. જેમાં મધ્યઝોનમાં ત્રણ, પશ્ચિમઝોનમાં કુલ છ સ્થળોએ, પૂર્વઝોનમાં એક સ્થળે, દક્ષિણઝોનમાં બે સ્થળોએ તેમજ નવા પશ્ચિમઝોનમાં કુલ આઠ જેટલા સ્થળોએ વૃક્ષો ધરાશયી બનતા તંત્ર દ્વારા તેને દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.અમદાવાદ શહેરમાં આજે દિવસ દરમિયાન અલગ અલગ વિસ્તારોમાં ભયજનક મકાન અથવા તો તેના ભાગને ઉતારવાની કાર્યવાહીના કુલ ૧૦ વિસ્તારોનો સમાવેશ થાય છે જેમાં મધ્યઝોનમાં ત્રણ સ્થળોએ, દક્ષિણઝોનમાં ત્રણ સ્થળોએ, પૂર્વઝોન અને પશ્ચિમઝોનમાં એક-એક સ્થળોએ તેમજ નવા પશ્ચિમઝોનમાં બે સ્થળોનો સમાવેશ થાય છે.

## રાજયના ૨૦૩ જળાશયો પૈકી ૩૯ હાઈએલર્ટ ઉપર

અમદાવાદ

રાજયના ૧૭૨ તાલુકાઓમાં આજે નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. આ સાથે જ રાજયનો ચોમાસાની સીઝનનો કુલ વરસાદ ૫૬.૬૧ ટકા નોંધાયો હતો. જેમાં સૌથી વધુ કચ્છ રીજીયનમાં ૭૩.૬૨ જેટલો સરેરાશ વરસાદ નોંધાયો હતો. બીજીબાજુ, રાજયભરમાં વરસાદી અતિવૃષ્ટિને પગલે રાજયના મોટાભાગના જળાશયોની સ્થિતિ નોંધપાત્ર રીતે સુધરી છે અને તેમાં વરસાદી નવા નીરની ભરપૂર આવક થવા પામી છે. પાણીની વધુ પડતી આવકને ધ્યાનમાં લઈ તંત્ર દ્વારા રાજયના કુલ ૨૦૩ જળાશયો પૈકી ૩૯ જળાશયો હાઈએલર્ટ પર મૂકાયા છે, જયારે ૧૧થી વધુ જળાશયોને એલર્ટ પર રખાયા છે.

## ચાણસ્માના ખોખલા ગામે પંચમુખી મહાદેવના સ્થાનકે આજે પરંપરાગત લોકમેળો ભરાશે



ચાણસ્મા

હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. શ્રાવણ માસમાં મોટાભાગના તહેવારો આવતા હોવાથી તેનું ધાર્મિક દૃષ્ટિએ સૌથી વધુ મહત્વ છે. આ માસ દરમિયાન શિવમંદિરોનું સૌથી વધુ મહત્વ છે. આ માસ દરમિયાન શિવ મંદિરોમાં બિલિપત્ર, હોમહવન અને પૂજા- અર્ચના સહિતના કાર્યક્રમોથી ઓમ નમઃ શિવાયના નાદથી વાતાવરણ ગૂંજી ઉઠે છે. જે અંતર્ગત ચાણસ્મા તાલુકાના ખોખલા ગામે આવેલા પંચમુખી (માસિયા) મહાદેવના દેવસ્થાને શ્રાવણ માસના દર સોમવારે ભક્તોની ભારે ભીડ દર્શનાર્થે ઉમટી પડે છે. ખોખલા ગામે જિલ્લા પંચાયત પાટણ હસ્તકનું આશરે ૧૨૦૦ વીઘામાં પથરાયેલુ સિંચાઈ તળાવ આવેલું છે. આ તળાવના કિનારે જ પાંચ મુખની આકૃતિ ધરાવતું શિવલિંગ આવેલું છે. આજુબાજુના ગામોના લોકો માટે આ જગ્યા આસ્થાનું કેન્દ્ર હોવાથી આખા શ્રાવણ માસ દરમિયાન દર્શનાર્થે ભક્તોની ભીડ ઉમટી પડે છે. અહીં શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે કિડિયારાની માફક માનવ મહેરામણ દાદાના ખોળે શિશ નમાવી ધન્યતા અનુભવે છે. આ મહાદેવ પંચમુખી મહાદેવ ઉપરાંત મસિયા મહાદેવ તરીકે પણ વિખ્યાત છે. એક દંતકથા મુજબ શરીર ઉપર મસ નીકળતાં ગોળની બાધા રાખતાં શરીર ઉપરના મસ મટી જતા હોવાથી આ સ્થાન મસિયા મહાદેવ તરીકે પણ ઓળાય છે. વિશાળ તળાવના કાંઠે આવેલુ આ દૈદિપ્યમાન પંચમુખી મહાદેવનું શિવાલય તળાવમાં પાણી ભરાતાં સુશોભિત લાગે છે. દર સોમવારે મેળા દરમિયાન ખાણી- પીણીનું બજાર પણ ભરાય છે. અહીં લાઈટ- પાણી અને રોડની સુવિધા હોઈ આસપાસના ગામોની શાળાના બાળકો સોમવારે પર્યટન માટે આવતા હોય છે. સાથે જ આ મંદિરના દર્શન કરવા એક લ્હાવો ગણાય છે.

## પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ

### ચાણસ્માના શિવાલયોમાં દૂધનો અભિષેક થશે

ચાણસ્મા

પવિત્ર શ્રાવણ માસનો આજથી તા. ૨૪/૭/૨૦૧૭ ને સોમવારના રોજથી પ્રારંભ થઈ રહ્યો છે. આ સાથે ચાણસ્મા બહુચરાજી પંથકમાં ગામેગામ આવેલા શિવાલયોમાં શ્રાવણ માસને લઈ પૂર્વ તૈયારીઓ તડામાર રીતે હાથ ધરાઈ છે. આ પવિત્ર માસમાં ભોળા શિવશંભુને ભક્તો બિલિપત્રો અને દૂધનો અભિષેક કરી રિઝવવાનો પ્રયાસ કરશે, તો દિવસભર 'ઓમ નમઃ શિવાય' ના પવિત્ર નાદથી શિવાલયો ગૂંજતા રહેશે. બહુચરાજી તાલુકાના દેલપુરા ગામની સીમમાં આવેલ પાંડવકાલીન નીલકંઠ મહાદેવના શિવાલયે આખો મહિનો શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામે છે. ચાણસ્મા તાલુકાના મીઠીધારીઆલ ગામે નર્મદેશ્વર મહાદેવ, ખોખલા તળાવના કિનારે બિરાજમાન પંચમુખી મહાદેવ, ઝીલિયાના ઝીલેશ્વર મહાદેવ સહિતના સ્થળોએ દર સોમવારે મેળો ભરાય છે. ખોખલાના પંચમુખી મહાદેવની આસ્થાથી મસ મટી જતા હોઈ લોકો મસિયા મહાદેવના નામે પણ ઓળખે છે. મસ મટી ગયા પછી ગોળ ચડાવીને બાધા પૂર્ણ કરવાની શ્રદ્ધા વિદ્યમાન છે.

## પાટણ જીલ્લામાં ભારે વરસાદ, રાધનપુરમાં છ ઈચ વરસાદ

પાટણ

સમગ્ર જીલ્લામાં મેધ મહેર થઈ છે. ગઈકાલ રાતથી શરૂ થયેલ વરસાદ આજે બપોર સુધી પડયો હતો.રાધનપુરમાં ચાર ઈચ,સાંતલપુરમાં સાડા ત્રણ ઈચ,પાટણમાં બે,સરસ્તવીમાં બે ઈચ હારીજ અને સિધ્ધપુરમાં દોઢ ઈચ જયારે ચાણસ્મા અને સમી તથા શંખેશ્વરમાં એક એક જેટલો વરસાદ નોંધાયો છે. પાટણ જીલ્લાને અડીને આવેલા બનાસકાઠા જીલ્લાના ભાભર થરાદ દિયોદર કાંકરેજમાં પણ અતિ ભારે વરસાદના અહેવાલો છે. પાટણ જીલ્લામાં ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં જયારે કેટલીક સોસાયટીઓમાં ઘરમાં પાણી ધુસી ગયા હતાં. આજે શાળા કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી.

## ગાંભોઈ પાસે પુલ પરથી લકઝરી પટકાતાં બે નાં મોતઃ ૧૮ ને ઈજા



સતીષ ભટ્ટ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામા ગત શનિવારે વરસાદી માહોલ દરમ્યાન ડુંગરપુરથી શામળાજી થઈ હિંમતનગર જતી એક લકઝરી બસ અચાનક ગાંભોઈ પાસેના રોડના પુલ પરથી પટકાતાં લકઝરીમાં મુસાફરી કરી રહેલ મુસાફરો પૈકી બે જણાના મોત થયા હતા. તેમજ ૨૫ જણાને ઈજા થતાં સારવાર અર્થે ગાંભોઈ અને હિંમતનગરની સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જાણવા મળતી વિગતો અનુસાર ગત શનિવારે બપોરના સુમારે શામળાજીથી હિંમતનગર આવી રહેલી લકઝરી બસ અચાનક ગાંભોઈ પાસેના નેશનલ હાઈવે આઠ પર બનાવેલ પુલ પરથી પલટી ખાઈ નીચે પટકાતાં મુસાફરોએ બુમાબુમ કરી મુકી હતી. બીજી તરફ હિંમતનગરથી શામળાજી તરફ જતાં વાહનો થંભી ગયા હતા. ત્યારબાદ આ વિસ્તારના લોકો ભેગા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે મોકલી આપવામાં આવ્યા હતા. આમાં કેટલાકને ગાંભોઈ અને હિંમતનગરની સિવીલમાં સારવાર આપવામાં આવી છે. ગંભીર ઈજાગ્રસ્ત બે મુસાફરોના મોત થયા હતા. બંને મૃતકોની ઓળખ થઈ ચૂકી છે. આ અકસ્માતમાં ૪ મહિલા સહિત ૧૮ પ્રવાસીઓને ઈજા થઈ હતી.

## કડીમાં પોણા પાંચ ઈંચ વરસાદથી જળબંબાકાર, ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી



કચ્છમાં સર્જાયેલા લો પ્રેશરને લઈ ઉત્તર ગુજરાતમાં શુક્રવાર રાત્રીથી જ સાર્વત્રિક વરસાદ વરસવાનું શરૂ થયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ બનાસકાંઠાના દિયોદરમાં ૮ ઇંચ, પાટણના રાધનપુરમાં ૬ ઇંચ તેમજ કડી અને સાંતલપુરમાં પોણા ૫ ઇંચ પડતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. બહુચરાજીમાં સાડા ૩ ઇંચ અને ખેરાલુમાં ૩ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે મહેસાણા, વિજાપુર, ઊંઝા અને જોટાણામાં દોઢ થી ૨ ઇંચ જેટલો પડ્યો હતો.

## ગાંભોઈ વીજ કચેરી પાસેથી વાયર અને એંગલની ચોરી

હિંમતનગર

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે આવેલ વીજ કચેરી ઓફિસના પાછળના ભાગેથી ગત બુધવારે રાત્રિ બાદ કોઈ તસ્કર ટોળકી રૂા.૧.૦૨ લાખની કિંમતનો ૨૦૦ મીટર વાયર તથા એમ.એસ.એંગલની ચોરી કરી ભાગી છુટ્યા હતા. આ અંગે વીજ કંપનીના કર્મચારીએ ગાંભોઈ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈ પોલીસના જણાવ્યા અનુસાર ગાંભોઈમાં આવેલ વીજ કચેરીની ઓફિસની પાછળ મુકેલ રેબીટ કંડક્ટરવાળા વાયરના ડ્રમ નંગ-૨ (કિંમત્ રૂા. ૧ લાખ) તેમજ એમ.એસ.એંગલ ચેનલ નંગ-૨ (કિં.રૂા. ૨૦૦૦) મળી તસ્કર ટોળકી રૂા. ૧.૦૨ લાખની મત્તા ચોરી કરી લઈ જતા બોર્ડના કર્મચારી દ્વારા ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## ચંદ્રાસણમાં પરિણીતા પર ત્રાસ ગુજારાતા આપઘાતનો પ્રયાસ

મહેસાણા

કડી તાલુકાના ચંદ્રાસણ ગામે પરિણીતાને સાસરીયા દ્વારા ત્રાસ ગુજારાતા પરિણીતાને મનમાં લાગી આવતા એસીડ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે સમયસર ઝડપથી સારવાર મળી રહેતા તેણીનો જીવ બચી જવા પામ્યો હતો.

ચંદ્રાસણના નીતાબેન રાજેશભાઈ સેનમાએ ગત ગુરૂવારે રાજેશભાઈ ગાભાભાઈ સેનમા, ગાભાભાઈ બોધાભાઈ સેનમા અને સોમીબેન ગાભાભાઈ સેનમા વિરૂધ્ધ બાવલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર નીતાબેન સેનમા પર ઘરકામ બાબતે અવારનવાર માનસિક શારિરીક ત્રાસ ગુજારવામાં આવતો હતો. જયારે ગત ૧૮ જુલાઈના રોજ રાજેશ સેનમાએ પરિણીતાને લાકડીથી માર માર્યો હતો. અને પિયર ન જવા દેતા મનમાં લાગી આવ્યું હતું. જેથી એસીડ પીને આપઘાતની કોશિષ કરી હતી. જો કે તેણીને ત્વરિત સારવાર માટે ખસેડતા જીવ બચી ગયો હતો. આ અંગે તેણીની ફરિયાદના આધારે બાવલુ પોલીસે ત્રણ આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પાટણમાં દશામાના દસ દિવસના વ્રતનો પ્રારંભઃ દશામાની મૂર્તિઓનું ધૂમ વેચાણ

પાટણ

દશા હણનારી દશામાના દસ દિવસીય વ્રતનો પ્રારંભ થતો હોઈ અમાસની પૂર્વસંધ્યાએ પાટણની બજારમાં કીડિયારૂ ઉભરાયુ હોય તેમ દશામાની મૂર્તિઓ અને પૂજાપાઠની સામગ્રી લેવા વ્રતધારી બહેનો-મહિલાઓનો ઠેર ઠેર ઘસારો જોવા મળ્યો હતો.

પાટણની મુખ્ય બજારમાં ઠેર ઠેર લારીઓ તથા દુકાનોમાં રંગબેરંગી અને આકર્ષણ દશામાની મૂર્તિઓ નજરે પડતી હતી.તો બદલાતા પ્રવાહો મુજબ કેટલીક દુકાનો અને લારીઓમાં મૂતિના પણ સેલના પાટીયા લટકતા જોવા મળ્યા હતા.હરીફાઈના આ યુગમાં દશામાની મૂર્તિની ખરીદી ઉપર અબીલ, ગુલાલ, કંકુ, સોપારી, ખારેક, પુજાના અને શણગારની કેટલીક ચીજ-વસ્તુઓ ફ્રીમાં આપવાની આકર્ષણ ઓફરોના પાટીયા પણ લટકતા જોવા મળ્યા હતા. દેવીપૂજક સમાજનો દિવાસાનો પર્વ અને દશામાની મૂર્તિઓની ખરીદીને લઈ શહેરના મુખ્ય માર્ગો ઉપર રાહદાહીઓ તથા ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા લોકોની ભીડ જામી હતી.દોશીવડ, હિંગળાચાચરથી બગવાડા દરવાજા અને શહેરના ગૌરવપથ ઉપર લારીઓમાં તેમજ હીંગળાજચાચર ચોકમાં ઓતિયા પરિવારની દુકાનોમાં નાની-મોટી સાઈઝની ઉંટ સવારી કરતા દશામાની મૂર્તિઓ રૂા.૫૦ માંડી બે હજાર સુધીની કિંમતની વેચાઈ હતી.

## પાટણઃ બોરસણ પાસે નાયતાનો યુવક ટ્રેન નીચે કપાઈ જતાં અરેરાટી

પાટણ

સરસ્વતી તાલુકાના મોટા નાયતા ગામના ગુમ થયેલ યુવકની બોરસણ પસે રેલવે ટ્રેક પરથી કપાયેલી હાલતમાં લાશ મળી આવતાં સનસનાટી મચી જવા પામી હતી. યુવકના મૃત્યુથી પરીવારજનો આઘાતમાં સરી પડ્યા હતા.ફાટક નજીક પડેલા બાઈક અને આધારકાર્ડના આધારે ઓળખ થઈ મોટાનાયતા ગામના વદનજી જકશીજી ઠાકોરનો દીકરો અભેસિંગ ઠાકોર ટ્રબો ટ્રકના ડ્રાયવીંગ કરતા હતા. તેઓ શુક્રવારે સાંજે ઘરેથી હું આવું છું તેમ કહીને બાઈક લઈને નીકળ્યા હતા મોડે સુધી પરત ન આવતાં પરીવારજનોએ ફોનથી સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો પણ તે સ્વીચ ઓફ આવતો હતો. રાત્રે શોધખોળ કરવા છતા ભાળ મળી નહોતી. શનીવારે સવારે બોરસણ ગામની સીમમાં રેલવે ટ્રેક પર કપાયેલી હાલતમાં લાશ પડી હોવાની રેલવેના કર્મચારીએ રેલવે પોલીસને જાણ કરતા પોલીસે આ બાબતે પાટણ તાલુકા પોલીસને ખબર આપી હતી. જેને પગલે એએસઆઈ અહેમદભાઈ તાત્કાલીક પહોંચી ગયા હતા.

યુવક ટ્રેન સાથે લાંબા અંતર સુધી ઢસડાયેલ હોવાથી તેની લાશ છુ દાઈ ગયેલ હતી પણ પોલીસે તપાસ કરતાં બોરસણથી ગજા તરફ થતા રોડ પરના ફાટક પાસેથી બાઈક મળી આવ્યુ હતું તેમજ આધારકાર્ડ અને ડ્રાયવીંગ લાયસન્સ પણ મળી આવતા તેના આધારે આ યુવકના પરીવાજનોને જાણ કરાઈ હતી. બાદમાં મૃતક યુવકનુ ધારપુર સીવીલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાયું હતું જે ઘટના અંગે પાટણ તાલુકા પોલીસ મથકે અકસ્માત મોતની નોંધ કરાઈ હતી.

## "અમૂલ"ની સંલગ્ન સંસ્થા "સાબર ડેરી" હિંમતનગર સાથે રૂા. ૬ કરોડના એમ.ઓ.યુ કરાર



સતીષ ભટ્ટ

હિંમતનગર

સાબરડેરી ખાતે સાબરડેરી અને ગુજરાત કો- ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી., આણંદના ચેરમેન જેઠાભાઈ પી. પટેલ, નિયામક મંડળના સભ્યો તથા મેનેજીંગ ડિરેક્ટર ડૉ.બી.એમ.પટેલ અને પતાંજલિ, હરિદ્વારના ડેરી- સાઈલેજ ડિવીઝનના જનરલ મેનેજર યશપાલ આર્યની ઉપસ્થિતિમાં દૂધના વ્યવસાયમાં ભવિષ્યમાં પશુઓના આહારની દિશામાં ક્રાંતિકારી પગલાં તરીકે કોમ્પેક્ટ ટેકનોલોજીથી સાઈલેજ બનાવવાની પ્રક્રિયાનો શુભારંભ સમગ્ર દેશ અને રાજ્યમાં પ્રથમ એવા સહકારી માળખા 'અમૂલ' ની સંલગ્ન સંસ્થા "સાબરડેરી", હિંમતનગર વચ્ચે રૂા. ૬ કરોડના એમ.ઓ.યુ.(સમજૂતિ કરાર) કરવામાં આવ્યા.

આ પ્રસંગે ચેરમેન જેઠાભાઈ પી. પટેલે જણાવ્યું કે સમગ્ર ભારતમાં સહકારી ધોરણે પ્રથમ પ્રયાસ થઈ રહ્યો છે. આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના ખેડૂતોને પોષણક્ષમ ભાવે મકાઈ ઘાસચારો ઉગાવડાવી તેની કાપણી તથા ચાફીંગ કરી ૮૦ થી ૧૦૦ કિલોની સાઈઝની કોમ્પેક્ટ બેલીંગ મશીનમાં તેની ગોસડી બનાવડાવી જિલ્લાના દૂધ ઉત્પાદકોને નહી નફો નહી નુકશાનના ધોરણે પુરુ પાડવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. તૈયાર થયેલ આ સાઈલેજ મકાઈનો ઘાસચારો ડોડા સહિત હોવાથી વિપુલ માત્રામાં પ્રોટીન મળશે. ફર્મેન્ટેશન થવાથી પશુઓને ભાવે તેવો સુગંદયુક્ત અને પોષણયુક્ત અને સુપાચ્ય ઘાસચારો તૈયાર થશે. જેથી દાણની માત્રા પણ ઘટાડી શકાશે. હાલમાં ૧૦,૦૦૦ મે.ટન જેટલો સાઈલેજ બનાવવાનો કોન્ટ્રાક્ટ પતાંજલિ હરિદ્વાર સાથે આપણે કરેલ છે. પતાંજલિ હરિદ્વાર બાબા રામદેવ પ્રેરિત આ પ્રયાસને તેમના તરફથી મળેલ સહયોગ બદલ આભારી છીએ. ભવિષ્યમાં આપણા દૂધ ઉત્પાદકો માટે આપણે મોટાપાયે આયોજન કરી તમામને સાઈલેજ મળી રહે તેવા પ્રયાસો કરીશું.

આ તબક્કે સાબરડેરીના મેનેજીંગ ડિરેક્ટર ડૉ.બી.એમ. પટેલે જણાવ્યું કે સાઈલેજ લીલા ઘાસચારાનું અથાણુ ગણાય છે. ખેડુતોને જે રોજેરોજ લીલા ઘાસચારાને ખેતરમાં લેવા જવુ અને ચાફીંગ કરીને ખવડાવવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

સાબરડેરી સાઈલેજ બનાવવાની ડેમોસ્ટ્રેશન તેમજ પ્રગતિશીલ દૂધ ઉત્પાદકો દ્વારા તેની સ્વીકૃતિ મળતાં સાઈલેજ પશુઓના આહારમાં ખવડાવવાથી મોટું પરિવર્તન આવશે. જેથી ઉથલા મારતા પશુઓ તેમજ પાડી વાછરડી ઉછેર તેમજ દૂધ ઉત્પાદનમાં વૃધ્ધિ થતાં જિલ્લાના ખેડૂતો અને દૂધ ઉત્પદકોને ભવિષ્યમાં આર્થિક રીતે ફાયદો થશે અને વધુને વધુ દૂધ ઉત્પાદન વધશે. આપણો પ્રયાસ લાંબાગાળે જમીન વગરના, નાના, સિમાંત ખેડૂતો, વિધવા ત્યકતા બહેનો કે જેમને મુખ્ય આજીવિકાનું સાધન દૂધનો વ્યવસાય છે. તેમના માટે આશિર્વાદરૂપ નીવડશે અને આર્થિક રીતે મોટો ફાયદો થશે. આપણા આ પ્રયાસોથી આપણા દૂધ સંપાદન અભિયાનમાં સફળતા મળશે તેવી શ્રદ્ધા છે.

## વિદ્યુત બોર્ડના કર્મચારીઓએ ૭ મા પગાર પંચ મામલે આપેલું ૧૦ દિવસનું અલ્ટીમેટમ

ઊંઝા

વિદ્યુત બોર્ડના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા વારંવાર રજુઆત કરવા છતાં છેલ્લા કેટલાક મહિનાઓથી ઉકેલ નહિં આવતાં આગામી ૧૦ દિવસની મુદ્દત આપવામાં આવી છે. નહિં તો પાંચમી ઓગસ્ટથી હડતાલ પાડી અંધકારપટ કરવાની ચીમકી આપી વીજ કંપની સામે બાંયો ચડાવી છે.

આ સંદર્ભે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના સીનીયર સેક્રેટરી બળદેવભાઈ પટેલે જણાવેલ કે વીજકંપનીઓ, કામદારો તથા સહાયકોને સાતમા પગારપંચ તેમજ સ્ટાઈપેન્ડથી વંચિત રાખતા ભારે રોષ ફેલાયો છે. બારેમાસ રાત-દિવસ કામના કલાકો જોયા વિના અનેક વિપરિત પરિસ્થિતિઓમાં પણ કર્મચારીઓ કામ કરે છે.

હાલની ચોમાસાની સીઝનમાં પણ ચોથા વર્ગના ટેકનિકલ સ્ટાફ કામગીરી કરતાં વીજ અકસ્માતોનો ભોગ બનતાં દસ કામદારોના મોત નિપજ્યા છે. વિદ્યુત સહાયકો પણ ૧૫ કલાક ઉપરાંતની કામગીરી સામાન્ય વેતનથી કરી રહ્યા છે.

રાજ્ય સરકારે તેના તમામ ક્ષેત્રના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપેલ છે. ત્યારે માત્ર વીજકંપનીના કામદારોને શા માટે બાકાત રખાયા હશે?

## સિધ્ધપુર તાલુકા લઘુમતિ મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ

પાટણ

જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ તથા ઝોન પ્રભારી ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા લઘુમતિ મોરચાના પ્રમુખ ઈસુભા મલેક તથા સિધ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ કેશરભાઈ ચૌધરીની અનુમતીથી સિધ્ધપુર તાલુકા લઘુમતિ મોરચા પ્રમુખ વલીભાઈ સુણસરા દ્વારા તાલુકા લઘુમતિ મોરચાના પદાધિકારીઓની ગતરોજ નિયુક્તિ કરવામાં આવેલ છે. એમ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ અખબારી યાદીમાં જણાવેલ.

ઉપપ્રમુખઃ- સુણસરા ઈદ્રીશભાઈ અબ્દુલભાઈ (કાકોશી), નાંદોલીયા અબ્દુલભાઈ નુરમહંમદભાઈ (રસુલપુર), મંત્રીઃ- દિવાન મહંમદશા મીરુશા (કાકોશી), માંકણોજીયા સમી ઉલ્લાહ મહેબુબભાઈ (વાઘણા), સુણસરા કાસમભાઈ નુરમદભાઈ (સેવાલણી), બાલસાણીયા એઝાજ ભાઈ અલ્તાફભાઈ (સેદ્રાણા), કોષાધ્યક્ષઃ- સૈયદ મોહસીનઅલી અમીરદીન (ગણવાડા) ની નિયુક્તિ કરવામાં આવી છે.

## ઊંઝામાં તીનપત્તીનો જુગાર રમતાં ચાર ઝડપાયા

ઊંઝા

ઊંઝાના ગુરુમહારાજના મંદિર પાસે ચકલા તરફ જવાના ઢાળમાં તીનપત્તીનો જુગાર જાહેરમાં રમાતો હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે રેડ કરતાં ચાર જુગારીયાઓને ઝડપી રૂા. ૧૦,૨૩૦ ની રોકડ રકમ જપ્ત કરી હતી. ઊંઝામાં આજકાલ તીનપત્તીના જુગારની બદી વધુ પ્રમાણમાં વધી છે. ત્યારે પોલીસે બાતમીના આધારે રેડ કરતાં પટેલ કન્તીલાલ નારણદાસ, રાવળ મહેન્દ્ર છગનલાલ, પટેલ ઈશ્વર બાબુલાલ સહિત ચાર જેટલા ઈસમો સામે કાર્યવાહી કરી પોલીસે સ્થળ પરથી રૂા. ૧૦,૦૦૦ ઉપરાંતની રકમ જપ્ત કરી હતી.

## મહેસાણામાં ઈકોગાડીની ટક્કરે એક્ટીવા સવાર આધેડનું મોત

મહેસાણા

મહેસાણામાં એસ.કે. મોટર્સ ગેરેજની સામે આવેલી નિલમપાર્ક સોસાયટી તરફ જવાના માર્ગે શુક્રવારે ઈકો ગાડીના ચાલકે એકટીવાને ટક્કર મારી સર્જેલા અકસ્માતમાં આધેડનું મોત નીપજ્યું હતું. જયારે એક વ્યક્તિને ઈજા થઈ હતી. ચાણસ્મા તાલુકાના ખારાધરવા ગામના બાબુભાઈ મફતલાલ પટેલ શુક્રવારે સવારે ૧૦-૩૦ વાગે તેમનું એક્ટીવા (જીજે ૨૪ઓ ૮૨૧૯) લઈ પરિચિત સાથે બહાર જઈ રહ્યા હતા. ત્યારે એસ.કે. મોટર્સ ગેરેજની સામે અને નિલમપાર્ક સોસાયટીમાં જવાના માર્ગ પર પાછળથી પૂરઝડપે નીકળેલી ઈકોગાડીના ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાબુભાઈ પટેલ અને પાછળ બેઠેલા આધેડને ગંભીર ઈજા થતાં સારવાર માટે લઈ જવાયા હતા. જયાં આધેડનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈકો ગાડીના ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

# çkLkkMkfktXk{kt Mkíkík çku rËðM

rsÕ÷k{kt ¼khu ðhMkkËÚke LkËe Lkk¤k íkk¤kð A÷fkÞk : yLkuf økk{Lkk ¾uíkhku çkux{kt VuhðkÞk

¼hík MkwtËuþk

LkhrMktn ËuMkkE

¼hík MkwtËuþk

ðhMkkËLkk yktfzk

ík÷wfkLkwt Lkk{ økEfk÷Lkku ðhMkkË ðhMkkË (hkºku 8.00 ðkøÞk ,wÄe)

| | | |
|---|---|---|
| y{eh„Z | 136 | Ã66 |
| ¼k¼h | 30 | 46h |
| ËktŒk | 34 | 487 |
| ËktŒeðkzk | 97 | 6Ãk1 |
| Äk™uhk | 110 | 43h |
| rËÞkuËh | 67 | Ãk61 |
| ze,k | Äkh | Ãk14 |
| fktfhus | 49 | 3Ãk9 |
| …k÷™…wh | 81 | Ãk7Ãk |
| ÚkhkË | 80 | 391 |
| ðkð | 37 | 199 |
| ðz„k{ | 116 | 61h |
| ÷k¾ýe | 8Ãk | 439 |
| ,qR„k{ | h6 | 31Ãk |

## ƒ™k,fktXk™kt „k{ku™u fhkÞk

rsÕ÷k{kt ¼khu ðh,kË™k fkhýu ™e[ký ðk¤k „k{ku™u yu÷xo fhkÞk nŒk. su{kt ze,k, ÷k¾ýe, Äk™uhk, rËÞkuËh, ÚkhkË Œk÷wfk™k „k{zkyku™u yu÷xo fhkÞk nŒk.

ƒ™k,fktXk{kt …zu÷ yrŒ¼khu ðh,kË™k fkhýu y™uf ¾uŒhku ƒux{kt VuhðkÞk Au.

# çkLkkMkLkËe{kt ½kuzkÃkwh ykðíkk 10 „k{ku yu÷xo

y{eh„Z Œk÷wfk™k ™Ëe fktXk rðMŒkh™k 15 „k{ku yu÷xo

¼hík MkwtËuþk

zeMkk

# ¼khu ðhMkkËLku ÷E çkLkkMkLkËe yLku ík÷wfk fûkkLkwt ðneðx

¼khu ðhMkkËLke ykøkkneLku ÷E yuLkzeyhyuV xe{ yLku 1Ãk0



(MktsÞ ðu»ke)

…k÷™…wh{kt ssorhŒ {fk™ku ,k{u „k{ ÷kufkuyu ykþhku …k{ðku …zâku

ykt¾ {et[k{ýk ðå[u {fk™ Ähk,kE fkhýu y™uf ,ku,kÞxeyku ,k{u sku¾{



(MktsÞ ðu»ke)



(MktsÞ ðu»ke)



yuLk.fu.{kuËe



¼hŒ ,wtËuþk

# {kWLx ykçkw{kt ¼khu ðhMkkË

ðzøkk{ íkk÷wfk{kt Ëh{kuhk íkk÷wfk{kt [kh #[ ðhMkkË

MkeLkLkku fw÷ 413 {e{e ðhMkkË

WÄkhðkMk{kt ¼khu ðhMkkË Aíkkt

zu{Lke MkÃkkxe 191.8h {exh Ãknkt









yuLk.fu.{kuËe

Mkwhuþ yøkúðk÷

hksMÚkkLkLkk ykçkwhkuz {kWLx ykçkw yLku rþhkune ÃktÚkf{kt ¼khu ðhMkkË ¾kçkkÞku Au. ¼khu ðhMkkËÚke {kWLxLkwt LkÏ¾e ÷uf yku÷hV÷ku ÚkÞwt Au. {kWLxykçkw{kt 141 {e{e, ykçkwhkuz 93 {e{e, Ãkªzðkzk 68 {e{e ðhMkkË ÚkÞku Au.